પાના ૮ , કિંમત રૂ.૨, તા. ૧૪-૧૧-૨૦૨૬-શનિવાર, સુરત

HAPPY NEW YEAR 2027

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૮૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

અમેરિકામાં ચાર કલાક હવાઈ સેવા ઠપ્પ

કમ્યુનિકેશન સિસ્ટમ ફેલ થઈ જતા ૮૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ, ૧૫ લાખ મુસાફરો અટવાયા

નવી દિલ્હી, તા. ૧૪

અમેરિકામાં એર ટ્રાફિક કંટ્રોલની કમ્યુનિકેશન સિસ્ટમમાં ખામીના કારણે શુક્રવારે ૪ કલાકથી વધુ સમય સુધી વિમાનોની ઉડાનો રોકવી પડી હતી.

ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA)એ સુરક્ષાના કારણોસર દેશભરના એરપોર્ટ પર ફ્લાઈટ્સ રોકવાનો આદેશ આપ્યો હતો.

આ દરમિયાન ૮,૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી અને લગભગ ૧૫ લાખ મુસાફરો પ્રભાવિત થયા. શુક્રવારની રાત્રે ઉડાનો પરનો પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યો, પરંતુ શનિવારે પણ મોટી સંખ્યામાં ફ્લાઈટ્સ રદ કરવી પડી.

૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના આતંકવાદી હુમલા (૯/૧૧) બાદ આ બીજીવાર છે, જ્યારે અમેરિકામાં દેશભરની ઉડાનો રોકવામાં આવી છે. આ પહેલાં જાન્યુઆરી ૨૦૨૩માં FAAની મુખ્ય કમ્પ્યુટર સિસ્ટમમાં ખામીના કારણે આવું થયું હતું.

અમેરિકામાં લગભગ ૪ કલાક બાદ ફ્લાઈટ્સ પર લગાવવામાં આવેલો પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો છે. ત્યારબાદ કેટલીક એરલાઈન્સે પોતાની સેવાઓ ફરી શરૂ કરી દીધી છે, જ્યારે કેટલીકએ કહ્યું છે કે ફ્લાઈટ્સમાં વિલંબ અને રદ થવાની અસર શનિવાર સુધી રહી શકે છે.ડેલ્ટા એરલાઈન્સ:



કંપનીએ પોતાની તમામ નિર્ધારિત ફ્લાઈટ્સ ફરી શરૂ કરી દીધી છે. મુસાફરોને ફ્લાઈટની લેટેસ્ટ માહિતી માટે એપ અથવા વેબસાઈટ જોવાની સલાહ આપવામાં આવી છે.યુનાઈટેડ એરલાઈન્સ: કંપનીએ શુક્રવાર રાતની કેટલીક ફ્લાઈટ્સ સહિત સેવાઓ પુન:સ્થાપિત કરવાનું શરૂ કરી દીધું છે. જોકે, શનિવારે પણ ફ્લાઈટ્સમાં વિલંબ થવાની આશંકા છે. જે મુસાફરોને ટ્રાવેલ છૂટ મળી છે, તેઓ પોતાની મુસાફરીની તારીખ બદલી શકે છે.ફ્રન્ટિયર એરલાઈન્સ: કંપનીએ કહ્યું છે કે તે ફ્લાઈટ્સને સામાન્ય સ્થિતિમાં લાવવા માટે કામ કરી રહી છે. મુસાફરોને ઈમેઈલ અને ફ્લાઈટ સ્ટેટસ ચેક કરવાની સલાહ આપવામાં આવી છે.જેટબ્લૂ એરવેઝ: કંપનીએ શુક્રવારની બાકીની તમામ ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. તેનું કહેવું છે કે શનિવારે પણ ફ્લાઈટ્સ પર અસર પડી શકે છે.

હકીકતમાં, પાઈલટની બોસ્ટનથી ન્યૂયોર્ક આવતી ફ્લાઈટ ઉડાન ભરી શકી નહીં, તેથી તે રસ્તા દ્વારા કારમાં એરપોર્ટ પહોંચવા નીકળ્યો. લાઉડસ્પીકર દ્વારા મુસાફરોને તેના પહોંચવાનો સમય જણાવવામાં આવી રહ્યો હતો.અમેરિકાના પરિવહન મંત્રી સીન ડફીએ એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમને અપગ્રેડ કરવા માટે ૫૦ અબજ ડૉલરની માગ કરી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ માટે કોંગ્રેસ પાસેથી ૩૦ અબજ ડૉલર માંગ્યા

અનુસંધાન પાના ૭ પર

કોવિડનો નવો વેરીએન્ટ એશિયામાં દેખાતા આરોગ્ય તંત્રનું એલર્ટ જાહેર

નવો વેરીએન્ટ પશ્ચિમના દેશોની સરહદ વટાવી સિંગાપોર પોહંચી ગયો

નવી દિલ્હી, તા. ૧૪

કોવિડ-૧૯ મહામારીનું સંકટ ભલે ભૂતકાળ બની ગયુ, પરંતુ દર વર્ષે શિયાળામાં માથુ ઉચકે છે. કોરોનાનો વાયરસ સમયાંતરે પોતાનું સ્વરૂપ બદલીને ફરી ઉથલો મારે છે અને વ્યવસ્થાતંત્રને મુશ્કેલીમાં મૂકી દે છે.

તાજેતરમાં કોવિડ-૧૯નો એક નવો અને વધુ ખતરનાક વેરિઅન્ટ PJ.૨.૧નું સંક્રમણ વધ્યું તે માત્ર પશ્ચિમી દેશોમાં, પરંતુ હવે એશિયાના દેશોમાં પણ દસ્તક દીધી છે. નવા વાયરસની ઝડપ અને તેની સંક્રમણ ક્ષમતાને કારણે સ્વાસ્થ્ય નિષ્ણાતોની ચિંતામાં વધારો થયો છે.વૈજ્ઞાનિક અહેવાલ અનુસાર આ નવો વેરિઅન્ટ સૌપ્રથમ ગત ૨ મે, ૨૦૨૬ના રોજ કેનેડાના ઓન્ટારિયો પ્રાંતમાં જોવા મળ્યો હતો. ટૂંક સમયમાં જ આ વાયરસ કેનેડાની સરહદો વટાવીને અમેરિકામાં પ્રવેશી ગયો. ૩૦ જૂનના રોજ ન્યૂયોર્ક શહેરના એક દર્દીમાં આ વાઇરસની પુષ્ટિ થઈ હતી. ત્યાર બાદ કેલિફોર્નિયા, એરિઝોના, ફ્લોરિડા અને કોલોરાડો સહિત યુએસના અનેક હિસ્સાઓમાં તે ઝડપથી ફેલાયો. કેનેડા અને અમેરિકા બાદ હવે આ વાયરસ સિંગાપોર જેવા એશિયાઈ દેશોની સાથે-સાથે ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ઈઝરાયલ, ફ્રાન્સ અને સ્પેન સુધી પહોંચી ગયો છે.

વૈજ્ઞાનિકો આ નવા પ્રકારને 'સોલ્ટેશન' વેરિઅન્ટ માને છે. સામાન્ય રીતે વાયરસ લાંબા સમય સુધી ચેપગ્રસ્ત શરીરમાં રહે ત્યારે આવા મોટા અને જટિલ ફેરફારો (મ્યુટેશન) થતા હોય છે.

આ પ્રકારના ફેરફારો વાયરસને વધુ મજબૂત બનાવે છે જેથી તે શરીરની રોગપ્રતિકારક શક્તિ સામે લાંબો સમય ટકી શકે. કેટલાક જૂના વેરિઅન્ટ્સ (જેમ કે BA.૩.૨.૨ અથવા XFG.૧.૧)ની સરખામણીમાં

અનુસંધાન પાના ૭ પર

મિસિસિપી નદીમાં ક્રૂઝ સાથે ટેન્કર અથડાયું

ડૂબતા ક્રૂઝમાંથી ૧૨૯ મુસાફરોને બચાવી લેવાયા

નવી દિલ્હી, તા. ૧૪

અમેરિકાના ન્યૂ ઓર્લિયન્સ શહેરમાં શુક્રવારે એક ટેન્કરે ૧૨૯ મુસાફરોને લઈ જઈ રહેલી રિવર ક્રૂઝને ટક્કર મારી, જેના કારણે તે ડૂબી ગઈ. મિસિસિપી નદીમાં બનેલી આ ઘટનાના કેટલાક વીડિયો પણ સામે આવ્યા છે.

આ અકસ્માત અમેરિકાના લુઇઝિયાના રાજ્યના ન્યૂ ઓર્લિયન્સ શહેરમાં થયો. મિસિસિપી નદી અહીંનો સૌથી મોટો અને વ્યસ્ત માર્ગ છે, જ્યાંથી દરરોજ મોટા-મોટા ટેન્કર અને ક્રૂઝ પસાર થાય છે.

એક વીડિયોમાં ટેન્કર ક્રૂઝ સાથે અથડાતું જોવા મળી રહ્યું છે. બીજા વીડિયોમાં ક્રૂઝ ડૂબી રહી છે અને તેમાં સવાર મુસાફરો રેલિંગ પકડીને ચીસો પાડતા જોવા મળે છે. અન્ય એક વીડિયોમાં ક્રૂઝ ડૂબ્યા બાદ લોકોનું બચાવકાર્ય થતું જોવા મળે છે.

અહેવાલો અનુસાર ક્રૂઝનું નામ અમેરિકન હેરિટેજ છે. આ અમેરિકન ક્રૂઝ લાઈન્સની પેડલવ્હીલવાળી નાવ છે. ક્રૂઝ કિનારે હતું, ત્યારે સામે તરફથી આવી રહેલા એટલાન્ટિક એસ્ફાલ્ટ ટેન્કરે તેને ટક્કર મારી.

અનુસંધાન પાના ૭ પર

શિમલામાં સાંસદ કંગના રનૌત વિરુદ્ધ એફઆઈઆર દાખલ

ગાંધી પરિવાર પર અભદ્ર ટિપ્પણી કરવા બદલ ગુનો નોંધાયો

નવી દિલ્હી, તા. ૧૪

હિમાચલ પ્રદેશ પોલીસે ગાંધી પરિવાર અંગે સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી પોસ્ટને લઈને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નાં સાંસદ કંગના રનૌત વિરુદ્ધ શુક્રવારે FIR નોંધાવી છે. આ પોસ્ટમાં પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી અને તેમના પુત્રો સંજય ગાંધી તથા રાજીવ ગાંધીનાં મૃત્યુને લઈને અત્યંત ઉશ્કેરણીજનક વાતો કરવામાં આવી હતી.

શિમલાના પોલીસ અધિક્ષક ગૌરવ સિંહે જણાવ્યું કે શિમલાના રહેવાસી કેપ્ટન અતુલ શર્માની ફરિયાદના આધારે કેસ નોંધવામાં આવ્યો છે અને તેની તપાસ કરવામાં આવશે. આ કેસ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૯૬ (વિવિધ જૂથો વચ્ચે શત્રુતા વધારવી), કલમ ૩૫૩ અને કલમ ૩૫૬ (માનહાનિ) હેઠળ નોંધવામાં આવ્યો છે.અતુલ શર્માએ આરોપ લગાવ્યો કે કંગના રનૌતે ૧૦ નવેમ્બરે પોતાના વેરિફાઇડ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી કરવામાં આવેલી પોસ્ટમાં ઇન્દિરા ગાંધી, સંજય ગાંધી અને રાજીવ ગાંધીનાં મૃત્યુને લઈને અત્યંત ઉશ્કેરણીજનક વાતો કહી હતી.

તેમણે પોલીસ મહાનિર્દેશકને ઈમેઇલ દ્વારા મોકલેલી ફરિયાદમાં કંગના રનૌત વિરુદ્ધ તાત્કાલિક FIR નોંધવાની અને નિર્ધારિત સમયમર્યાદામાં સાયબર ફોરેન્સિક તપાસ કરાવવાની માંગ કરી હતી.અતુલ શર્માએ આ ફરિયાદ ગુરુવારે રાત્રે ૭ વાગીને ૫૧ મિનિટે મોકલી હતી. શર્માના જણાવ્યા અનુસાર, આ પોસ્ટમાં કોંગ્રેસનાં નેતા સોનિયા ગાંધીને એક રહસ્યમય વિદેશી નાગરિક તરીકે દર્શાવવામાં આવ્યાં હતાં.તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેઓ વિદેશના એક કેફેમાં હાજર

અનુસંધાન પાના ૭ પર

જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષા પૂર્વે આતંકીઓ ઘૂસણખોરી કરવા તૈયાર

પાકિસ્તાને પીઓકેમાં ૮૦ આતંકવાદી લોન્ચપેડ બનાવ્યા

નવી દિલ્હી, તા. ૧૪

પાકિસ્તાન શિયાળામાં બરફવર્ષા શરૂ થાય તે પહેલાં જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓની ઘૂસણખોરી કરાવવાની તૈયારી કરી રહ્યું છે. આ માટે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં (PoK) આશરે ૮૦ લૉન્ચપેડ બનાવવામાં આવ્યા છે.

આમાંથી ૬૦થી વધુ જમ્મુ ક્ષેત્રમાં નિયંત્રણ રેખા (LoC)ની સામે આવેલા છે. આ ઠેકાણાઓ પર થર્મલ સેન્સર અને એન્ટી-ડ્રોન સિસ્ટમ લગાવવામાં આવી છે.

પાકિસ્તાની સેનાપ્રમુખ આસિમ મુનીરના કહેવા પર ગુપ્તચર એજન્સી ISI તેનું સંચાલન કરી રહી છે. અહીં લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદના ૪થી ૫ આતંકવાદીઓને રાખવામાં આવ્યા છે. તેઓ ભારતીય સીમામાં ઘૂસણખોરીની તક મળવાની રાહ જોઈ રહ્યા છે.

ઑપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સેનાની કાર્યવાહી બાદ પાકિસ્તાનના અનેક મોટા આતંકવાદી ઠેકાણાઓ નષ્ટ થઈ ગયા હતા. ત્યાર બાદ પાકિસ્તાને પોતાની વ્યૂહરચના બદલી નાખી. હવે મોટા ઠેકાણાઓને બદલે નાના-નાના લૉન્ચપેડ બનાવવામાં આવી રહ્યા છે.દરેક લોન્ચપેડ પર આતંકવાદીઓની સંખ્યા ઓછી રાખવામાં આવી રહી છે. આથી જો ભારતીય સેના કોઈ એક ઠેકાણા પર કાર્યવાહી કરે, તો સમગ્ર આતંકવાદી નેટવર્કને એકસાથે નુકસાન નહીં પહોંચે. નાના ઠેકાણા હોવાથી તેમનો પત્તો લગાવવો પણ મુશ્કેલ બની શકે છે.

PoKમાં બનાવવામાં આવેલા લોન્ચપેડ પર થર્મલ સેન્સર અને એન્ટી-ડ્રોન સિસ્ટમ લગાવવામાં આવ્યા છે. થર્મલ સેન્સરની મદદથી અંધારામાં અને ખરાબ હવામાનમાં પણ લોકોની હાજરીનો પત્તો લગાવી શકાય છે.બીજી તરફ, એન્ટી-ડ્રોન સિસ્ટમનો ઉપયોગ દેખરેખ માટે આવતા ડ્રોનનો પત્તો લગાવવા અને તેમને રોકવા માટે કરવામાં આવે છે.આ ઉપકરણો દ્વારા આતંકવાદી ઠેકાણાઓની સુરક્ષા વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ખાસ કરીને શિયાળામાં હિમવર્ષા દરમિયાન ઘૂસણખોરીની યોજના ધ્યાનમાં રાખીને આ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

ISIએ લશ્કર-એ-તૈયબાના સરગના હાફિઝ સઈદ અને જૈશ-એ-મોહમ્મદના પ્રમુખ મસૂદ અઝહરને પણ સુરક્ષિત ઠેકાણાઓ પર મોકલી દીધા છે. છેલ્લા એક

અનુસંધાન પાના ૭ પર

નેતન્યાહુએ ટ્રમ્પને મનાવવા મોસાદ ચીફને અમેરિકા દોડાવ્યા

ટ્રમ્પ અને નેતન્યાહૂ વચ્ચે દર રોજ ટેલીફોન પર થતી વાત ચીત

નવી દિલ્હી, તા. ૧૪

ઈઝરાયલના કાર્યકારી પીએમ બેન્જામિન નેતન્યાહૂ ઈરાન પર ફરીથી હુમલો કરવા માટે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પને મનાવવાના પ્રયાસમાં લાગ્યા છે.એક્સિયોસ અને જેરુસલેમ પોસ્ટના અહેવાલ મુજબ, આ માટે તેમણે ઈઝરાયલની ગુપ્તચર એજન્સી મોસાદના ચીફ રોમન ગોફમેનને અમેરિકા મોકલ્યા છે. ગોફમેન શુક્રવારે વૉશિંગ્ટન પહોંચ્યા હતા.તેમની મુલાકાત અમેરિકાની ગુપ્તચર એજન્સી CIAના પ્રમુખ જોન રેટક્લિફ સાથે થવાની છે. ત્યાર બાદ તેઓ મિયામી જઈને ટ્રમ્પના વિશેષ દૂત સ્ટીવ વિટકોફને પણ મળશે.

ફાઇનાન્શિયલ ટાઇમ્સના અહેવાલ મુજબ, નેતન્યાહૂ છેલ્લા કેટલાક દિવસોથી ટ્રમ્પને દરરોજ ફોન કરી રહ્યા છે. બંને નેતાઓ વચ્ચે ૫ નવેમ્બરે પણ ઈરાન યુદ્ધને લઈને વાતચીત થઈ હતી. જોકે, ટ્રમ્પ હાલ નેતન્યાહૂની માગ સ્વીકારી રહ્યા નથી.

ટ્રમ્પ વહીવટીતંત્ર હાલ ઈરાન પર મોટા સૈન્ય હુમલાને બદલે

અનુસંધાન પાના ૭ પર





બિહાર વિકાસ મંડળ દ્વારા વીયર કમ કોઝવે પર છઠ પૂજાની ભવ્ય તૈયારીઓ



સુરત,તા.૧૪

પ્રકાશપર્વ દીપાવલીના છઠ્ઠા દિવસે ધામધૂમથી ઉજવા આવતો સૂર્ય ઉપાસના મહાપર્વનો પ્રારંભ ૧૩/૧૧/૦૨૬થી થયો છે. પૂર્વોત્તર રાજ્યના હિંદુઓનો આ એકમાત્ર તહેવાર છે, જેમાં પહેલા અસ્ત થતા સૂર્યની પૂજા કરવામાં આવે છે. ૧૫/૧૧/૨૬, રવિવાર સાંજે અસ્ત થતા સૂર્યને અર્ઘ્ય અર્પણ કરવામાં આવશે.વાહેલી સવારે સૂ?યોદય અર્ઘ્ય અર્પણ કરી વ્રત સમાપ્ત કરશે સુરત મહાનગરપાલિકા ના સહકાર થી બિહાર વિકાસ મંડળના દ્વારા છઠ પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. વિયર કમ કોઝવે તાપી નદી ઘાટ પર જગમાંગતી રોશની ,પાંડળ,ભવ્ય મંચ તથા સંગીત સંસ્કૃતિ કાર્યકમ સાથે છઠ પૂજા ઉજવવામાં આવે છે. મહાનગર માં આવી વસેલા બિહાર, ઝારખંડ, પૂર્વોત્તર ઉત્તરપ્રદેશના તહેવાર નિમિત્તે એક કરવા માટે સતત ૩૪ વર્ષ થી બિહાર વિકાસ મંડલના અધ્યક્ષ શ્રી પ્રભુનાથ પ્રસાદ યાદવ , બાંકે બિહારી સિંહ, ઉદય પ્રકાશ,દિનાનાથ ચૌરસિયા, શમશેર સિંહ,સૂર્યકાંત, ઓમપ્રકાશ, ચંદ્રકાંત, સાવન શર્મા, સંજય પટેલ,વગેરેના સહકાર થી તાપી નદીના કિનારે વ્યવસ્થા કરવામાંઆવ્યું છે: આ કાર્યક્રમ માં ૪૦ થી ૫૦ હજાર સંખ્યામાં લોકોભેગા થાય છે અને આ તહેવારમાં ઉત્તરોત્તર વધતા જાય છે આમ જોવા જઈએ તો સૂર્ય છઠ પૂજા આયોજન વિયર કમ કૉજવે પર ત્યાર થી થઈ રહયું છે જ્યારે કોઝવેનું બાંધકામ પૂરું પણ ન થયું હતું ૧૯૯૭ થી બિહાર વિકાસ મંડળ અને સુરત મનપા ના સહકાર થી છઠ પૂજાનુ આયોજન થઈ રહયુ છે.

આ તહેવાર માં કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા અમૂલ્ય સહકાર મળે છે જેથી આ તહેવાર ધૂમધામ થી ઉજવવામાં આવે છે છઠ પૂજાની પૂર્ણ તૈયારી તાપી નદી ના કિનારે મંડળ દ્વારા વનસ્પતિઓ, ઘાસ, બબુલ ની કટીગ કરી (સિરસોખાતા)જૂની ડેરીઓ રિનિવેશન તથા નવી માટી ના ડેરીઓ બનાવી રંગારંગ કરી રહ્યા છે ડેકોરેશન, લાઈટ, પીવાનું પાણીની વ્યવસ્થા વગેરે થયું ચૂક્યું છે દૂરદરાસ ભક્ત માટે પંડાલ ની વ્યવસ્થા કરવામાં આવી છે.

સુરત બી.એ.પી.એસ.સ્વામિનારાયણ મંદિર ખાતે ઉજવાયો ૧૩૦૦થી વધુ વાનગીઓનો ભવ્ય અન્નકુટોત્સવ

નૂતન વર્ષના મંગલ પ્રારંભે ૪૬,૦૦૦થી વધુ ભક્તોએ કર્યા અન્નકૂટોત્સવના દર્શન

સુરત, તા.૧૪

લોકજીવનની ધાર્મિક અને સાંસ્કૃતિક ભાવનાઓનું જીવંત દર્શન જો ક્યાંય થતું હોય તો તે ઉત્સવોમાં થાય છે.ઉત્સવો માત્ર આનંદ અને ઉમંગના પ્રસંગો નથી, પરંતુ ધર્મપરંપરાનું જતન કરવા, ભક્તિભાવનું પોષણ કરવા, સમાજને એકસૂત્રે બાંધવા અને સૌના અંતરમાં આનંદ-ઉલ્લાસ જગાવવા માટેનું એક માધ્યમ છે.કારતક સુદ પડવો એટલે નૂતન વર્ષનો પવિત્ર પ્રારંભ. ભારતીય ભક્તિપરંપરામાં આ દિવસનું વિશેષ મહત્ત્વ છે. નૂતન વર્ષના પ્રથમ દિવસે પોતાના ઈષ્ટદેવને વિવિધ મનભાવન વાનગીઓનો થાળ ધરાવીને ભક્તો ભગવાન પ્રત્યેની પોતાની ભક્તિ અને કૃતજ્ઞતાની અભિવ્યક્તિ કરે છે. ભગવાનને ધરાવેલો આ થાળ પ્રસાદીરૂપે ગ્રહણ કરીને ભક્તો ધન્યતા અને દિવ્ય આનંદની અનુભૂતિ કરે છે.પરમ પૂજ્ય



મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી અડાજણ સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે નૂતન વર્ષના પ્રથમ દિવસે૧૩૦૦થી વધુ વિવિધ વાનગીઓ નો ભવ્ય અન્નકૂટોત્સવ યોજાયો હતો.નૂતન વર્ષની વહેલી પ્રભાતે વૈદિક મહાપૂજા અને સ્નેહમિલનના કાર્યક્રમો સાથે નવા વર્ષની મંગલમય શરૂઆત કરવામાં આવી હતી.મંદિરમાં ઠાકોરજી સમક્ષ વિવિધ વાનગીઓથી અન્નકૂટની આકર્ષક અને મનોહર ગોઠવણી કરવામાં આવી હતી. અન્નકૂટની કલાત્મક ગોઠવણીમાં વિવિધ પ્રકારની મીઠાઈઓ, ફરસાણ, શાકભાજી, ફળો તથા અન્ય વાનગીઓનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો.વિશેષ વિગત આપતા પૂજ્ય મુનિવંદન સ્વામીએ જણાવ્યું હતું કે, સવારે ૧૦:૦૦ કલાકે સંતો તથા શહેરના અગ્રણીઓની ઉપસ્થિતિમાં અન્નકૂટોત્સવની આરતી ઉતારવામાં આવી હતી. સમગ્ર દિવસ દરમિયાન શહેર તથા આસપાસના વિસ્તારોમાંથી ૪૬,૦૦૦થી વધુ ભાવિકોએ અન્નકૂટના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સુવ્યવસ્થિત દર્શન વ્યવસ્થા, ભવ્ય અન્નકૂટની કલાત્મક ગોઠવણી અને સમગ્ર મંદિર પરિસરમાં જોવા મળતો ભક્તિભાવ સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. અન્નકૂટના દર્શન કરી ભાવિક ભક્તો અભિભૂત થઈ ધન્યતા અનુભવી વિદાય થતા હતા.

ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરતી સેશન્સ કોર્ટ

સુરત. તા.૧૩

વ્યારાની સેશન્સ કોર્ટેચેક રિટર્નના એક કેસમાં મહત્ત્વનો ચુકાદો આપતા ટ્રાયલ કોર્ટનો ફરિયાદીને આરોપી તરફથી ૨૦% વળતર ચૂકવવાનો હુકમ રદ કર્યો હતો.

તાપી જિલ્લાના વ્યારાના સારથી રેસીડેન્સીમાં રહેતા દેવાનંદ વસંત સાળગે સામે સોનગઢના મમતા ભીખુ ગામીતે વ્યારા ટ્રાયલ કોર્ટમાં ચેક રિટર્નનો કેસ કર્યો હતો. હાલ આ કેસ કોર્ટમાં રહ્યો છે. દરમિયાન મમતા ગામીતે ચેકની રકમના ૨૦ ટકા રકમ ચુકવવા બાબતે ટ્રાયલ કોર્ટમાં અરજી કરી હતી. જે અરજી ટ્રાયલ કોર્ટે મંજૂર કરી આરોપી દેવાનંદએ ફરિયાદી મમતા ગામીતને ચેક રકમની ૨૦% રકમ એટલે કે રૂ. ૧,૮૦,૦૦૦ પંદર દિવસમાં ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો. આ હુકમથી નારાજ થઈ આરોપી દેવાનંદે વકીલ રહીમ શેખ મારફતે સેશન્સ કોર્ટમાં રિવિઝન અરજી કરી હતી. આરોપીના વકીલ રહીમ શેખે દલીલ કરી હતી કે ટ્રાયલ કોર્ટનો હુકમ ભૂલ ભરેલો, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત વિરૂદ્ધનો છે આ હુકમ રદ કરવા રિવિઝન અરજી દાખલ કરી હતી. સેશન્સ કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળી હતી. સેશન્સ કોર્ટે ટ્રાયલ કોર્ટનો ૨૦% રકમ જમા કરાવવાનો હુકમ રદ કરી કેસની કાર્યવાહી કાયદા મુજબ ચલાવવા નિર્દેશ આપ્યો હતો.

રૂા.૪ લાખ પડાવવાના કેસમાં ત્રણ આરોપીના જામીન મંજૂર

સુરત.તા.૧૩

સરથાણામાં એક ઓફિસમાં રેડ પાડી ગાંધીનગર પોલીસ તરીકે ખોટી ઓળખ આપી વેપારીનું અપહરણ કરીને રૂ.૪ લાખ પડાવવાના કેસમાં ૩ આરોપીના જામીન સેશન્સ કોર્ટે મંજૂર કર્યા હતા.સરથાણા વિસ્તારમાં ધ ગેલેરીયા-૨ બિલ્ડિંગમાં આવેલી એક વેબ-ડેવલપમેન્ટ ઓફિસમાં ગાંધીનગર પોલીસના ખોટા નામે દરોડો પાડી મિહિત દેસાઈને ૩ તોડબાજોએ તમે અનલીગલથી ધંધો કરો છો તેમ કહી તેઓનું અપહરણ કરી રૂા. ૫૦ લાખની માગણી કરી ૪ લાખ પડાવી લીધા હતા. આ ગુનામાં સરથાણા પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. આ કેસમાં ત્રણેય આરોપીએ વકીલ નબીલ વાય. મોમિન મારફતે સુરત કોર્ટમાં જામીન અરજી કરી હતી. સુરત કોર્ટેઆ ત્રણેય આરોપીના જામીન સેશન્સ કોર્ટે મંજૂર કર્યા હતા.

જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી

જનજાતીય ગૌરવ દિવસ'ના ભાગરૂપે કામરેજ ખાતે યુવા સંમેલન યોજાયું

જનજાતીય ગૌરવ દિવસ માત્ર એક ઉજવણી નથી તે ભારતના ગૌરવ, જનજાતિ સ્વાભિમાન અને રાષ્ટ્રપ્રેમનું પ્રતિક છે: ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી

સુરત,તા.૧૪

આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસ, સંસ્કૃતિ, પરંપરા અને દેશની આઝાદીની લડતમાં આદિવાસી મહાનાયકોના અમૂલ્ય યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉમદા હેતુથી ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ અંતર્ગત' આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે ભરૂચના ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રીના અધ્યક્ષસ્થાને કામરેજની દલપતરામ હોલ ખાતે યુવા સંમેલન યોજાયું હતું.



આ અવસરે ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસામુંડાજીએ માત્ર અંગ્રેજ શાસન સામે જ લડત આપી નહોતી, પરંતુ પોતાના સમાજમાં આત્મસન્માન, સ્વાભિમાન, એકતા અને જાગૃતિનો દીપ પ્રગટાવ્યો હતો. ભગવાન બિરસા મુંડાજી, જેમને સમગ્ર જનજાતિ સમાજ પ્રેમથી ''ધરતી આબા'' તરીકે ઓળખે છે.

તેમણે કહ્યું કે, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનો ઈતિહાસ માત્ર દિલ્હી, મુંબઈ કે કોલકાતાની ગલીઓમાં જ નથી લખાયો તે જંગલોમાં, પર્વતોમાં અને જનજાતિ વિસ્તારોમાં પણ લખાયો છે. આ ઈતિહાસના સૌથી તેજસ્વી નક્ષત્રોમાં ભગવાન બિરસા મુંડાનું સ્થાન અગ્રગણ્ય છે. તેથી જ યશસ્વી વડાપ્રધાનશ્રી નરેંદ્રભાઈ મોદી સાહેબે વર્ષ ૨૦૨૧થી તેમના જન્મદિવસ ૧૫ નવેમ્બરને સમગ્ર દેશમાં "જનજાતીય ગૌરવ દિવસ" તરીકે ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો. તેમણે કહ્યું કે, જનજાતીય ગૌરવ દિવસ માત્ર એક ઉજવણી નથી તે ભારતના ગૌરવ, જનજાતિ સ્વાભિમાન અને રાષ્ટ્રપ્રેમનું પ્રતિક છે.

આ અવસરે શિક્ષકશ્રી યોગેશભાઈ ગામીતે આદિવાસી સમાજના ભગવાન બિરસા મુંડાજીનો આઝાદીમાં આપેલા યોગદાન તથા આદિવાસી જનનાયકોના યોગદાનની વિગતો આપી હતી. તેમણે જણાવ્યું કે, મહારાણા પ્રતાપને જ્યારે જરૂરી પડી ત્યારે પૂજા ભીલે તેમને સાથ આપ્યો હતો. આજે પણ રાણા પ્રતાપના રાજચિહ્નમાં એક બાજુ રાણા પ્રતાપ અને સામે પૂજા ભીલનું ચિત્ર છે, જે ઈતિહાસમાં અનોખો દરજ્જો ધરાવે છે. આદિવાસી સમાજ એ ખૂબ જ ભોળો, સર્વસ્વ આપી દેનારો અને પ્રકૃતિ સાથે જોડાયેલો મહાન સમાજ છે. આદિવાસી સમાજની રીત-રિવાજો, સંસ્કૃતિ અને પરંપરા અદ્ભુત છે. આ સમાજે હંમેશાં દેશ અને રાષ્ટ્રના સ્વાભિમાન માટે અદભુત યોગદાન આપ્યું છે, જેને નકારી શકાય નહીં. ઈતિહાસના આ સાચા પાસાઓને ઉજાગર કરવા અને નવી પેઢી સુધી તેની સાચી માહિતી પહોંચાડવી એ આપણી સૌની જવાબદારી છે.

ધારાસભ્ય કુંવરજી હળપતિના અધ્યક્ષ સ્થાને માંડવી ખાતે જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી અંતર્ગત 'યુવા સંમેલન' યોજાયું



સુરત,તા.૧૪

સુરત જિલ્લાના માંડવી તાલુકાના ઓડિટોરિયમ હોલ ખાતે જનજાતીય ગૌરવ દિવસની સામાહિક ઉજવણીના ભાગરૂપે ધારાસભ્યશ્રી કુંવરજી હળપતિના અધ્યક્ષ સ્થાને 'યુવા સંમેલન' યોજાયું હતું. ભગવાન બિરસા મુંડાની પારંપરિક પૂજા અર્ચના સાથે શરૂ કરાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુવાઓને સમાજ અને દેશના કલ્યાણ માટે જાગૃત કરવાનો હતો.

આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ દેશની આઝાદીમાં મહત્વનો ફાળો આપનાર યુવા ક્રાંતિકારી આદિજાતિ ભગવાન બિરસા મુંડાના બલિદાન વિશે યુવા વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા. માત્ર ૨૫ વર્ષની વયે માતૃભૂમિના રક્ષણ માટે ભગવાન બિરસા મુંડા અને તેમના જેવા અનેક આદિજાતિ શુરવીરોએ શહીદી વ્હોરી હોવાનું જણાવ્યું હતું. તેમણે શ્રી ગોવિંદ ગુરુ, રૂપસિંહ નાયક અને સ્વામી વિવેકાનંદ જેવા મહાનાયકોના યોગદાનને યાદ કરી યુવાઓને તેમનામાંથી પ્રેરણા લઈ શિક્ષણ મેળવવા, ધ્યેય અને સંઘર્ષ સાથે આગળ વધવા પ્રોત્સાહન આપ્યું હતું.

ધારાસભ્યશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ રાજ્યભરમાં જનજાતિય ગૌરવ દિવસની ઉજવણીની શરૂઆત કરીને ભગવાન બિરસા મુંડાના યોગદાનને સાચી શ્રધાંજલિ આપી છે. સાથે જ સરકાર દ્વારા આદિજાતિ સમાજના ઉત્થાન માટે શરૂ કરાયેલી વન બંધુ કલ્યાણ સહિતની અનેક યોજનાઓ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા ધો.૧૨ પછીના અભ્યાસ માટે તેમજ ડૉક્ટર, ઈજનેર કે પાયલોટ બનવા માટે સરકાર દ્વારા લાખો રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે, જેનો લાભ લઈને અનેક યુવાનો આજે વિવિધ ક્ષેત્રોમાં ઝળહળતી કારકિર્દી બનાવી શક્યા છે.

મહુવા ખાતે યુવા સંમેલન યોજાયું

યુવાનોને ઉચ્ચ શિક્ષિત અને કુશળ બની આત્મનિર્ભર બનવાનો અનુરોધ કરતા ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા : આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે સરકાર કટિબદ્ધઃ જિલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદી



સુરત,તા.૧૪

ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિની ઉજવણી થઈ રહી છે, ત્યારે રાષ્ટ્રનિર્માણમાં આદિજાતિ સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે 'જનજાતીય ગૌરવ દિવસ પખવાડિયું'ની ઉજવણીના ભાગરૂપે મહુવા સ્થિત અસ્મિતા ભવન ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી સમીરભાઈ મોદી અને ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડીયા ઉપસ્થિતિમાં યુવા સંમેલન યોજાયું હતું.

આ અવસરે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી સમીરભાઈ મોદીએ જણાવ્યું હતું કે, દેશની આઝાદીના સંગ્રામમાં અનેક શૂરવીરોએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે. આવા મહાન ક્રાંતિકારીઓ અને જનનાયકોના યોગદાનથી નવી પેઢી પરિચિત થાય અને તેમના પ્રેરણાદાયી ઈતિહાસને જાણી શકે તેવા ઉમદા આશયથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૫મી નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. ભગવાન બિરસા મુંડા માત્ર આદિવાસી સમાજના જ નહીં, પરંતુ સમગ્ર દેશના મહાન જનનાયક છે. તેમના સંઘર્ષ, બલિદાન અને દેશપ્રેમની ગાથા સૌના માટે પ્રેરણારૂપ છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્ર સાથે આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે સરકાર સતત કાર્યરત છે. જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીના માધ્યમથી આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસ, સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, પરંપરાઓ અને દેશના વિકાસમાં તેમના અમૂલ્ય યોગદાનને ઉજાગર કરવામાં આવી રહ્યું છે. આ ઉજવણી નવી પેઢીમાં સમાજના મહાન નાયકો પ્રત્યે ગૌરવ, સન્માન અને રાષ્ટ્રભાવનાની પ્રેરણા પૂરી પાડે છે.આ પ્રસંગે ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાએ જણાવ્યું હતું કે, આદિવાસી સમાજ સહિત દરેક સમાજના છેવાડાના માનવીની ચિંતા કરી તેમને સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભો પહોંચાડવાનું કાર્ય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. આઝાદીના ઈતિહાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનારા જનનાયકો અને આદિવાસી સમાજના મહાન નાયકોને યાદ કરી તેમના યોગદાનને નવી પેઢી સુધી પહોંચાડવાનું પ્રશંસનીય કાર્ય વડાપ્રધાનશ્રીએ કર્યું છે. ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે આયોજિત યુવા સંમેલનનો મુખ્ય હેતુ યુવાનોને આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસ, સંસ્કૃતિ અને મહાન નાયકોના યોગદાનથી પરિચિત કરાવવાનો છે. આજે આદિવાસી સમાજની દીકરીઓ પણ શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહી છે, જે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સરકારના પ્રયાસોથી આદિવાસી વિસ્તારોમાં વીજળી, આરોગ્ય, શિક્ષણ સહિતની પાયાની સુવિધાઓ અને વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો છેવાડાના નાગરિકો સુધી પહોંચ્યા છે. શિક્ષણ ક્ષેત્રે પણ રાજ્ય સરકારના સહયોગથી આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી પ્રગતિના નવા સોપાનો સર કરી રહ્યા છે. આ પ્રસંગે તેમણે યુવાનોને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી, કૌશલ્યવાન બની આત્મનિર્ભર બનવા અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે પ્રાયોજના વહિવટદારશ્રી સિદ્ધાર્થ ગઢવી, પ્રાંત અધિકારીશ્રી મોસમી પટેલ, મહુવા તાલુકા પંચાયત પ્રમુખશ્રી દેવેન્દ્રભાઈ, અંબિકા તાલુકા પંચાયત પ્રમુખશ્રી શિલ્પાબેન, જિલ્લા પંચાયત સભ્યશ્રી હેમંતભાઈ, જિલ્લા પંચાયત સભ્યશ્રી હિનાબેન પટેલ, મામલતદારશ્રી બી.વી.પટેલ, અંબિકા મામલતદારશ્રી ધવલભાઈ, અધિકારીઓ, કર્મચારીઓ સહિત યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા

બારડોલીમાં જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી

સુરત, તા.૧૪

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિના અંતર્ગત જનજાતીય ગૌરવ સપ્તાહ-૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે બારડોલી ટાઉન હોલ ખાતે ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષસ્થાને યુવા સંમેલન યોજાયું હતું. આ સંમેલનનો મુખ્ય હેતુ આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસ, સંસ્કૃતિ, પરંપરા અને દેશની આઝાદીની લડતમાં જનજાતીય મહાનાયકોના અમૂલ્ય યોગદાનને નવી પેઢી સુધી પહોંચાડવાનો તેમજ યુવાનોમાં સમાજ પ્રત્યે ગૌરવ, સ્વાભિમાન અને રાષ્ટ્રપ્રેમની ભાવના જાગૃત કરવાનો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડા સહિતના અનેક જનજાતીય વીરોના યોગદાન અને બલિદાનને નવી પેઢી સુધી પહોંચાડવા જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી મહત્વપૂર્ણ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વર્ષ ૨૦૨૧થી ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ એટલે કે ૧૫ નવેમ્બરને સમગ્ર દેશમાં જનજાતીય ગૌરવ દિવસ તરીકે ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે આદિવાસી સમાજના યુવાનોને શિક્ષણ અને વિકાસની વિવિધ તકોનો લાભ લઈ પ્રગતિના માર્ગે આગળ વધવા અનુરોધ કર્યો હતો.

ઓલપાડ ખાતે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી

સુરત, તા.૧૪

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ગાયત્રી મંદિરના હોલ ખાતે જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યુવા સંમેલન યોજાયું હતું. સંમેલનમાં આદિવાસી સમાજના યુવાનોને શિક્ષણ, સ્વરોજગાર, સામાજિક જાગૃતિ અને વ્યસનમુક્તિ તરફ પ્રેરિત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે ઓલપાડના ધારાસભ્યશ્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, ૯ ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસ અને ૧૫ નવેમ્બરે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીએ વર્ષ ૨૦૨૧થી આ ઉજવણીને વિશેષ પ્રોત્સાહન આપ્યું છે. ભગવાન બિરસા મુંડાએ નાની વયે સમાજ અને દેશ માટે આપેલા બલિદાનને યાદ કરી તેમના વિચારોને નવી પેઢી સુધી પહોંચાડવા જરૂરી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આદિવાસી સમાજની પરંપરા, સંસ્કૃતિ અને ઓળખને જાળવી રાખવાની સાથે યુવાનોએ આધુનિક શિક્ષણ અને વ્યવસાય ક્ષેત્રે પણ આગળ વધવું જોઈએ. સમાજની પ્રગતિ માટે યુવાનોમાં સંગઠન, શિસ્ત અને સારા સંસ્કારોનું નિર્માણ થવું જરૂરી છે. સંમેલનમાં ખાસ ભાર મૂકતા ધારાસભ્યએ હળપતિ સમાજમાં વ્યસનને સામાજિક વિકાસના માર્ગમાં મોટો અવરોધ ગણાવ્યો હતો.

લોક આસ્થાનો મહાપર્વ છઠ નહાય-ખાય સાથે આજથી શરૂ

તાપી તટે બિહાર વિકાસ પરિષદની ભવ્ય તૈયારીઓ

સુરત, તા.૧૪

લોક આસ્થા, પવિત્રતા, શુચિતા, પ્રકૃતિ ઉપાસના અને સામાજિક સૌહાર્દનું પ્રતીક ચાર દિવસીય મહાપર્વ છઠ પૂજા આજે નહાય-ખાય સાથે શરૂ થઈ રહી છે. છઠ પૂજા ફક્ત એક ધાર્મિક પર્વ નથી, પરંતુ આપણી સાંસ્કૃતિક વિરાસત, પારિવારિક પરંપરાઓ અને માતૃભૂમિ સાથે જોડાયેલી ભાવનાઓનું પ્રતીક છે. આ મહાપર્વ આપણને આપણી સંસ્કૃતિ, સંસ્કાર અને સામાજિક એકતા સાથે જોડે છે. આ પાવન અવસરે બિહાર વિકાસ પરિષદે સમસ્ત શ્રદ્ધાળુઓને હાર્દિક શુભકામનાઓ અને અભિનંદન પાઠવ્યા છે.

બિહાર વિકાસ પરિષદના અધ્યક્ષ ધર્મેશ સિંહે જણાવ્યું કે છઠ્ઠી મૈયાની અસીમ કૃપાથી સમસ્ત સુરતવાસીઓ સુખી, સમૃદ્ધ અને સ્વસ્થ રહે, એ જ પરિષદની મંગલકામના છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ તાપી નદીના તટે, ઈસ્કોન મંદિરની પાછળ, જહાંગીરપુરામાં ૩૨મા છઠ મહાપર્વનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. રવિવાર, ૧૫ નવેમ્બર ૨૦૨૬ના રોજ અસ્તાચલગામી સૂર્યને સંધ્યા અર્ઘ્ય તથા સોમવાર, ૧૬ નવેમ્બર ૨૦૨૬ના રોજ ઉદયમાન સૂર્યને પ્રાતઃકાલીન અર્ઘ્ય અર્પણ કરવામાં આવશે. આ સાથે જ ચાર દિવસીય મહાપર્વનું વિધિવત સમાપન થશે.

આ વર્ષે ૩૨મા છઠ મહાપર્વમાં શ્રદ્ધાળુઓ અને તેમના




પરિવારજનોની ભારે ભીડ ઉમટવાની શક્યતાને જોતાં પરિષદના હોદ્દેદારો અને કાર્યકરો આયોજનને સુવ્યવસ્થિત અને સફળ બનાવવામાં દિવસ-રાત લાગેલા છે. ઘાટની સાફ-સફાઈ, પૂજા સ્થળની વ્યવસ્થા, પૂરતી લાઇટિંગ, મહિલા શ્રદ્ધાળુઓ માટે ચેન્જિંગ રૂમ તથા દૂર-દૂરથી આવનારા છઠવ્રતીઓ માટે રાત્રિ વિશ્રામ અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. શ્રદ્ધાળુઓની સુવિધાઓને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર સાથે સંકલન સાધીને તમામ જરૂરી તૈયારીઓ કરવામાં આવી રહી છે. પરિષદના હોદ્દેદારો અને કાર્યકરો તન-મન-ધનથી આ આયોજનને સફળ બનાવવામાં લાગેલા છે.

બિહાર વિકાસ પરિષદ દ્વારા આયોજિત જહાંગીરપુરા સ્થિત છઠ પૂજા સ્થળ પર ઘાટ નિર્માણ અને અન્ય જરૂરી વ્યવસ્થાઓમાં સુરત મહાનગરપાલિકા તથા પોલીસ વહીવટી તંત્રનો સતત સહયોગ મળી રહ્યો છે. મહાનગરપાલિકાના સહયોગથી ઘાટને તૈયાર કરવામાં આવી રહ્યો છે. દર વર્ષે અહીં લગભગ ૫૫ થી ૬૦ હજાર શ્રદ્ધાળુ ભગવાન સૂર્યને અર્ઘ્ય આપવા અને છઠ્ઠી મૈયાની આરાધના કરવા પહોંચે છે. આ વર્ષે પણ આટલી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના પહોંચવાની શક્યતા છે. તેને જોતાં સ્વચ્છતા, સુરક્ષા, પીવાનું પાણી, પ્રકાશ વ્યવસ્થા અને અન્ય જરૂરી સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

બિહાર વિકાસ પરિષદની ડભોલી વેડરોડ શાખા દ્વારા પણ આ વર્ષે છઠ મહાપર્વના આયોજનને લઈને વ્યાપક તૈયારીઓ કરવામાં આવી રહી છે. અહીં શ્રદ્ધાળુઓની સુવિધા માટે ઘાટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે તથા છઠવ્રતીઓની પૂજા-અર્ચના માટે લગભગ ૮૦ વેદીઓ તૈયાર કરવામાં આવી રહી છે. પૂજા સ્થળ પર સાફ-સફાઈ અને સ્વચ્છતાનો વિશેષ પ્રબંધ કરવામાં આવ્યો છે, જેથી વ્રતીઓ અને તેમના પરિવારજનોને પૂજા દરમિયાન કોઈપણ પ્રકારની અગવડ ન પડે.





કચ્છ પ્રવાસની વિસ્તરતી ક્ષિતિજો

સફેદ રણ અને રણોત્સવે સમગ્ર વિશ્વવને ઘેલું લગાડી દીધું છે. તો ધોળાવીરાનો વૈશ્વવિક ધરોહરમાં સમાવેશ થતાં જ કચ્છના પ્રવાસન માટે શિરમોર મહોર બની ચૂક્યાની લાગણી આ સૂત્રોએ વ્યક્ત કરી હતી. યુનેસ્કોએ ધોળાવીરાની હડપ્પીયન સાઈટને 'વર્લ્ડ હેરિટેજ સાઈટ'માં સમાવેશ કરી કચ્છના તંત્ર અને ગુજરાત પ્રવાસન ખાતાની જવાબદારી વધારી દીધી છે. કારણ કે તે માટે રોડ-રસ્તા, હોટલો, વાહન વ્યવહાર અને જે સુવિધાનું માળખું તૈયાર કરવાના ભાગરૂપે ધ્રુડલી-સાંતલપુર માર્ગનું કામ જે કાંઢવાઢથી ખડીર સુધીનો રોડ ઝડપથી પૂરો કર્યો. એકલ-બાંભણકા માર્ગનું ટૂંક સમયમાં આરંભ થઈ રહ્યો છે. જે ખડીર પોતાના તાલુકા ભચાઉ સાથે આ રસ્તે રણના રસ્તે જોડાશે અને લોકોને ભચાઉથી ધોળાવીરાનો ૭૦-૮૦ કિમી જેટલું વધારાનું અંતર નહીં કાપવું પડે તે એક ખરેખર મોટી ઉપલબ્ધી કહી શકાય. તે ઉપરાંત થ્રી સ્ટાર અને ફાઈવ સ્ટાર રિસોર્ટ આકાર લઈ રહ્યા છે. લોકોની અવરજવર વધી છે. ધોળાવીરા ઉપરાંત ખડીરમાં જીઓ લોજીકલ એટલી બધી સાઈટસ છે જે ભૂસ્તર પ્રેમીઓ ખડીર ને એક "જીઓલોજી ની પ્રયોગશાળા માને છે.જો આ પ્રવાસનને અલગથી વિકસાવવામાં આવે તો ખડીરની શિકલ ત્વરાએ બદલાય જે અત્યાર સુધી પશ્ચાદભૂમાં ધરબાયેલું હતું.કાંઢવાઢથી ધોળાવીરા ને જોડતો ટૂંકો રસ્તો જે "રોડ ટુ હેવન તરીકે ઓળખાય છે તેના પર વાહનો અને લોકોની અવર જવર ખૂબ વધી રહી છે અને આ રોડથી પસાર થવુ એ સ્વર્ગીય આનંદથી જરાય કમ નથી.પ્રવાસનના ક્ષેત્રને વધુ સવલત સાથે આનંદમય બનાવવાના અનેકવિધ પગલાં પણ અમલમાં મૂકવાનાં શરૂ થઈ ગયાં છે અને હજુ પાઈપલાઈનમાં પણ છે. જો આ બધી સુવિધાઓ ઉપલબ્ધ થશે તો પ્રવાસને ચાર ચાંદ લાગશે તેમાં જરાય અતિશયોક્તિ નથી.બીજી બાજુ પૂર્વ આયોજન વગર આવતા પર્યટકો ને ખાસ કરીને ઉનાળુ વેકેશન જેવા સમયે પડતી તકલીફો અને મુશ્કેલીઓને લઈને ઉત્તરોત્તર વધતા ક્ષેત્રની અધૂરાશો-ઉણપો તરફ અંગુલીનિર્દેશ થયા વગર રહી શકતો નથી.રાજ્યનું પ્રવાસન નિગમ કચ્છના પર્યટન તરફ વિશેષ લગાવ સાથે તેની વેબસાઈટ અને કચેરીઓના માધ્યમથી ઉપયોગી વિગતો માર્ગદર્શન આપી રહ્યું છે. જો કે તેમાં પણ ઘણા પર્યટકોની રાવ આવ છે કે વેબસાઈટ અપડેટ નથી થતી અથવા હેંગ થઈ જાય છે. સાથે સાથે કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ પણ પ્રવાસીઓનું પર્યટન સુગમ બનાવવા માટે પ્રયત્નશીલ રહેતી હોય છે. આમ છતાં સિઝનમાં ઉતારાના સ્થળોએ નિયત ભાવનું બાંધણુ અને વાહન વગર આવતા ઉતારુઓ માટે યાતાયાત અર્થે વાહનોનાં ભાડાના માપદંડ નિયત કરવા જરૂરી બન્યા છે. કેટલીક ફરિયાદો એવી પણ આવી કે હોટલ, ગેસ્ટહાઉસ, લોકલ વાહન વ્યવહાર તેમ જ ખાણીપીણીની વસ્તુ ઓ માં મનફાવે તેવા ભાવોથી લૂટાય છે. જે લાંબા ગાળે આ પ્રવાસન ઉદ્યોગ માટે સારું નથી. ગરજનો ગેરફાયદો લેવો તે સારી બાબત નથી અને તેનાથી આ કચ્છનું નામ ખરાબ થાય છે અને બીજી વાર આવતા યાત્રાળુ-પ્રવાસીઓ નિરાશ થઈ અન્ય સ્થળને પસંદગી આપતા હોય છે.દરમ્યાન પ્રવાસીઓ માટે કચ્છ ભ્રમણ દરમ્યાન ભરપૂર સિઝનના સમયે રહેવાની સગવડ સૌથી વધુ મુશ્કેલભરી બની રહી છે. બે પૈસા ખર્ચી શકનારો વર્ગ ઓનલાઈન બુકિંગ કે વર્તમાન ભાવ ચૂકવીને તેમનું ગાડું ગબડાવી લે છે પણ બજેટ સાથે આવનારા વર્ગ માટેની ખાસ વ્યવસ્થા પણ વિચાર માગી લે નારી બની રહી છે. આ માટે "હોમ સ્ટે, "ડોરમેટરી સ્ટે જેવી બાબતોને પ્રોત્સાહન અપાય અને આ માટે સરકારી નિયમોને લોકભોગ્ય કરી અમલ બનાવાય તો અનેક ઉતારુઓને ફાયદો થાય તેમ છે.હજુ પણ કચ્છમાં ટ્રેનની સુવિધા માત્ર ભૂજ સુધી જ છે. જો એ ને નલિયા સુધી શરૂ કરવામાં આવે તો કચ્છના મહત્ત્વના યાત્રાધામોને કવર કરી શકાય, કારણ કે ઉંમરલાયક યાત્રાળુઓ માટે ટ્રેન આજે પણ વરદાન રૂપ સાબિત થઈ રહી છે.વિમાની સેવાને પણ વધુ વિસ્તરવાની જરૂર છે. ભૂજ-ગાંધીધામ વિમાની મથકો પરથી મુંબઈ, દિલ્હી અને અન્ય સ્થળો થી કનેક્ટીવિટી વધારવાની જરૂર છે અને તેને નિયમિત કરવાની જરૂર છે.હજુ પણ વધુ કચ્છને લગતા પ્રવાસનના મુદ્દાઓ આવતા અંકમાં ચર્ચા કરીશું.

યુવાનીમાં વિહરતી 'યુવતી'ઓની આહાર પ્રત્યે અવગણના

સવારે ઊઠતાંવેંત લેવામાં આવતા પીણાથી લઇને, ઊંઘતાં પહેલાં સુધી લેવામાં આવતું દરેક ભોજન કેટલું, કેમ, ક્યારે અને કેવી રીતે લેવું જોઈએ એનો ખૂબ જ ખ્યાલ રાખવો જરૂરી છે



ઉંમર વધવી, ઘરડા થવું, ધીરે ધીરે યુવાનીનો જોમ, જુસ્સો ગુમાવતા જવું એ એક ના રોકી શકાય એવી ઘટના છે. તરુણાવસ્થાને આવજો કહીને બારણું વાસો કે નહીં, યુવાની ગૃહપ્રવેશ કરી જ લેશે. અને એ સાથે જ આળસ, થાક, નીરસતા, ઉદાસી, સ્થૂળતા આવું ઘણુબધું અણગમતું પણ બાકાયદા તમારા જીવનનો ભાગ બની જશે, પરંતુ એનો મતલબ એવો જરાપણ નથી કે, તમારી પાસે આ બધાને કાઢી મૂકવાનો કોઈ રસ્તો નથી. બારણું વસાયેલું છે તો શું થયું? ડોકાબારી તો ખુલ્લી છે જ. થોડા મજબૂત મનોબળ અને મનોયુદ્ધ પછી આ વણકહ્યા મહેમાનોને યુવાનીમાં જાકારો આપવો અઘરો નથી.

ત્રીસીનો તરવરાટ અને ટીન એઈજની તાજગી અનુભવવા માટે સ્વાસ્થ્યનું મેઈક ઓવર કરવું પડે. જેનો મુખ્ય આધાર જો કોઈ હોય તો એ છે આહાર. આહાર અને આરોગ્ય એ એક સિક્કાની બે બાજુઓ છે. યીન અને યાનની માફક એકબીજામાં ગૂંથાયેલી અને એકબીજાને અર્થપૂર્ણ અસ્તિત્વ આપતી બે અલગ અલગ વસ્તુઓ. આપણે ત્યાં ઘણી કહેવતો, માન્યતાઓ, ગેર માન્યતાઓ, અંધશ્રદ્ધાઓ અને શ્રદ્ધાઓ આહાર તેમ જ આરોગ્ય સાથે વણાયેલી છે. ક્યારેક આપણે મૂંઝાઈ જઈએ એટલી હદે અલગ અલગ સલાહો તેમ જ સૂચનો વિષય નિષ્ણાતો, અનુભવીઓ, સલાહકારો તેમ જ ડોશીશાસ્ત્ર ને શાસ્ત્રમાં માનનારાઓ દ્વારા આપવામાં આવતી હોય છે. કઈ વાત માનવી, કઈ વાત અનુસરવી અને કઈ અનુભવવી એના ત્રિભેટે અટવાતા આપણે અંતે બધું જ અનુસરવાનું કે વિચારવાનું બંધ કરી દેતા હોઈએ છીએ.

આહાર કે ખોરાક એ આપણા જીવનનો ખૂબ અગત્યનો ભાગ છે. જે આપણને પોષણ તેમ જ શક્તિ આપે છે. જેની મદદથી આપણે આપણી રોજિંદી ક્રિયાઓ કોઈ જ પ્રકારની રુકાવટ વગર કરી શકીએ છીએ. દરેક સજીવે સ્વસ્થ તેમ જ કાર્યરત રહેવા માટે, હલનચલન કરવા માટે, શ્વવાચ્છોશ્વવાસની પ્રક્રિયા માટે તેમ જ વિચારવા માટે પણ ખોરાક લેવો અતિ આવશ્યક છે.

ભૂખ લાગવી કે તરસ લાગવી આ દરેક વાતનો સીધો તાર મગજ તેમ જ ચેતાતંત્ર સાથે જોડાયેલો હોય છે, પરંતુ આપણે આહારને એટલી અગત્યતા આપતા નથી જેટલી અપાવી જોઈએ, કારણો એના એક નહીં અનેક હોય શકે, પરંતુ પરિણામ એકસરખું ગંભીર આવે છે.

જેમ જેમ આપણે મોટા થતા જઈએ તેમ તેમ બાહ્ય શારીરિક ફેરફારોની માફકજ આંતરિક શારીરિક ફેરફારો પણ ઉદ્ભવતા હોય છે. જેના કારણે અંતઃસ્ત્રાવોમાં ફેરફાર થવાની સાથોસાથ શરીરની ચયાપચયની ક્રિયાઓમાં પણ ફેરફારો જોવા મળે છે. જેના કારણે માત્ર આહાર લેવો એટલું જ નહીં, પણ એ પૂરતા પ્રમાણમાં લેવો અને યોગ્ય પોષકતત્ત્વો સાથે લેવો એ ખૂબ જરૂરી બની જાય છે. સ્વાસ્થ્યમાં સુધારો થવો અને નકામી ચરબીનો વ્યય થવો તેમ જ બિનજરૂરી ચરબી વધે નહીં એ અત્યંત ધ્યાનમાં લેવા જેવી બાબત છે. અંતઃ સ્ત્રાવોમાં ફેરફારો થવાના કારણે શરીરના એનર્જી લેવલમાં પણ નોંધનીય ફેરફારો જોવા મળે છે. ઉપરાંત શક્તિની બનાવટ તેમ જ તેની વપરાશ વચ્ચેનું સમતોલન પણ ખોરવાઈ જાય છે જેના કારણે યુવાનીમાં ઘણીખરી તકલીફો વધતી જોવા મળે છે.સવારે ઊઠતાંવેંત લેવામાં આવતા પીણાથી લઈને, ઊંઘતા પહેલા સુધી લેવામાં આવતું દરેક ભોજન કેટલું, કેમ, ક્યારે અને કેવી રીતે લેવું જોઈએ એનો ખૂબ જ ખ્યાલ રાખવો જરૂરી છે. આહારને લગતી આદતો આપણે બહુ ખરાબ પાડેલી હોય છે. મોટાભાગે યુવતીઓ લાંબા સમય સુધી ભૂખ્યા રહેવાની કુટેવ ધરાવે છે, ઘણીખરી યુવતીઓ વધુ પડતા બિનજરૂરી જંકફૂડ્સ લાંબાગાળા સુધી લીધા રાખે છે, ક્યારેક અમુક પ્રકારનો ખોરાક ખાવાનું બિલકુલ બંધ કરી દે છે અથવા તો ચરબીયુક્ત ખોરાક વધુ લે છે, સાથોસાથ બજારની તૈયાર મળતી ચીજવસ્તુઓનો ખોરાકમાં બહોળો ઉપયોગ કરે છે. બેઠાડું જીવન, વધુ પડતું એકીસાથે જમી લેવાની આદત, વધારે પડતું નમક ખાવાની તેમ જ મીઠાઈ ખાવાની ટેવ, આવી અનેક આદતો અંતે નાની ઉંમરમાં મોટી બીમારીઓને નોતરે છે, ખાસ કરીને તરુણાવસ્થા તેમ જ યુવાવસ્થા દરમિયાન અમુક ચોક્કસ પ્રકારની સમસ્યાઓ થવાની શક્યતાઓમાં ધરખમ વધારો કરે છે.

આજકાલ ટીવી કે મોબાઈલ ફોન જેવાં માધ્યમો દ્વારા આપણા સુધી સ્વાસ્થ્ય સંબંધી માહિતીઓ પહોંચતી હોય જ છે, પરંતુ એને અવગણવાની સૌથી મોટી કુટેવ નવી પેઢી ધરાવતી હોય છે. જે બીજાના સ્વાસ્થ્ય માટે હંમેશાં કાર્યરત હોય છે તે પોતાના માટે કશું જ કરતી નથી, આજની આધુનિક પેઢીએ આહાર પ્રત્યેનો આ અભિગમ બદલાવવો જ રહ્યો!

આહાર અને વિજ્ઞાન. આ વિષયક ઘણુંખરું લખાયું છે, લખાતું રહ્યું છે અને લખાતું રહેશે. આપણાં શાસ્ત્રોમાં પણ ઘણું મહત્ત્વ આહારોજ્ઞાનનું આલેખાયેલું જોવા મળે છે. આયુર્વેદ તેમ જ નેચરોપેથી દ્વારા આપવામાં આવતી સારવારોમાં પણ આહારનું મહત્ત્વ ખૂબ ઊંચું અંકાયેલું છે. અન્ન, ભોજન, ખોરાક, આહાર જેટલા ભિન્ન નામો એટલા જ જરૂરી તત્ત્વો સંકળાયેલા છે. વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલા જરૂરી પોષકતત્ત્વો કયા કયા છે એ દરેક વિશે આપણે માહિતી મેળવતા રહીશું, આહાર સંબંધી કેવા ફેરફારો આવશ્યક છે એ પણ જાણતા રહીશું તો આહારથી નુકસાન થવાની માત્ર બિલકુલ શૂન્ય બનાવી શકાય છે. આહાર અને વિજ્ઞાનના સમન્વયથી રચાતો સ્વાસ્થ્યનો સરવાળો જો ગણતા આવડી જાય તો જિંદગીની પરીક્ષામાં વિના વિઘ્ને પાર પડી જવાય છે.

જે આપણા ગળે ભરાયેલા ડૂમાને આંસુના સ્વરૂપમાં પરિવર્તિત કરી દે

શું તમને ક્યારેય એવું લાગ્યું કે તમારી આસપાસ લોકોના ટોળાં છે પણ એમાંથી ખરેખર પોતાના કહી શકાય એવા કેટલાં? કેટલી વ્યક્તિને તમારી ફિકર હોય છે? કેટલી વ્યક્તિઓ તમારી ગેરહાજરીની નોંધ લે છે? ઢગલો માણસોની વચ્ચે ઘેરાયેલી આપણી જાતની એબસન્સની અસર કેટલા લોકો પર થાય છે?

ઘણીવાર આપણે એવા ભ્રમમાં જીવતા હોઈએ છીએ કે આપણા એક સાદથી હાજર થવાવાળા પાર વગરના છે. મોબાઈલમાં સેવ્ડ ૨૦૦૦ ના કોન્ટેકટ લિસ્ટ કે પછી સોશયલ મીડિયાનું ૨૦સ ફોલોઅર્સ ધરાવતા એકાઉન્ટથી ઉપર ઊઠીને આપણી જાતને પૂછવું જોઈએ કે આ તમામ લોકોમાંથી જેને ખરેખર આપણા કહી શકાય એવા કેટલાં? વ્યક્તિની આસપાસ બે વર્તુળ હોય છે. એમાં બીજા વર્તુળની બહાર આપણી પબ્લિક અને પ્રોફેશનલ લાઈફ હોય છે જ્યાં આપણને સમજી શકનાર લોકો કરતાં જાણનારા લોકો વધુ હોય. પહેલાં અને બીજા વર્તુળની વચ્ચે એવા લોકો હોય જે આપણા ઘર સુધી આવવા જવાના સંબંધ રાખતા હોય અથવા તો ઘરના લોકો જ હોય કે જેઓ આપણને સમજી શકતા હોય. જ્યારે પહેલાં વર્તુળની અંદર જ્યાં આપણે ઊભા છીએ ત્યાં એકાદ આંગળીના વેઢે ગણી શકાય એટલી વ્યક્તિઓ હોય જે આપણને ખરા અર્થમાં ઓળખતા હોય. કદાચ એકપણ ન હોય એવુંય બને. પણ જો છે તો આપણે જેવા છીએ એઝ ઇટ ઈઝ સ્વીકારતાં પણ હોય. કોઈપણ પ્રકારના ખચકાટ વગર આપણને અપનાવતા હોય. અહીં દંભને કોઈ સ્થાન નથી. આવા સંબંધને કાટ નથી લાગતો, કારણ કે એ સંબંધ સોનાની જેમ શુદ્ધ છે. જો આપણી આસપાસ આવી વ્યક્તિ છે તો આપણા પર ગર્વ થવો જોઈએ. અને જો આપણી આસપાસ આવી વ્યક્તિ નથી તો આપણી જાતને પ્રશ્નો કરવા જોઈએ.

અહીં આપણે એ વહેમમાંથી બહાર નીકળી જઈશું કે આપણા શુભચિંતક ઘણાંબધા છે. પબ્લિક લાઈફ અને પ્રાઇવેટ લાઈફથી પર આપણી પોતાની એક સ્પેસ છે જ્યાં આવવાની પરમિશન દરેક માટે નથી હોતી. બહુ ખાસ વ્યક્તિઓ જ એ સ્પેસને આંબી શકે છે. ત્યાં આવનારા લોકો આપણી ઈચ્છાથી ત્યાં સુધી પહોંચે છે જેની સંખ્યા લિમિટેડ હોય છે. આપણે જ્યાં સુધી ઇચ્છીએ ત્યાં સુધી એ સ્પેસમાં રહે છે. આપણી ઈચ્છાથી બહાર નીકળી જાય છે. ખુલ્લી કિતાબ જેવી આપણી જાત અહીં કોઈપણ પ્રકારનું મ્હોરું લઈને ફરતી નથી.ગળગળા થવાથી લઈને ગાળો સુધીની અભિવ્યક્તિની આઝાદી આ સ્પેસમાં રહેલ વ્યક્તિ પાસે હોય છે.બીજા વર્તુળની અંદર રહેલા એવા લોકો કે જે આપણી નાની નાની વાતો જાણતા હોય છે, જે આપણા એક્સપ્રેશન્સથી આપણી વ્યથા જાણી લે છે, જે આપણા મૌનથી આપણા શબ્દો કળી જાય છે. જે આપણી 'ના' નો મતલબ સારી પેઠે 'હા'માં સમજી જાય છે, જે આપણા ગુસ્સા પાછળનો ઈરાદો જાણી લે છે, જે આપણા ચૂપકીદીને વાચા આપી જાણે છે, જે આપણા ગળે ભરાયેલા ડૂમાને આંસુના સ્વરૂપમાં પરિવર્તિત કરી દે છે, જે આપણી વણજોતી બકબક પાછળની આપણી બેચેની પારખી લે છે, જે આપણા હલનચલન ઉપરથી આપણો હવે પછીનો નિર્ણય જાણી લે છે, જે આપણા ડર પાછળનું કારણ જાણી લે છે, જે આપણા હાસ્ય પાછળની પીડા કળી જાય છે. આ એવી વ્યક્તિ કે વ્યક્તિઓ છે જે આપણું જમા પાસું છે, આપણી સાચી મૂડી છે. એ છે તો જીવન જીવવાની મજા છે. એ છે તો આપણી ઊતરતી જતી ગાડી પાટે ચડી જાય છે.


જ્યારે મન ઉદ્વેગ અનુભવે ત્યારે આંખ બંધ કરતાંની સાથે જેનો ચહેરો દેખાય, જેની સાથે બે ઘડી વાત કરવાનું મન થાય એ હકીકતમાં આપણા છે. જેની સામે હૈયું વલોવી શકાય, આંસુઓ ઓગાળી શકાય, સંતાપ ભૂલી શકાય એ આપણા છે. જેની સામે આપણી લાઈફની અજીબોગરીબ ઘટનાઓ શૅર ન કરીએ ત્યાં સુધી ચેન ન પડે એ આપણા છે. જેને મળીને મન હળવું ફૂલ થઈ જાય એ આપણા છે. જે આપણી ભૂલો બતાવી જાણે અને આપણી ભૂલોને સ્વીકારી પણ જાણે એ આપણા છે. આપણને તૂટતાં અટકાવે, આપણી હિંમત અને પ્રેરણા બને એ આપણા છે. આપણા ખોટા વખાણ કરીને નહિ, પરંતુ જરૂર જણાય ત્યાં વખોડીને આપણું વ્યક્તિત્વ નિખારે એ આપણા છે. જેને આપણી સાથેની હયાતી કરતાં આપણી ખુશીઓની ફિકર હોય એ આપણા છે. આપણા પાસે હોવા કરતાં આપણા સાથને મહત્તા આપે એ આપણા છે. મોઢે મીઠું બોલીને બીજા પાસે વગોવતાં હોય એ નહીં પણ મોઢે કડવા વેણ કહીને અન્યો પાસે આપણી તારીફ

કરી જાણનારા હકીકતમાં આપણા છે. એને જે કહેવું છે એ સીધું ને સ્પષ્ટ જ કહેશે, ખોટું વધારી ચડાવીને નહીં કહે.હવે પ્રશ્નન એ થાય કે આવી વ્યક્તિને ઓળખવી કેવી રીતે? ખાસ કરીને આપણા લોકોને ઓળખવાની બેસ્ટ ટ્રીક એ છે કે કેટલાક સમય માટે અલિપ્ત થઈ જવાનું. કોઈપણ વ્યક્તિ સાથે કોઈપણ પ્રકારનો કોન્ટેકટ નહીં રાખવાનો. કેટલાક દિવસો કે મહિનાઓ સુધી જાહેર જીવનમાંથી સંપૂર્ણપણે નિષ્ક્રિય થઈ જવાનું. ફોન કોલ્સ હોય કે પછી ચેટ, સ્ટેટસ હોય કે સ્ટોરી કે પછી સોશ્યલ મીડિયા, અરે રૂબરૂ મુલાકાત પણ કેમ ન હોય, આ બધું જ બંધ કરી દેવાનું. પોતાની જાતને એક અલગ દુનિયામાં ટેમ્પરરી કેદ કરી દેવાની. શક્ય હોય તો મોબાઈલ ફોન જ સ્વિચ ઓફ કરી દેવાનો. સોશ્યલ મીડિયાના તમામ એકાઉન્ટ્સ ડીએક્ટિવેટ કરી દેવાના. અમુક દિવસો બાદ ફરી નોર્મલ સ્થિતિમાં આવી જવાનું. હવે જોવાનું એ છે કે આપણા અજ્ઞાતવાસ દરમ્યાન કેટલી વ્યક્તિ હતી જેણે આપણને મળવાનો પ્રયાસ કર્યો હતો? કેટલા લોકો એવા હતા જેણે વાયા વાયા પણ આપણા ખબર અંતર પૂછ્યા હતા? કેટલા ટેક્સ્ટ મેસેજીસ અને કેટલા વોટ્સએપ મેસેજીસ આપણા ફોનમાં પડ્યા છે જેમાં આપણી ગેરહાજરીની નોંધ લેવાઈ હોય? અચાનક ફોન બંધ કરી દેવાથી કેટલી ગાળોનો સામનો કરવો પડ્યો? કોલ રિસીવ ન કરવાથી કેટલી વ્યક્તિ ઘર કે ઓફિસ સુધી પહોંચી? ખરેખર કેટલી વ્યક્તિઓને આપણી હયાતીની અસર છે એ આના પરથી સાબિત થઈ જશે.બાકી ટોળામાં જીવતા ટેવાયેલા સ્વને બહુ પ્રેમથી સમજાવી દેવાનું કે, 'અહીં દેખાતાં દરેક માણસ પર ભરોસો મૂકતા પહેલાં એટલિસ્ટ એકવાર વિચારી લેજે. આ જાકમજોળ તારા પૈસા, પાવર અને પોઝિશનના લીધે છે. તારા ખરાબ સમયમાં, તારી જરૂરિયાત વખતે તારી પડખે ઊભા રહેનારને બરાબર પિછાણી લેજે. તારી આસપાસ આંટાફેરા કરતા, તારા દરેક સ્ટેન્ડ વખતે તારા વખાણ કરતા હંમેશાં તારી કેર કરનાર અને તને ધરપત દેનાર નથી જ હોવાના. તારા એકાદ ખોટા નિર્ણય પછી પણ તને છોડીને ન જનાર એ ખરા અર્થમાં 'તારા' છે. આ વાતને મગજના છેલ્લાં કોષ સુધી ફિટ કરીને રાખજે.'

ક્લાઈમેક્સ

હું તો હજીએ તારી આસપાસ જ છું જો મને મહેસૂસ કરે તોપ તારા વર્તુળમાંથી બહાર નીકળવાની શિક્ષા મેં પ્રાપ્ત કરેલ નથી.

અહીં આપણે એ વહેમમાંથી બહાર નીકળી જઈશું કે આપણા શુભચિંતક ઘણાંબધા છે. પબ્લિક લાઈફ અને પ્રાઇવેટ લાઈફથી પર આપણી પોતાની એક સ્પેસ છે જ્યાં આવવાની પરમિશન દરેક માટે નથી હોતી.



ભૂખ લાગવી કે તરસ લાગવી આ દરેક વાતનો સીધો તાર મગજ તેમ જ ચેતાતંત્ર સાથે જોડાયેલો હોય છે, પરંતુ આપણે આહારને એટલી અગત્યતા આપતા નથી જેટલી અપાવી જોઈએ, કારણો એના એક નહીં અનેક હોય શકે

તંત્રી લેખ...

શનિવાર, તા.૧૪ નવેમ્બર ૨૦૨૬

એસઆઇઆર સામે હવે યોગીએ મોરચો માંડયો

ચૂંટણીપંચ દ્વારા મતદારયાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર) સામે અત્યાર સુધી માત્ર વિરોધી પક્ષોને વિરોધ હતો, હવે આ સૂરમાં ભાજપના નેતા અને ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથનો સૂર પણ ભળ્યો છે. મુખ્યપ્રધાન યોગીનો દાવો છે કે, ઉત્તર પ્રદેશની મતદારયાદીઓમાંથી ૧.૨૭ કરોડ હિન્દુ મતદારનાં નામ કાઢી નાખવામાં આવ્યાં છે. ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણીપંચનો સંપર્ક સાધી ફરિયાદ કરી છે કે, રાજ્યમાં મુસ્લિમ મતદારોની સંખ્યા ૧.૬૫ ટકા વધી છે તથા ૧.૨૬ કરોડ હિન્દુનાં નામ આ યાદીમાંથી ગાયબ થઈ ગયાં છે. એસઆઇઆર વિશેના વિરોધ પક્ષના કાગારોળને દુપ્રચાર ગણાવતાં યોગીએ કહ્યું છે કે, ઉત્તર પ્રદેશમાં મુસ્લિમ મતદારોની સંખ્યા વધી હોવાથી અખિલેશ યાદવ હવે એસઆઇઆરનો વિરોધ પણ નહીં કરે અને તે પાછી ખેંચવાની માંગ પણ નહીં કરે. છેલ્લા કેટલાક મહિનાઓથી એસઆઇઆરને લઈને સર્વોચ્ચ અદાલત તરફથી સતત થઈ રહેલી ટિપ્પણી, વિરોધ પક્ષો તથા વિદ્યાર્થી સંગઠનો દ્વારા થઈ રહેલો દેશવ્યાપી વિરોધ તથા સામાન્ય નાગરિકોનાં મનમાં નિર્માણ થઈ રહેલી શંકા જોતાં ચૂંટણીપંચે મતદારયાદીમાં જેમનું નામ નથી એવા મતદારોને અંતિમ યાદીમાં સ્થાન મળે એ માટે સાત રાજ્યમાંના મતદારો માટે એક માર્ગ ખુલ્લો કરી સકારાત્મક પગલું લીધું છે. મહારાષ્ટ્ર ઉપરાંત દિલ્હી, હરિયાણા, આંધ્રપ્રદેશ, ઝારખંડ, તેલંગાણા અને નાગાલેન્ડ આ સાત રાજ્યમાં મતદારયાદીમાંથી બાકાત થયેલા મતદારોને વધુ એક તક આપવામાં આવી છે, જે આવકારદાયક પગલું છે.

એસઆઇઆર પ્રક્રિયામાં મતદારયાદીમાંથી મતદારોનાં નામ બાદ થવા માટે ચાર મુખ્ય કારણો છે-ગેરહાજરી, સ્થળાંતર, મૃત મતદાર અને એકથી વધુ જગ્યાએ નામ ધરાવતા મતદારો. ભારતમાં મતદાન માટે પાત્ર લોકોની સંખ્યા ૧૦૦ કરોડની આસપાસ હશે અને આટલા મોટા પાયે મતદારયાદીમાં સુધારા કરવાનું કામ આસાન તો નથી જ. વળી, વર્ષોથી આ યાદીઓની સમીક્ષા થઈ નહોતી, આથી આ કવાયત સમયની માંગ હતી. જો કે, જે ઝડપે આ અભિયાન હાથ ધરાયું અને મતદારયાદીમાં નામ જાળવી રાખવા મતદારોને જે હાલાકી સહન કરવી પડી તેના કારણે નારાજગી તો હતી જ. એમાં વિપક્ષોએ મુખ્ય ચૂંટણી કમિશનરને જ આ મામલામાં આરોપી બનાવી તેમના રાજીનામાની માગણી સાથે દેશવ્યાપી આંદોલનો કર્યાં. મૂળ મુદ્દો કોરાણે રહી ગયો અને વિરોધનો વળ ચડયા કર્યો.

યોગી આદિત્યનાથે કરેલા આક્ષેપોને કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી જેવા વિરોધીઓએ ટીકા નથી કરી, કેમ કે, તેમના જ દાવાને યોગી સમર્થન કરી રહ્યા છે. જો કે, ચૂંટણીપંચે સ્પષ્ટતા કરી છે કે, જે મતદારોનાં નામ બાકાત થયાં છે અને જેમનાં નામ ઉમેરાયાં છે, તેમની ધર્મવાર નોંધ ઈલેક્શન કમિશન રાખતું નથી. યોગી આદિત્યનાથે પોતાના પક્ષના કાર્યકર્તાઓને અપીલ કરી છે કે, જે પણ મતદારોનાં નામ યાદીમાંથી બાકાત થયાં છે, તેમનાં નામનો ફરી સમાવેશ થાય એ માટે તમામ મદદ કરજો. ૧.૨૭ કરોડ મતદારનાં નામ માસિંગ હોય એનો અર્થ એ થયો કે, દરેક વિધાનસભા મતદારક્ષેત્રમાં આશરે ૩૧,૦૦૦ વોટર્સનાં નામ ગાયબ છે. આવતાં વર્ષે ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલાં આ મુદ્દો હજી ગરમાશે એવું લાગે છે.

ઉજવણીનો આનંદ, પ્રદૂષણની ચિંતા

દિવાળીના પર્વની ઉલ્લાસથી ઉજવણી થયાનો આનંદ અને સંતોષ વ્યક્ત થઈ રહ્યો છે તેની સાથે પ્રદૂષણની ચિંતા પણ વધી છે. એક તરફ પરંપરા, બીજી બાજુ પર્યાવરણ. રવિવારે રાત્રે જે સ્થિતિ અગાઉની સરખામણીમાં ગંભીર હતી. અત્યાર સુધી પ્રદૂષણના આંકડા દિલ્હી-એનસીઆરટી સંદર્ભે વાંચી કે સાંભળીને લોકો મોંમાં આંગળા નાખી જતા તે હાલત આ દિવાળીમાં રાજકોટમાં થઈ, ભુજમાં થઇ, ગુજરાતના અન્ય શહેરોમાં થઈ. આ પર્વનું જે વાતાવરણ ગુજરાતમાં દેખાયું તેના અન્ય પાસાં પણ છે, પરંતુ સૌથી અગત્યનો મુદ્દો પ્રદૂષણ છે. દ્વિધા કે દ્વંદ્વ તો એ છે કે ન તો પરંપરા ઉપર રોક લગાવી શકાય કે ન પ્રદૂષણના મુદ્દાની પણ અવગણના કરી શકાય.

દિલ્હીમાં શિયાળામાં પ્રદૂષણ વધે, 'એક્યુઆઈ' એટલે કે વાતાવરણમાં પ્રદૂષણનો આંક ૪૦૦થી ઉપર જાય તો પણ ખતરાની ઘંટી જેવા શબ્દપ્રયોગ થવા લાગે. હવાને ઝેરીલી બનતાં રોકવા માટે અહીં મોટરકારના પરિવહન ઉપર 'ઓડ-ઈવન' જેવા નિયંત્રણો મૂકાવા સહિતનાં પગલાં લેવાયાં હતાં. હવાના આ વિકરાળ અને વિષાક્ત સ્વરૂપનો અનુભવ આ વર્ષે ગુજરાતને પણ થયો. દિવાળીની રાત્રે રાજકોટમાં 'એક્યુઆઈ' ૧૦૦૦ને પાર કરી ગયો. શહેરની લગોલગ જે ખુલ્લા વિસ્તાર છે, જ્યાં ગીચતા નથી તે અટલ સરોવર-સ્માર્ટસિટીમાં પણ અત્યંત ધુમાડો અને શ્વાસ લેવામાં મુશ્કેલી થાય તેવું વાતાવરણ હતું. શહેરમાં દૃશ્યમાનતા-વિઝિબિલિટી તદ્દન ઓછી થઈ ગઈ હતી. આ સ્થિતિ જૂનાગઢ, જામનગર, ભાવનગરમાં પણ ઘણેઅંશે હતી.

અમદાવાદમાં પણ 'એક્યુઆઈ' ૪૦૦ને પાર થાય તો ગંભીર હાલત થાય છે. ભુજ અને રાજકોટના ઈતિહાસમાં આટલું વધારે પ્રદૂષણ હોય તેવું પ્રથમવાર બન્યું છે. દમ-શ્વાસના દર્દી ન હોય તેમને પણ મુશ્કેલી થઈ શકે. એક મુદ્દો એ પણ છે કે, દિવાળી પૂર્વે ફટાકડાની કિંમતમાં વધારો, મોંઘવારી, નબળું વર્ષ એવી વાત સતત આવી હતી. ત્રણ દિવસમાં આ બધું અભેરાઈ પર ચડી ગયું. મોંઘવારી ધુમાડો બની ગઈ, લોકોએ ભરપૂર આનંદ કર્યો. ખરીદી પણ થઈ, લોકોએ પ્રવાસ પણ કર્યો. ફટાકડા પણ ફોડયા. કચ્છમાં જ જો પ્રદૂષણ આટલું વધી જાય તેટલા ફટાકડા ફૂટયા હોય તો આખા રાજ્યમાં જે થયું તેના આંકડા તો કેવા અને કેટલા હશે? ભુજમાં દિવાળીની રાત્રે મહાદેવ નાકા બહારના વિસ્તારમાં ફટાકડાનો ધુમાડો એટલો હતો કે વાહનોની હેડલાઇટ ઝાંખી પડી ગઈ હતી.

ફટાકડા ફોડવામાં લોકોએ સંયમ રાખવો જોઈએ, પ્રતિબંધ આવવો જોઈએ એવી ચર્ચા થઈ રહી છે. સામે દલીલ એવી પણ છે કે શું ફક્ત ફટાકડાને લીધે જ પ્રદૂષણ છે? તહેવાર હોય ત્યારે જ આવું યાદ આવે? આ વિવાદનો વિષય નથી. તહેવાર સમયે પરિવહન પણ વધે તે સાચી વાત છે. પર્યાવરણની જાળવણી પણ અનિવાર્ય છે. પર્વ થોડા દિવસનું હોય, પર્યાવરણની દરકાર કાયમ કરવાની છે. સામાન્ય દિવસોમાં પણ વાહનોનો મર્યાદિત ઉપયોગ, વૃક્ષારોપણ જેવી કાળજી રાખવામાં આવે તો થોડા દિવસો પૂરતું પ્રદૂષણને પૃથ્વી થોડું વધારે ઝીરવી શકે. તેમ છતાં એક વાત નક્કી કે દિવાળીના ઉજાગરા પછી હવે પર્યાવરણ માટે જાગવાનો તો સમય છે જ.

જેન્સન હુઆંગના રાજીનામા પછી ભારતમાં જેન્સન હુઆંગની સફળતાની ગાથાની ચર્ચા છે

અમેરિકાને ચીનનો તેની જ દવાનો ડોઝ

એલિસ ૨૦૨૪ની શરૂઆતમાં જેન્સનને મળી ને પછી પોતાના રૂપથી આંજીને જેન્સન

અંતે વિશ્વની સૌથી મોટી ટેક કંપની એનવીડિયાના સહ-સ્થાપક જેન્સન હુઆંગે ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર પદેથી રાજીનામું આપી દીધું. કેલિફોર્નિયાના સાન્ટા ક્લેરામાં હેડક્વાર્ટર ધરાવતી એનવીડિયા ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ્સ (જીપીયુએસ) અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ચિપ્સના નિર્માણમાં દુનિયામાં ટોચની કંપની છે.

ગેમિંગ, ગ્રાફિક્સ, એઆઈ, ડેટા સેન્ટર, સોફ્ટવેર પ્લેટફોર્મ, ઑટોમોટિવ, રોબોટિક્સ એમ તમામ પ્રકારની નેક્સ્ટ જેન ટેકનોલૉજીનાં ઉત્પાદનો બનાવતી એન વીડિયાના સીઈઓ તરીકે હુઆંગ ૩૩ વર્ષથી કામ કરતા હતા. પણ ચાઈનીઝ યુવતી એલિસ હુઆંગ સાથેના અફેરની વાતો બહાર આવી પછી જેન્સને રાજીનામું ધરી દેવું પડ્યું. એલિસ ચીનની જાસૂસ છે અને જેન્સનને ફસાવીને એનવીડિયાની ટેકનોલૉજીની માહિતી કઢાવીને ચીનને આપતી હતી એવા આક્ષેપોની તપાસ થઈ રહી છે તેથી જેન્સન હુઆંગ બરાબરના ફસાયા છે.

જેન્સન હુઆંગના રાજીનામા પછી ભારતમાં જેન્સન હુઆંગની સફળતાની ગાથાની ચર્ચા છે, જેન્સન હુઆંગને કેટલાં લફરાં હતાં કે છે તેની મસાલેદાર વાતો ચિરસાઈ રહી છે, પણ સૌથી ગંભીર મુદ્દાની કોઈ ચર્ચા જ નથી. આ મુદ્દો ચીનની જાસૂસી માયાજાળનો છે. જેન્સન હુઆંગે ૧૯૯૩માં ક્રિસ મલાચોવસ્કી અને કર્ટિસ પ્રીમ સાથે મળીને એનવીડિયાની સ્થાપના કરી એ પહેલાં ઘણાં નાનાં નાનાં કામ કરેલાં.

હુઆંગે કબ્રસ્તાનમાં ચોકીદાર તરીકે પણ કામ કરેલું ને રેસ્ટૉરન્ટમાં ડિશો પણ ધોઈ હતી. બસબોય અને વેઈટર તરીકે પણ કામ કરેલું. આ બધી વાતો દ્વારા એવું સ્થાપિત કરવાનો પ્રયત્ન કરાય છે કે, હુઆંગ સાવ ગરીબ પરિવારમાંથી આવે છે ને બહુ આર્થિક અગવડો ભોગવીને આગળ આવ્યો છે પણ આ માન્યતા ખોટી છે. હુઆંગે એનવીડિયા જેવી તોતિંગ કંપની ઊભી કરી એ સિદ્ધિ બહુ મોટી છે તેની ના નહીં પણ આર્થિક અગવડો વેઠીને બધું ઊભું કર્યું એ વાતમાં માલ નથી.

ભારતમાં મા-બાપના માથે પડીને ભણ્યા કરવાનું કલ્ચર છે, જ્યારે અમેરિકામાં છોકરાં ૧૨-૧૫ વર્ષનાં થાય કે તરત નાનાં નાનાં કામ કરીને કમાણી શરૂ કરી દે છે. છોકરાંને કિશોરાવસ્થાથી જ કામ કરવાની, મહેનત કરવાની આદત પડે એ અમેરિકન કલ્ચર છે તેથી મોટા ભાગનાં ટીનેજર કંઈક ને કંઈક કામ કરે છે. બાકી હુઆંગના પિતા હુઆંગ સિંગ-તાઈ ઑઈલ રીફાઈનરીમાં કેમિકલ એન્જિનિયર હતા ને માતા લો ત્સાઈ-સુઈ સ્કૂલમાં ટીચર હતાં. હુઆંગ સારી સ્કૂલોમાં ભણ્યા છે ને ૨૦ વર્ષની ઉંમરે તો માઈક્રો ચિપ્સ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા થઈ ગયેલા.

હુ આંગે કઈ રીતે એનવીડિયાનું સામ્રાજ્ય ઊભું કર્યું તેની વાત કોઈ વાર કરીશું, પણ અત્યારે ચીનની જાસૂસી માયાજાળની વાત કરી લઈએ. હુઆંગ જે એલિસ હુઆંગ સાથેના અફેરના કારણે વધેરાઈ ગયા એ એલિસ ચીનની જાસૂસ હોવાનું કહેવાય છે. અમેરિકી ઈન્ટેલિજન્સ અધિકારીઓને આશંકા છે કે એલિસ હુઆંગ ચીની એજન્ટ છે અને હુઆંગને સેક્સ જાળમાં ફસાવીને એનવીડિયાની ટેકનોલૉજીની માહિતી મેળવી હતી. આ માહિતી એલિસે ચીનને આપી હતી.

ચીન અને અમેરિકા વચ્ચે સેમી કંડક્ટર ટેકનોલૉજીમાં ગળાકાપ સ્પર્ધા ચાલે છે. તાઈવાન સેમી કંડક્ટર ટેકનોલૉજીમાં અવ્વલ મનાય છે. અમેરિકાએ તાઈવાન સાથે હાથ મિલાવીને વિશ્વમાં સેમી કંડક્ટર ટેકનોલૉજીમાં મોનોપોલી ઊભી કરી છે. ચીના આ મોનોપોલી તોડવા માગે છે તેથી એનવીડિયાને ટાર્ગેટ કરી છે. ચીના કોપી કરવામાં ચેમ્પિયન છે તેથી એલિસ જેન્સન હુઆંગ પાસેથી સેમી કંડક્ટર ટેકનોલૉજી લઈ આપે તેની કોપી કરીને સસ્તી ચિપ્સ બનાવીને અમેરિકાનું વર્ચસ્વ તોડવાનો ચીનનો ગેમ પ્લાન હોવાની શંકા અમેરિકાને છે.

આ ગેમ પ્લાનના અમલ માટે એલિસને પ્યાદું બનાવાઈ. એલિસ ૨૦૨૪ની શરૂઆતમાં જેન્સનને મળી ને પછી પોતાના રૂપથી આંજીને જેન્સન સાથે સંબંધો બાંધી દીધા. એલિસ સાથેનું અફેર બહાર આવ્યા પછી જેન્સન હુઆંગના પોતાની જ કંપનીની બીજી બે યુવતીઓ સાથેના અફેરની વાતો પણ બહાર આવી છે. જેન્સનભાઈ ધોતિયાના ઢીલા હોવાની ચીનની એજન્સીઓને ખબર હશે તેથી એલિસને આગળ કરીને ફાંસલો બનાવ્યો ને તેમાં જેન્સન ફસાઈ ગયા. એલિસ ૪૯ વર્ષની છે, પણ ૨૫-૩૦ વર્ષની યુવતી જેવી જ લાગે છે તેથી જેન્સન ઓળઘોળ થઈ ગયા તેમાં આ કહાની શરૂ થઈ.

એલિસ મૂળ તો પત્રકાર છે અને ટીવી એન્કર તરીકે પણ કામ કરી ચૂકી છે, પણ ચીનની એજન્સીઓએ તેને કોર્પોરેટ કંપનીમાં બેસાડી દીધી કે જેથી કોર્પોરેટ માંધાતાઓને ફસાવી શકાય. એલિસે ચીનના હેજ ફંડ કિંગ કાંગ વેઈ સાથે લગ્ન કર્યાં છે. ધનિકોના રૂપિયા ફેરવતા કાંગ સાથેનાં એલિસનાં લગ્ને પણ ચીનની એજન્સીઓની ગોઠવણ જ હોવાનું મનાય છે. કાંગની પત્નિ તરીકે એલિસ કોઈ પણ ધનિકને મળી શકે તેથી ચીનાઓએ આ ચોકઠું ગોઠવી દીધાની શક્યતા છે. એલિસ જેન્સનને પણ કાંગના માધ્યમથી સિંગાપોરની કંપની 'મેગાસ્પીડ'ની પ્રતિનિધી તરીકે જ મળી હતી. મેગાસ્પીડ એનવીડિયા પાસેથી એઆઈ ચિપ ખરીદે છે તેથી એલિસ માટે જેન્સનને મળવું અઘં નહોતું.

જેન્સન સાથે ગાઢ સંબંધો બંધાયા પછી બંને વારંવાર મળતાં. એલિસ વારંવાર અમેરિકા આવતી ને તેમાં જ અમેરિકન અધિકારીઓની નજરે ચડી ગઈ. અમેરિકનો બહુ શંકાશીલ છે તેથી ખણખોદ કરી તેમાં એલિસ એનવીડિયાની માહિતી ચીનાઓને આપતી હોવાની ખબર પડી. એલિસ જેન્સનને બ્લેકમેઈલ કરતી કે નહીં એ ખબર નથી કેમ કે તપાસ હજુ ચાલુ છે, પણ એ શક્યતા પણ નકારી ના શકાય.જેન્સન-એલિસની કામલીલાની કહાની સ્પાય થ્રીલર જેવી લાગે છે, પણ વાસ્તવિક છે. આ કહાની ચીના કેવા મોટા ખેલાડી છે તેનો પુરાવો છે. જેન્સન તો છીંડે ચડેલા ચોર છે પણ આ રીતે ચીનાઓએ રૂપકડી જાસૂસોની જાળમાં કોને કોને ફસાવ્યા હશે તેની કોઈને ખબર નથી ને તેમની પાસેથી માહિતી કઢાવીને ચીના શું શું કરતા હશે એ પણ આપણને ખબર નથી.

બે વર્ષ પહેલાં યુકેએ ચીની છોકરીઓ યુકેના પ્રધાનોને ફસાવી રહી હોવાના રીપોર્ટના પગલે ચીનાઓ સાથે બિઝનેસ કરવા પર નિયંત્રણો મૂકી દીધેલાં. બીજાં દેશોમાં પણ આવું થતું જ હશે. કોર્પોરેટ માંધાતાઓ જ નહીં, પણ નેતાઓ, લશ્કરી અધિકારીઓ, ઈન્ટેલિજન્સ ઓફિસર્સ વગેરેને ફસાવીને ચીની છોકરીઓ મહત્ત્વની માહિતી કઢાવતી હશે કે જેનો ઉપયોગ ચીનની તાકાત વધારવા થતો હશે. જેન્સન હુઆંગ ફસાયા તેથી અમેરિકા ભડક્યું છે, પણ વાસ્તવમાં ચીન અમેરિકાને તેની જ દવાનો ડોઝ આપી રહ્યું છે. ભૂતકાળમાં અમેરિકાની સીઆઈએ સહિતની એજન્સીઓએ આ રીતે જ ઘણાંને હની ટ્રેપમાં ફસાવીને બરબાદ કર્યા છે ને પોતાનાં કામ કઢાવ્યાં છે. અમેરિકા મહાસત્તા બન્યું તેમાં આ ધંધાનું પણ યોગદાન છે જ. હવે ચીના એ જ રસ્તે ચાલીને અમેરિકાની મેથી મારી રહ્યા છે તો અમેરિકા ફફડી ગયું છે. અમેરિકાને ચિંતા એ વાતની છે કે, હુઆંગ તો પાશેરામાં પહેલી પૂણી છે ને ચીનાઓએ કોને કોને ફસાવ્યા હશે? કોઈને ખબર નથી પણ વાવો એવું લણો.

ફુલગામ અને કિશ્તવાડ

આતંકીઓની ગોળીઓ હિંદુઓને જ

હિંદુ સમાજ સંગઠિત થઈને ૧૦ લાખ હિંદુઓને કાશ્મીરમાં વસાવી દે તો આતંકવાદીઓની તાકાત નથી કે કશું કરી શકે પણ એ માટે હિંમત બતાવવી પડે, કાશ્મીરમાં રહીને લડવું પડે ને કુરબાનીઓ પણ આપવી પડે.

જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદને કાબૂમાં લઈ લેવાયો હોવાના સરકારી દાવાઓ વચ્ચે ૧૧ નવેમ્બર ૨૦૨૬ ને ભાઈબીજના દિવસે બે આઘાતજનક ઘટના બની છે. પહેલી ઘટનામાં કુલગામ જિલ્લાના અખરાન વિસ્તારમાં ભરબપોરે સીઆરપીએફ કેમ્પની ચોકી પર થયેલા આતંકવાદી હુમલામાં ત્રણ જવાનો ઘાયલ થયા. બાઇક પર આવેલા અજાણ્યા આતંકવાદીઓએ મીર બજાર નજીક નૌપોરા-અખરાનમાં આવી સુરક્ષા ચોકી પર અંધાધૂંધ ગોળીબાર કર્યો ને પછી ફરાર થઈ ગયા.આતંકવાદીઓએ બુધવારે બપોરે લગભગ સવા બે વાગ્યે સીઆરપીએફની ૪૬મી બટાલિયનની ચોકી પર હુમલો કર્યો ને માત્ર ૧૫ સેક્ધડમાં મશીનગનમાંથી ધડાધડ ૩૦ રાઉન્ડ ફાયરિંગ કરીને ઉડનછૂ થઈ ગયા. આતંકવાદીઓના ગોળીબારમાં હેડ કોન્સ્ટેબલ સોમવીર સિંહ, કોન્સ્ટેબલ રાકેશ દાસ અને કોન્સ્ટેબલ સંતોષ ચંદ્રુ ઘાયલ થયા છે. ત્રણેય જવાનોને તાત્કાલિક અનંતનાગની હૉસ્પિટલમાં ખસેડાયા તેથી બચી ગયા.બીજી ઘટનામાં જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં બુધવારે સાંજે આર્મી પોસ્ટ તરફ જઈ રહેલા બે સ્પેશિયલ પોલીસ ઓફિસર (જડઘ) રશપાલ અને બાબીચંદ તેમના હથિયારો સાથે લાપતા થઈ ગયા. બંને જવાનો આર્મી પોસ્ટ સુધી પહોંચ્યા નહીં એટલે આર્મીએ તરત પોલીસને જાણ કરી હતી. પોલીસને બંનેને ફોન લગાડ્યા અને ફોનના આધારે ટ્રેસિંગ શરૂ કર્યું. બંને ઓફિસરોના ફોન શરૂઆતમાં ચાલુ દેખાતા હતા પણ પછી અચાનક બંધ થઈ ગયા એટલ આર્મી અને પોલીસ બંનેને કંઈક અમંગળ બન્યાની આશંકા થઈ જ ગયેલી તેથી આર્મી અને પોલીસે બંને ઓફિસરને શોધવા માટે તાત્કાલિક જંગલ અને પહાડી વિસ્તારોમાં મોટા પાયે સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ શરૂ કરી દીધેલું. આ ઘટના બપોરે લગભગ ચારેક વાગ્યે બનેલી તેથી સર્ચ ઓપરેશન મુશ્કેલ હતું છતાં પોલીસ-આર્મીએ મથામણ ચાલુ રાખી. જમ્મુ-કાશ્મીર પોલીસ, ઈન્ડિયન આર્મીની રાષ્ટ્રીય રાઇફલ્સ (છછ) અને સીઆરપીએફના જવાનોનો જંગી કાફલો ઉતારી દેવાયેલો. પહાડી અને ગાઢ જંગલ વિસ્તારમાં જવાનોને શોધવા માટે ડ્રોન અને સ્નિફર ડોગ્સને પણ કામે લગાડાયેલા. વહેલી સવારે સર્ચ ટીમને જ્યાંથી ગુમ થયેલા ત્યાંથી લગભગ બે કિલોમીટર દૂર કિશ્તવાડનાં જંગલોમાંથી બંને પોલીસ અધિકારીઓની લાશ મળી આવી. બંનેનાં શરીરમાં ઢગલો ગોળીઓ ધરબી દેવાયેલી તેથી બંનેના મૃતદેહ ચાળણી થઈ ગયેલા. હત્યા કર્યા પછી આતંકવાદીઓ તેમનાં હથિયારો લઈને રફુચક્કર થઈ ગયા. હવે આર્મી અને પોલીસ હત્યારાઓને શોધવા માટે કામે લાગી છે.આ બંને ઘટનામાં એક ઊડીને આંખે વળગે એવી વાત શું છે ખબર છે? એ કે, બંને ઘટનામાં આતંકવાદીઓની ગોળી ખાનારા હિંદુઓ છે. અખરાન કેમ્પ પરના હુમલામાં ઘાયલ ત્રણેય જવાનો સોમવીર સિંહ, રાકેશ દાસ અને સંતોષ ચંદ્રુ હિંદુ છે. કિશ્તવાડ જિલ્લામાં આતંકીઓએ જેમની હત્યા કરી નાંખી એ બંને પોલીસ અધિકારી રશપાલ અને બાબીચંદ પણ હિંદુ છે. બાબીચંદ ૫૭ વર્ષના હતા ને નિવૃત્તિના આરે હતા જ્યારે રશપાલ ૪૫ વર્ષના જ હતા તેથી પ્રમાણમાં યુવાન કહેવાય.આતંકવાદીઓએ હિંદુઓને જ ગોળીએ મારી તેના પરથી કાશ્મીરમાં હિંદુઓનું ટાર્ગેટ કિલિંગ ચાલી રહ્યું હોવાની આશંકા પ્રબળ બની છે. સીઆરપીએફની ભરતીમાં ધર્મને ધ્યાને નથી લેવાતો. આર્મીની જેમ કોઈ જ્ઞાતિ કે સમુદાય આધારિત બટાલિયનો નથી હોતી. દરેક બટાલિયનમાં ગમે તે ધર્મના જવાનો હોઈ શકે છે. આ સંજોગોમાં અખરાન કેમ્પ પર હુમલો કરાયો ત્યારે ચોકીની સુરક્ષા માટે તહેનાત તમામ જવાનો હિંદુ હતા એ યોગાનુયોગ હોઈ શકે અથવા આતંકવાદીઓને હિંદુ જવાનો જ તહેનાત હશે તેની પાકી બાતમી આતંકવાદીઓ પાસે હતી.આ બંને શક્યતા છે એ જોતાં અખરાન કેમ્પ પરના હુમલામાં હિંદુઓનું ટાર્ગેટ કિલિંગ કરાયું હોવાની શક્યતા ફિફ્ટી-ફિફ્ટી છે પણ મરાયેલા બંને પોલીસ અધિકારી હિંદુ જ છે એ યોગાનુયોગ નથી, આ ઘટના હિંદુઓના ટાર્ગેટ કિલિંગની જ છે. બંને અધિકારી હથિયારો લઈને કિયાર ગામમાંથી હથિયારો સાથે ઘરના-મરવાહના આર્મી કેમ્પ પર જવા માટે કેટલા વાગ્યે નિકળ્યા તેની પાકી બાતમી આતંકવાદીઓ પાસે હતી, ક્યા રૂટ પર જવાના તેની માહિતી પણ તેમની પાસે હતી જ તેથી ગાઢ જંગલની સાવ નજીક તેમને આંતરીને ઉઠાવી લેવાયા ને પછી જંગલની અંદર લઈ જઈને પતાવી દેવાયા ને હથિયારો લૂંટી લેવાયા.આ બંને ઘટનાથી બે વાત સાબિત થાય છે. પહેલી વાત એ કે, સરકાર ગમે તેટલા દાવા કરે પણ કાશ્મીરમાંથી આતંકવાદ નાબૂદ થયો નથી અને હિંદુઓ માટે કાશ્મીરમાં રહેવું અત્યંત જોખમી છે. બીજી વાત એ કે, આતંકવાદીઓનું નેટવર્ક હજુય સાબૂત છે. સામાન્ય લોકોથી માંડીને સરકારી તંત્ર સુધી બધે આતંકીઓના જાસૂસ છે. આ સિવાય બે હિંદુ અધિકારી હથિયારો સાથે ચોક્કસ રૂટ પરથી હથિયારો સાથે આર્મી કેમ્પ જવા રવાના થયા છે એવી પાકી બાતમી કઈ રીતે મળે ?આતંકવાદીઓનો ખૌફ પણ ભારે છે આ ઘટનાએ સાબિત કર્યું છે. બંને પોલીસો ગુમ થયા એ પહેલાં દેહરના જંગલ પાસેના વિસ્તારમાં ફાયરિંગના અવાજ સંભળાયા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. અધિકારીઓએ ગોળીઓ છોડીને પ્રતિકાર કર્યો હોય કે પછી આતંકીઓએ સીધો ગોળીબાર કરીને બંનેને ઢાળી દીધા હોય એવું પણ બને. બંને સંજોગોમાં કોઈએ આર્મીને જાણ કરી હોત તો આતંકીઓ બહુ દૂર ના જઈ શકે પણ કોઈએ આર્મી કે પોલીસને ફોન પણ ના કર્યો એ ખૌફ નહીં તો બીજું શું કહેવાય ?આ બંને હુમલા પાછળ લશ્કરે તોઈબાનો હાથ હોવાનું કહેવાય છે. લશ્કરે તોઈબાનો કહેવાતો કમાન્ડ લતીફ બટ હુમલાનો માસ્ટરમાઈન્ડ હોવાની વાતો મીડિયામાં ચાલી રહી છે. યોગાનુયોગ બે દિવસ પહેલાં જ કુલગામ વિસ્તારમાં આર્મીએ ચાર મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓના ફોટા સાથેનાં પોસ્ટર લગાવેલાં. લતીફ બટ, બિલાલ અહમદ મીર, મોહમ્મદ ઉમર મીર અને આબિદ કયૂમ લોન એ ચાર આતંકીનાં પોસ્ટર લગાવાયાં તેના બે દિવસમાં જ સીઆરપીએફ પર હુમલો થઈ ગયો એ પણ શું સૂચવે છે?એ જ કે, આતંકવાદીઓ પોતાનો ડર જાળવી રાખવા માગે છે. આ ચારેય આતંકવાદીઓના માથે ૧૫-૨૦ લાખનાં ઈનામ છે તેથી ઈનામની લાલચમાં કોઈ બાતમી ના આપી દે એટલા માટે આતંકવાદીઓએ સીધો સીઆરપીએફ પર જ હુમલો કરી દીધો. આતંકીઓએ આડકતરી રીતે કહી દીધું કે, સીઆરપીએફના જવાનો જ સલામત નથી તો અમારી ચાડી ખાનારાંની શું હાલત થશે એ સમજી જજો. કાશ્મીરની આ કડવી વાસ્તવિકતા છે ને તેના મૂળમાં હિંદુઓની કાયરતા છે. કલમ ૩૭૦ હટાવ્યા પછી દેશનો કોઈ પણ નાગરિક કાશ્મીર જઈને વસી શકે છે, સંપત્તિ ખરીદી શકે છે.

ટ્રમ્પના સંકેતનો ઈરાન પણ હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે

ટ્રમ્પ બેઆબરૂ થઈને ઘરભેગા થવાના ડરે ઢીલા પડી ગયા

ટ્રમ્પે તો ઈઝરાયલ પર પણ દોષનો ટોપલો ઢોળીને કહી દીધું કે, ઇઝરાયલ સામે પણ અમેરિકન પ્રજામાં ભારે રોષ છે.

ગુજરાતીમાં કહેવત છે કે, વાર્યા ના વળે એ હાર્યા વળે ને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના કિસ્સામાં આ વાત સાચી પડી છે. ઈરાન સામે યુદ્ધ છેડીને પેટ ચોળીને શૂળ ઊભું કરનારા ટ્રમ્પ મહિના પહેલાં લગી ઈરાનને ફનાફાતિયા કરી દેવાના હુંકાર કરતા હતા. અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે આખી દુનિયાની હાલત બગડી ગઈ હોવા છતાં ટ્રમ્પ યુદ્ધ ખતમ કરવા તૈયાર નહોતા પણ અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં પોતાની રિપબ્લિકન પાર્ટીને કારમી હાર મળતાં જ ટ્રમ્પ ઢીલાઢસ થઈ ગયા છે અને ઈરાન સામેના યુદ્ધનો સંકેલો કરી લેવાનો સંકેત આપી દીધો છે.

ટ્રમ્પના સંકેતનો ઈરાન પણ હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે તેથી નવું વરસ દુનિયા માટે સારું નિવડવાનાં એંધાણ છે. ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચીએ વળતું એલાન કર્યું છે કે, અમેરિકા તમામ મોરચે યુદ્ધ સમાપ્ત કરી નાખે તો ઈરાન બે દિવસની અંદર હોર્મુઝની ખાડી ખોલી દેશે. અરાઘચીએ સોશ્યલ મીડિયા પર એવું પણ લખ્યું છે કે, અમેરિકાએ ઈરાનની શરતો સ્વીકારવી પડશે અને અમેરિકા શરતો નહીં સ્વીકારે તો ઈરાન પણ હુમલો કરવા માટે તૈયાર છે.

અરાઘચીની આ વાત બહુ મહત્ત્વની નથી કેમ કે દરેક દેશ પોતે ઢીલો પડી નથી ગયો એ બતાવવા આવું કહેતો હોય છે. ટ્રમ્પ પણ અત્યાર લગી ફૂંફાડા મારતા જ હતા પણ હવે ઢીલા પડી જ ગયા છે. ઈરાન સાથે મંત્રણા પણ કરી રહ્યા છે ને હવે પછી લશ્કરી કાર્યવાહી નહીં થાય એવાં ગાણાં પણ ગાતા થઈ ગયા છે. અમેરિકા હુમલા ના કરે તો ઈરાન શું કરવા કશું કરે ?

ટ્રમ્પે સત્તાવાર રીતે ઈરાન સામેનું યુદ્ધ પતી ગયું હોવાનું એલાન કર્યું નથી કેમ કે ઈગો આડે આવે છે પણ આડકતરી રીતે કહી દીધું છે કે, હવે અમેરિકાને લડવામાં રસ નથી. કતારના વડા પ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલરહમાન બિન જાસિમ અલ થાનીએ હમણાં અમેરિકામાં પધરામણી ક



‘પ્રલય’ના શૂટિંગથી ક્રિકેટ મેચો ખોરવાઈ નથીઃ હંસલ મહેતાનો દાવો

રણવીર સિંહની ફિલ્મ ‘પ્રલય’નાં મુંબઈના આઝાદ મેદાનમાં થયેલા શૂટિંગને લઈને વિવાદ ઊભો થયો છે. મુંબઈ ક્રિકેટ એસોસિયેશન (MCA)એ ૬ કલાકના શૂટિંગ સામે વાંધો ઉઠાવી આક્ષેપ કર્યો હતો કે તેના કારણે અંડર-૧૪ અને અંડર-૧૬ની કેટલીક ઈન્ટર સ્કૂલ ક્રિકેટ મેચ મુલતવી રાખવી પડી હતી. જોકે, ફિલ્મનાં દિગ્દર્શક હંસલ મહેતાએ સ્પષ્ટતા કરી છે કે શૂટિંગ પહેલાં ટીમે જરૂરી તમામ પરવાનગીઓ મેળવી હતી.હંસલ મહેતાએ મુંબઈમાં ફિલ્મોના શૂટિંગ દરમિયાન આવતી વહીવટી મુશ્કેલીઓ સામે પણ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે અમલદારશાહીની અડચણોને કારણે મુંબઈમાં ફિલ્મનું શૂટિંગ કરવું મુશ્કેલ બની ગયું છે. સ્છએ મહારાષ્ટ્ર સરકારના રમતગમત વિભાગને પત્ર લખીને આઝાદ મેદાનમાં ફિલ્મનાં શૂટિંગની મંજૂરી અંગે ખુલાસો માગ્યો છે. એસોસિયેશનના જણાવ્યા મુજબ, મેદાન અને તેની પીચની જાળવણીની જવાબદારી તેની હોવા છતાં મંજૂરી આપતાં પહેલાં તેની સાથે ચર્ચા કરવામાં આવી નહોતી. શૂટિંગ માટે મોટો સેટ ઊભો કરાયો હતો અને કૃત્રિમ ઘાસ પાથરવામાં આવ્યું હતું, જેના કારણે અગાઉથી નક્કી થયેલી કેટલીક મેચનાં આયોજનમાં ફેરફાર કરવા પડ્યા હતા.MCAના એપેક્સ કાઉન્સિલના સભ્ય નદીમ મેમણે આક્ષેપ કર્યો હતો કે આઝાદ મેદાનમાં રમતગમત સિવાયની પ્રવૃત્તિઓને કારણે ક્રિકેટ માટેની જગ્યા સતત ઘટી રહી છે. તેમના મતે, મેદાન યુવા ખેલાડીઓની તાલીમ અને ટુર્નામેન્ટ માટે છે, વ્યાવસાયિક ફિલ્મ શૂટિંગ માટે નહીં. રમતગમત વિભાગે વ્યાવસાયિક કાર્યક્રમો કરતાં યુવા ખેલાડીઓની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવી જોઈએ.બીજી તરફ, રમતગમત વિભાગે મંજૂરીનો બચાવ કર્યો છે. અહેવાલ મુજબ, મહારાષ્ટ્ર સરકારના નિયમો હેઠળ આઝાદ મેદાનનો વર્ષમાં ૩૦ દિવસ સુધી બિનરમતગમત પ્રવૃત્તિઓ માટે ઉપયોગ થઈ શકે છે. ફિલ્મનાં નિર્માણ ગૃહ લાઈટ રેઝને ૫,૦૦૦ ચોરસ યાર્ડ વિસ્તારમાં ૬ કલાકના શૂટિંગ માટે મંજૂરી અપાઈ હતી. તેના માટે ૪૦,૦૦૦ ભાડું અને ૪૦,૦૦૦ રિફંડપાત્ર સિક્યોરિટી ડિપોઝિટ લેવામાં આવી હતી. જોકે, મંજૂરીમાં MCAનું NOC મેળવવાની શરત પણ સામેલ હતી.

ફિલ્મો ને ફટાકડા મુહૂર્ત - મહેફિલ ને મૂવી બિઝનેસ

‘ફિલ્મની કુંડળીમાં શુક્ર ગ્રહ એટલે રિલીઝનો શુક્રવાર વધારે મહત્ત્વનો છે ને એમાંયે દિવાળી તો ખાસ!’

‘દિવાળીમાં ઘેરઘેર લોકો હોંશે હોંશે તોરણ - કંદિલ લટકાવે છે, પણ ફિલ્મવાળાઓ માટે ‘હાઉસફુલ’નાં પાટિયાં લટકાવવા એ જ ઉત્સવ હોય છે.’

‘ફટાકડા ને ફિલ્મ જેમ જૂના થાય એમ હવાઇ જાય ને જેમ વધુ ફૂટે નિર્માતા કમાય.’

મુંબઈ ફિલ્મનગરીમાં દિવાળી એટલે બોક્સ ઑફિસનું લક્ષ્મીપૂજન! કઈ ફિલ્મની ઓપનિંગ કેટલી? કઇ બે ફિલ્મની ટક્કર? બોક્સ ઑફિસનો ફટાકડો બરાબર ફૂટે તો કરોડોની આતશબાજી, નહીં તો કરોડોનું સુરસુરિયું!

એક જમાનામાં દિવાળીની રજાઓમાં રાજશ્રી કે જેમિની ફિલ્મોની પારિવારિક ફિલ્મ જોવી એવી પારિવારિક પરંપરા હતી. એડવાન્સ બુકિંગ ખૂલે એટલે કતારો લાગતી. કાળીચૌદસના ‘કાલા જાદૂ’ કે ‘બ્લેક મેજિક’ કરતાંયે બ્લેકમાં ટિકિટ વેચનારાઓની દિવાળી વધારે દિલધડક રહેતી!

એ જમાનામાં દિવાળીનાં ફિલ્મી મુહૂર્ત પણ ભવ્ય પ્રસંગો હતો. નિર્માતાઓ શુભ દિવસે નવી ફિલ્મ જાહેર કરતા. કેમેરાને હાર પહેરાવાતો, નાળિયેર વધેરાતું અને ફિલ્મસ્ટાર્સની હાજરીમાં પ્રથમ શોટ શૂટ થતો... ફિલ્મી સામયિકોમાં મુહૂર્તની તસવીરો છપાતી.

‘સ્ક્રીન’ જેવા અખબારોમાં બાવીસ પાનાં ભરીને નવી ફિલ્મોના એલાન કરતી જાહેરાતો આવતી... રાજ કપૂર, યશ ચોપરા, સુભાષ ઘાઈ જેવા નિર્માતા-દિગ્દર્શકો ફિલ્મની જાહેરાતને પણ ઉત્સવ બનાવી દેતા. ક્યારેક તો મુહૂર્તમાં આખું બોલિવૂડ હાજર હોય, પરંતુ ફિલ્મ બનતા બીજી દિવાળી આવી જાય. અરે, ક્યારેક ફિલ્મ શરૂ જ ન થાય! જે જે ફિલ્મોનાં ભવ્ય મુહૂર્ત દિવાળીએ થયાં છે એ ફિલ્મો સફળ તો હિટ થવાની તો છોડો પણ ક્યારેય પૂરી જ નથી થઈ!

જૂની દિવાળી રિલીઝમાં ૧૯૭૮ની પ્રકાશ મહેરાની ‘મુકદ્દર કા સિકંદર યાદગાર છે. અમિતાભ બચ્ચન, વિનોદ ખન્ના અને રેખાની ફિલ્મે બોક્સ ઑફિસ પર ધમાલ મચાવી. ૧૯૮૫ની દિવાળીએ અમિતાભની ‘મર્દ આવી. એ જમાનામાં અમિતાભની નવી ફિલ્મ પોતે જ તહેવાર બની જતી. ૧૯૯૬માં આમિર ખાનની ‘રાજા હિન્દુસ્તાની’ અને સની દેઓલની ‘ઘાતક’એ પણ દિવાળીના પ્રેક્ષકોને આકર્ષ્યા.

એ પછી આવ્યો શાહરુખનો દિવાળી યુગ. ‘બાઝીગર’, ‘દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’, ‘દિલ તો પાગલ હૈ’, ‘કુછ કુછ હોતા હૈ’, ‘વીર ઝારા’, ‘ડોન’ અને ‘ઓમ શાંતિ ઓમ’ જેવી ફિલ્મો તહેવારની આસપાસ આવી. ૧૯૯૫માં ‘દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’ની શરૂઆત અસાધારણ નહોતી. પરંતુ દિવાળીની રજાઓમાં ફિલ્મે જોર પકડ્યું. પછી તો મુંબઈના મરાઠા મંદિરમાં દાયકાઓ સુધી ચાલવાનો ઇતિહાસ રચ્યો! એની સામે આવેલી માધુરીની ‘યારાના’ ભૂલાઈ ગઈ.

૧૯૯૮માં અમિતાભ-ગોવિંદાની ‘બડે મિયાં છોટે મિયાં’ સામે ‘કુછ કુછ હોતા હૈ’ આવી. શરૂઆતમાં કોમેડી આગળ હતી, પછી પ્રેમકથાએ બાજી મારી. દિવાળીએ લોકો માત્ર હસવા નહીં, રડવા માટે પણ ટિકિટ ખરીદે છે!

આ બધા વચ્ચે ૨૦૦૫ની દિવાળી મારા માટે યાદગાર રહી. પ્રિયદર્શનની બે ફિલ્મ એકસાથે આવી. અક્ષયકુમારની કોમેડી ‘ગરમ મસાલા’ (જે અંગ્રેજી ફિલ્મ નાટક ને મલયાલમ સિનેમાની બેઠ્ઠી કોપી હતી) અને સલમાન ખાન, કરીના કપૂરની કરુણ પ્રેમકથા ‘ક્યોં કિ’, જેનું લેખન અમે પોતે કર્યું હતું. સાથે ડેવિડ ધવનની ‘શાદી નંબર વન’ પણ રજૂ થઈ. ‘ગરમ મસાલા’ સફળ થઈ, જ્યારે અમારી ઈમોશનલ ‘ક્યોં કિ’ વખણાઈ પણ અપેક્ષા પ્રમાણે ચાલી નહીં. એક જ દિગ્દર્શક, એક જ તહેવાર, છતાં જુદાં પરિણામ! ફિલ્મનગરીમાં લક્ષ્મી કોના ઘરે પધારશે એની કોઈ જ્યોતિષી ચોક્કસ આગાહી કરી શકતો નથી.

૨૦૦૬માં શાહરુખની ‘ડોન’ સામે સલમાન, અક્ષય અને પ્રીતિ ઝિન્ટાની ‘જાન-એ-મન’ આવી. ત્રણ મોટા સ્ટાર્સ છતાં ‘જાન-એ-મન’ ચાલી નહીં. ૨૦૦૭માં ‘ઓમ શાંતિ ઓમ’ સામે ભણસાલીની ‘સાંવરિયા’ આવી. એકમાં દીપિકા પાદુકોણનું પદાર્પણ, બીજીમાં રણબીર કપૂર અને સોનમ કપૂર. ‘દીવાનગી દીવાનગી’ ગીતમાં અનેક ફિલ્મસ્ટાર્સ એકસાથે નાચ્યા. જાણે આખા બોલિવૂડે પડદા પર દિવાળી ઊજવી! ‘ઓમ શાંતિ ઓમ’ જીતી, ‘સાંવરિયા’ ઊંધી પછડાઈ ગઈ...

૨૦૧૦માં અક્ષય-ઐશ્વર્યાની ‘એક્શન રીપ્લે’ પીટાઈ ગઈ ને સામે અજય દેવગનની ‘ગોલમાલ ૩’ સફળ રહી. ૨૦૧૨માં ‘જબ તક હૈ જાન’ અને ‘સન ઑફ સરદાર’ વચ્ચે થિયેટરોની વહેંચણીનો વિવાદ થયો જે કોર્ટ સુધી ગયો અને અજય દેવગને યશરાજ ફિલ્મ વિરુદ્ધ ‘કોમ્પિટિશન કમિશ્નર ઓફ ઇંડિયા’ સમક્ષ ફરિયાદ કરેલી!

પરંતુ દિવાળીની સૌથી મોટી લપડાક ૨૦૧૮માં મળી. આમિર ખાન અને અમિતાભ જેવા બાવીસ સ્ટાર્સની ‘ઠગ્સ ઑફ હિન્દોસ્તાન’એ પહેલા દિવસે લગભગ બાવન કરોડ રૂપિયા કમાવી આપ્યા, એ હતું રેકોર્ડબ્રેક ઓપનિંગ! પરંતુ સોમવાર સુધીમાં રોજની કમાણી લગભગ છ કરોડ પર આવી ગઈ. બે સુપરસ્ટાર્સ, ભવ્ય નિર્માણ અને પ્રચાર છતાં ફિલ્મ નિષ્ફળ! જાણે ગુરુવારે લક્ષ્મીજી પધાર્યા અને સોમવારે વિદાય લઈ લીધી!

ફિલ્મોની વાર્તાઓમાં પણ દિવાળી છે. ‘ઝંજીર’માં ફટાકડાઓ વચ્ચે વિજયનાં માતા-પિતાની હત્યા થાય છે. ‘વાસ્તવ’માં દિવાળીએ રઘુ સોનાની ચેઇન પહેરી ઘરે આવે છે. ‘કભી ખુશી કભી ગમ’માં જયા બચ્ચનની આરતી અને શાહરુખનું આગમન માતા-પુત્રના મિલનની ભાવુક ક્ષણ બને છે.

પડદા બહાર બોલિવૂડની દિવાળીનો બીજો રંગ છે પત્તાં અને ખાણીપીણીની મહેફિલ. અમિતાભના ‘જલસા’ અને શાહરુખ-ગૌરીના ‘મન્નત’ની પાર્ટીઓની બહુ ચર્ચા થતી. બહાર ફોટોગ્રાફરોની ભીડ. કોણ આવ્યું, કોણ ગેરહાજર રહ્યું, એ બીજા દિવસની ફિલ્મી ખબર! સાસ બહુ ટી.વી સીરિયલોની જનની એકતા કપૂર, કાળી ચૌદસે સ્મશાનમાં મધરાતે તંત્રવિદ્યાવાળી ‘સિદ્ધિપૂજા’ કરે અને શિલ્પા શેટ્ટીની તીનપત્તી પાર્ટીઓમાં લાખો કરોડો રમાય છે...એવી વાતો બહુ ગાજતી. ફિલ્મી પાર્ટીમાં જૂના રોમાન્સ ને દારૂના નશામાં મારામારી જેવી ઘટનાઓ બહુ કોમન છે.

૨૦૧૮ના સંજય દત્તના ઘરે દિવાળી પાર્ટીમાં પત્રકારો ફોટોગરાફરોને સંજયે ઘરે જવા કહ્યું ને પછી વાત બોલાચાલી પર પહોંચેલી. એનો પણ વીડિયો વાયરલ થયેલો. ૨૦૧૯માં બચ્ચન પરિવારની દિવાળી પાર્ટીમાં ઐશ્વર્યા રાયની મેનેજર અર્ચના સદાનંદના કપડાંમાં આગ લાગી. શાહરુખ ખાને અર્ચનાને બચાવવામાં મદદ કરી હોવાના સમાચારો ગાજ્યા ને સલમાને પણ શાહરુખની પ્રશંસા કરેલી. જોકે પાછળથી ઐશ્વર્યાએ અર્ચનાને બચાવેલી એવો દાવો થયેલો! એક જ ઘટનામાંથી બાવીસ ફિલ્મી સ્ક્રિપ્ટ જેવા સમાચાર!

હવે કોવિડકાળ પછી દિવાળી પર બોક્સ ઑફિસ ઠંડી પડી છે. ૨૦૨૪માં ‘સિંઘમ અગેન’ અને ‘ભૂલ ભુલૈયા૩’ ટકરાયેલી પણ અગાઉ જેવી દિવાળીની બોક્સઓફિસની રોનક રહી નથી. અગાઉ તો આઈ.એન.ટી, કાંતિ મીડિયા, શૈલેશ દવે ગુજરાતી નાટકો પણ બેસતે વરસે રીલીઝ થતાં, હવે નાટકોના ભાગ્યે જ શો હોય છે. લોકોને દિવાળી સમયે મલ્ટિપ્લેક્સની મોંઘી ટિકિટો ને ખર્ચા પોસાતા નથી. સૌને દિવાળીની રજામાં માથેરાન, ખંડાલા કે આબુ જેવા હિલસ્ટેશને ભાગી જવું છે. ચલો. આ દિવાળીએ ૭૦૦ કરોડના ખર્ચે બનેલ ભવ્ય ફિલ્મ ‘રામાયણ’ હિટ થાય અને પહેલાંની જેમ દર દિવાળીએ સિનેમાઘરો ફરી ધમધમવા માંડે એવી રામજી અને લક્ષ્મીજીને પ્રાર્થના!



પ્રિયંકાએ ‘વેન્ટિલેટર ૨’ની જાહેરાત કરી, ૧૦ વર્ષ પછી મરાઠી ફિલ્મ કરશે

મૂળ ફિલ્મના દિગ્દર્શક રાજેશ માપુસકર જ સંભાળશે દિગ્દર્શનની જવાબદારી, પ્રિયંકા ચોપરા પોતાની પ્રથમ ફિલ્મ પ્રોડક્શન સાથે જોડાયેલી યાદગાર ફિલ્મ ‘વેન્ટિલેટર’ની દુનિયામાં ૧૦ વર્ષ બાદ પરત ફરી રહી છે. તેણે ૨૦૧૬માં આવેલી મરાઠી ફિલ્મની સિક્વલ ‘વેન્ટિલેટર ૨’ની જાહેરાત કરી છે. તેની પ્રોડક્શન કંપની પર્પલ પેબલ પિક્ચર્સનાં ૧૦ વર્ષ પૂરા થવાના અવસરે આ જાહેરાત કરવામાં આવી છે.પ્રિયંકાએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરીને જણાવ્યું કે ૧૦ વર્ષ પહેલાં પર્પલ પેબલ પિક્ચર્સની શરૂઆત કરતી વખતે તેનો હેતુ અર્થસભર વાર્તાઓને પ્રોત્સાહન આપવાનો હતો. ‘વેન્ટિલેટર’ એવી જ એક મહત્ત્વપૂર્ણ ફિલ્મ હતી અને એક દાયકા બાદ તેની વાર્તા સાથે ફરી જોડાવાનો આનંદ છે.

૨૦૧૬ની મૂળ ફિલ્મનું દિગ્દર્શન કરનાર રાજેશ માપુસકર જ સિક્વલનું પણ દિગ્દર્શન કરશે. પ્રિયંકા ચોપરા, ડૉ. મધુ ચોપરા અને રાજેશ માપુસકર પર્પલ પેબલ પિક્ચર્સ તથા મેજિક પિક્ચર્સના બેનર હેઠળ ફિલ્મનું નિર્માણ કરશે. ફિલ્મ ૨૦૨૭માં રિલીઝ થવાની છે. જોકે, કલાકારો, વાર્તા અને શૂટિંગ અંગેની વિગતો જાહેર કરવામાં આવી નથી.

મૂળ ‘વેન્ટિલેટર’ની વાર્તા ગણેશોત્સવ દરમિયાન હોસ્પિટલમાં વેન્ટિલેટર પર રહેલા પરિવારના વડીલ ગજાનન કામેરકરની આસપાસ ફરે છે. તેમની ગંભીર સ્થિતિને કારણે એકઠા થયેલા પરિવારજનો વચ્ચે જૂના મતભેદો અને સંબંધોની ગૂંચવણો પણ સામે આવે છે. હાસ્ય અને લાગણીના સમન્વયવાળી આ ફિલ્મમાં આશુતોષ ગોવારિકર, જિતેન્દ્ર જોશી, સુલભા આર્યા, વિજુ ખોટે, સતીશ આલેકર અને અચ્યુત પોટદાર જોવા મળ્યા હતા. પ્રિયંકાએ પણ તેમાં ખાસ ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મ પરથી ગુજરાતી ફિલ્મ પણ એ જ નામથી બની હતી અને લોકપ્રિય થઈ હતી.

ફિલ્મને ત્રણ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યા હતા. પ્રિયંકા ચોપરાનાં પ્રોડ્કશન હાઉસે આ ઉપરાંત ‘પાણી’, ‘ફાયરબ્રાન્ડ’, ‘ધ સ્કાય ઇઝ પિંક’ અને ‘ધ વ્હાઇટ ટાઇગર’ જેવી ફિલ્મોનું નિર્માણ કર્યું છે.

રાવણને રાજપાટ ને રામને રઝળપાટ

વાત દીવા જેવી સ્પષ્ટ છે. નિતેશ તિવારી દિગ્દર્શિત રણબીર કપૂર અને યશને રામ - રાવણના રોલમાં ચમકાવતી ‘રામાયણ - પાર્ટ વન’ને મળેલા પ્રતિસાદે દૂધનું દૂધ અને પાણીનું પાણી ફરી એક વાર કરી નાખ્યું છે. પહેલા છ દિવસમાં (મંગળવારના ભાઈબીજના તહેવાર સુધીમાં)

ભારતમાં ૫૨૬.૫૦ કરોડનો વકરો (કલેક્શન) કરવામાં સફળ રહી છે, પણ આ જ ફિલ્મ સાઉથની ફિલ્મો જોતા દર્શકો સામે સરખામણીમાં મોળી - વામણી પૂરવાર થઈ છે. ભારતમાં ‘રામાયણ’ હિન્દી ઉપરાંત સાઉથની ચાર ભાષા (તમિળ, તેલુગુ, ક્યનડ અને મલયાલમ)માં ડબ કરી રિલીઝ કરવામાં આવી છે. જોકે, કલેક્શનની વાત કરીએ તો કુલ વકરાનું ૭૬.૩ ટકા કલેક્શન તો હિન્દી વર્ઝનએ જ કર્યું છે. સાઉથની ચાર ભાષાનું સહિયારું કલેક્શન ૨૩.૭ ટકા જ રહ્યું છે. સાઉથની ભાષાઓમાં ૪૧.૨૦ કરોડ (૯.૪ ટકા) સાથે ક્યનડ સંસ્કરણ પ્રથમ ક્રમે છે. ફિલ્મમાં રાવણનું પાત્ર ભજવનાર એક્ટર યશ ક્યનડ ફિલ્મોનો સ્ટાર હોવાથી આ શક્ય બન્યું છે. ત્યારબાદ તેલુગુ (૩૩ કરોડ), તમિળ (૧૭.૩૫ કરોડ) અને મલયાલમ (૧૨.૯૦ કરોડ) આવે છે.

જોકે, અહીં એક અન્ય આંકડાકીય માહિતી ધ્યાનમાં લેવા જેવી એ છે કે ‘રામાયણ’ના થ્રી ડી ક્યનડ વર્ઝનમાં થિયેટર ઓક્યુપન્સી ૮૭.૭૦% હતી જ્યારે હિન્દીમાં આ ટકાવારી ૫૯.૪૨% હતી. થિયેટર ઓક્યુપન્સી એટલે શો દરમિયાન દર્શકોની હાજરી. આના પરથી સ્પષ્ટ થાય છે કે ક્યનડમાં ડબ થયેલી ફિલ્મ માટે દર્શકોની ટકાવારી વધુ હતી, પણ શો મર્યાદિત હોવાથી કલેક્શન હિન્દીની સરખામણીએ તગડું નથી મળ્યું એવું ચિત્ર ઊપસે છે. એક વાત એ નોંધવા જેવી છે કે કેરળમાં અગાઉની કોઈ પણ હિન્દી ફિલ્મ કરતા ‘રામાયણ’ પહેલા છ દિવસમાં વધુ કલેક્શન





મેળવવામાં સફળ રહી છે. ડબિંગ ટેકનિકમાં આવેલી ક્રાંતિ એનું કારણ હોઈ શકે છે.

આ વર્ષે જ રિલીઝ થયેલી યશની વાહિયાત ફિલ્મ ‘ટોક્સિક: અ ફેઈરી ટેલ ફોર ગ્રોન અપ્સ’ ક્યનડમાં બની હતી અને સાઉથની અન્ય ત્રણ ભાષા ઉપરાંત હિન્દીમાં પણ ડબ કરી પ્રદર્શિત કરવામાં આવી હતી. આ ફિલ્મનું ભાષાવાર કલેક્શન જોઈ વિમાસણ થાય એવું છે. ભારતમાં અંગ્રેજી વર્ઝન સાથે ૨૫૦.૧૩ કરોડનો વકરો કરનારી આ ફિલ્મે એની મૂળ ભાષા ક્યનડમાં ૬૩.૧૧ કરોડનું કલેક્શન મેળવ્યું હતું અને હિન્દીમાં? ૧૪૯. ૨૮ કરોડ. મૂળ ભાષા કરતા બમણાથી વધારે. ‘ટોક્સિક’નો હીરો હતો યશ જેણે ‘રામાયણ’માં રાવણનો રોલ કર્યો છે.

ટૂંકમાં ધનરાશિમાં રાવણને હિન્દીમાં રાજપાટ અને રામને સાઉથની ભાષાઓમાં રઝળપાટ જેવી અવસ્થા જોવા મળી છે. ગયા વર્ષે રિલીઝ થયેલી ઋષભ શેટ્ટીની ‘કાંતારા: અ લેજન્ડ ચેપ્ટર વન’ ભારતમાં કુલ ૬૨૨.૪૬૮ કરોડનું કલેક્શન મેળવ્યું હતું. એમાં એની મૂળ ભાષા ક્યનડનો વકરો હતો ૨૦૦.૦૨ કરોડ જ્યારે હિન્દીમાં ડબ થયેલા સંસ્કરણનું યોગદાન હતું ૨૨૩.૭૯ કરોડ. રજનીકાંતની ‘જેલર ૨’ કલેક્શન બાબતે થોડી અલગ પડે છે. આ ફિલ્મનું તમિળ - તેલુગુ કલેક્શન અનુક્રમે ૩૨૩.૭૫ કરોડ અને ૮૫.૬૫ કરોડ છે જ્યારે હિન્દીની વકરો ફક્ત ૫૦.૧૫ કરોડ છે. હિન્દીભાષી ફિલ્મી જોતા સિને રસિકોમાં રજનીકાંતનો ક્રેઝ હવે પહેલા જેવો નથી એ એનું મુખ્ય કારણ હોવું જોઈએ.

થોડા પાછળ જઈએ. ૨૦૨૦ પછીના લોકડાઉનના સમયગાળામાં હિન્દી ફિલ્મો પ્રમુખપણે જોતા સિને રસિકોને સબ ટાઈટલ ધરાવતી સાઉથની ઓરિજિનલ ફિલ્મો ઓટીટી પ્લેટફોર્મ પર જોવાનો મોકો મળ્યો. કુતૂહલ વધવાને કારણે ‘પુષ્પા ધ રાઈઝ’ (તેલુગુ) માટે થિયેટરમાં ધસારો જોવા મળ્યો અને મર્યાદિત રિલીઝ છતાં ફિલ્મના હિન્દી સંસ્કરણને ૧૦૦ કરોડનો વકરો કરવામાં સફળતા મળી.

૨૦૨૨માં તો રાજામૌલીની ‘આરઆરઆર’ અને ‘કેજીએફ ચેપ્ટર ટુ’ને તો બોક્સ ઓફિસ પર તડાકો પડ્યો. આંખો અંજાઈ જાય એવી વાત એ હતી કે ‘કેજીએફ ચેપ્ટર ટુ’નું હિન્દી સંસ્કરણ ૪૩૫ કરોડ ઉસરડી જવામાં સફળ રહ્યું હતું. ૨૦૨૪માં આવેલી ‘પુષ્પા ટુ: ધ રૂલ’એ તો હદ કરી. ઓરિજિનલ તેલુગુનું કલેક્શન ૩૪૩ કરોડ હતું જ્યારે હિન્દી સંસ્કરણનો વકરો હતો ૮૩૬ કરોડ. ડબ થયેલી ફિલ્મનો વકરો મૂળ ફિલ્મ કરતા લગભગ અઢી ગણો. ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આખો કોઠાર જેવી વાત જોવા મળી.

રણવીર સિંહની ધૂઆંધાર સફળતા મેળવનારી ‘ધુરંધર’ તો કોઈ પણ સાઉથની ભાષામાં ડબ નહોતી કરવામાં આવી. સિક્વલ ‘ધુરંધર ૨: ધ રિવેન્જ’ તેલુગુ, તમિળ, ક્યનડ અને મલયાલમમાં ડબ કરી રજૂ કરવામાં આવી હતી, પણ કેટલું કલેક્શન મેળવ્યું? હિન્દીનો વકરો ૧૦૮૦.૭૬ કરોડ અને સાઉથની ચારેય ભાષાનું સહિયારું કલેક્શન માત્ર ૬૮.૫૪ કરોડ. પરચુરણ કહી શકાય એટલું ૬.૩૪ ટકા.

સાઉથની ફિલ્મોને હિન્દી બેલ્ટમાં ભવ્ય આદર - સત્કાર થાય છે જ્યારે હિન્દી ફિલ્મો સાથે સાઉથની ભાષામાં કેમ ઓરમાયું વર્તન થાય છે? એ વિચારવા જેવી વાત છે. દક્ષિણ ભારતમાં હિન્દી પૌરાણિક ફિલ્મોનું ન ચાલવા પાછળનું મુખ્ય કારણ એ અપાય છે કે સાઉથના દર્શકો તેમના મૂળિયાં સાથે જોડાયેલા સમૃદ્ધ પૌરાણિક સિનેમા જોવા ટેવાયેલા હોય છે. આ દર્શકો સંસ્કૃતિ - પરંપરા અંગે બાંધછોડ નથી ચલાવી લેતા. ધાર્મિક મહાકાવ્યો પરથી હિન્દી ફિલ્મ બનાવતી વખતે મૂળ ભાવના અને ભક્તિને બદલે આધુનિક રજૂઆત અને ભવ્ય રજૂઆત પર ભાર મૂકવામાં આવે છે.

સાઉથના દર્શકોને એમાં રુચિ ઓછી હોય છે. દક્ષિણ ભારતમાં સ્થાનિક ભાષાની ફિલ્મોનો દબદબો ઘણો વધારે છે. થિયેટરમાં પ્રાદેશિક ફિલ્મોને પ્રાધાન્ય મળે છે, જ્યારે હિન્દી ફિલ્મો સ્થાનિક પ્રેક્ષકો સુધી પહોંચવા માર્કેટિંગ કરવામાં ઘણી વાર ઊણી ઊતરે છે. સાઉથના મેકરોમાં હિન્દી રિલીઝ માટે ચોક્સાઈ - આતુરતા જોવા મળે છે એવું હિન્દી ફિલ્મ મેકરોમાં સાઉથની ફિલ્મો માટે જોવા નથી મળતું.





ન્યૂઝીલેન્ડ સામેની ચોથી વનડેમાં ભારતની શરમજનક હાર

૨૪૪ રને કારમો પરાજય : ઝીરોમાં જ 3 વિકેટ ખડી ગઈ હતી, માત્ર 3 ખેલાડી જ ‘લ્હબે આંકડા’ના સ્કોર સુધી પહોંચી શકયા

નવી દિલ્હી : ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી પાંચ મેચની વનડે સિરીઝના ચોથા મુકાબલામાં ભારતીય ટીમને ૨૪૪ રનોથી મોટી હારનો સામનો કરવો પડ્યો છે. પ્રથમ બેટિંગ કરતાં ન્યૂઝીલેન્ડે વિલ યંગના શાનદાર ૧૨૫ રનની મદદથી નિર્ધારિત ૫૦ ઓવરમાં ૩૩૩ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો.

જવાબમાં ભારતીય ટીમની બેટિંગ તૂટી ગઈ હતી અને સમગ્ર ટીમ માત્ર ૨૬.૪ ઓવરમાં ૮૯ રન બનાવીને પેવેલિયન ભેગી થઈ ગઈ હતી. સિરીઝની આ ચોથી મેચ જીતીને ન્યૂઝીલેન્ડે સિરીઝમાં પોતાની પ્રથમ જીત મેળવી છે. વિશાળ લક્ષ્ય સામે ભારતીય બેટ્સમેનોનું આ નબળું પ્રદર્શન ક્રિકેટ ચાહકો માટે અત્યંત નિરાશાજનક રહ્યું હતું.

મેચની શરૂઆત જ ભારત માટે અત્યંત ખરાબ રહી હતી અને પહેલા જ ઓવરમાં હાર નક્કી થઈ ગઈ હતી. ન્યૂઝીલેન્ડના ફાસ્ટ બોલર મેટ હેનરીએ પ્રહાર કરતા પ્રથમ ઓવરના પહેલા જ બોલ પર ઓપનર રોહિત શર્માને શૂન્ય પર આઉટ કર્યો, ત્યારબાદ પાંચમા બોલ પર વિરાટ કોહલી અને છઠ્ઠા બોલ પર કેપ્ટન શ્રેયસ અય્યરને પણ ગોલ્ડન ડકનો શિકાર બનાવ્યા હતા.ભારતે ખાતું ખોલાવ્યા વિના જ પોતાની ત્રણ મહત્ત્વની વિકેટો ગુમાવી દીધી હતી, જેમાંથી બચવું મુશ્કેલ બની ગયું હતું. ટોપ ઓર્ડરના આ રીતે ધબડકાને કારણે સમગ્ર ટીમ પર શરૂઆતથી જ ભારે દબાણ આવી ગયું હતું.

ભારતીય બેટિંગ લાઈનઅપની કંગાળ સ્થિતિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ટીમમાં માત્ર ત્રણ જ ખેલાડીઓ દસનો આંકડો પાર કરી શક્યા હતા. વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશને સૌથી વધુ ૨૭ રન બનાવ્યા, જ્યારે અક્ષર પટેલ અને નમન ધીર બંનેએ ૨૧-૨૧ રનનું યોગદાન આપ્યું હતું.ઘાતક બોલિંગ પ્રદર્શન કરનાર મેટ હેનરીએ માત્ર ૨૭ રન આપીને ૬ વિકેટ ઝડપી હતી, જેના કારણે ભારતીય ટીમ નિયમિત અંતરે વિકેટો ગુમાવતા ઓછી ઓવરોમાં જ સમેટાઈ ગઈ હતી. કિવિ બોલરોની સચોટ લાઈન અને લેન્થ સામે ભારતનો મિડલ અને લોઅર ઓર્ડર પણ સંપૂર્ણપણે લાચાર જોવા મળ્યો હતો.ન્યૂઝીલેન્ડ તરફથી ઓપનર વિલ યંગે ૧૦૮ બોલમાં ૧૪ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી શાનદાર ૧૨૫ રનની સદી ફટકારી હતી, જ્યારે ટિમ સીફર્ટે પણ ૫૮ રનની ઝડપી ઈનિંગ રમી હતી. તેની આ ધમાકેદાર ઈનિંગ અને ઓપનિંગ જોડીના સહારે કિવિઓએ મોટો સ્કોર બનાવ્યો હતો.ભારતીય બોલિંગમાં આકીબ નબી, ગુરનૂર બરાડ અને અક્ષર પ્રત્યેકે બે-બે વિકેટ ઝડપી હતી, પરંતુ તે ન્યૂઝીલેન્ડના વિસ્ફોટક બેટ્સમેનોને રોકવામાં અપૂરતા સાબિત થયા હતા. ભારતીય બોલરોની રન ગતિ પર અંકુશ ન રાખી શકવાની નબળાઈ અને શરૂઆતમાં છોડેલા કેચ ટીમને ભારે પડ્યા હતા.આ હાર છતાં ભારતીય ટીમ પાંચ મેચોની આ વનડે સિરીઝમાં હજુ પણ ૨-૧થી લીડ ધરાવે છે. વચગાળાના કેપ્ટન શ્રેયસ અય્યર અને સિનિયર ખેલાડીઓ માટે આ પ્રદર્શન ચિંતાનો વિષય બન્યું છે, કારણ કે આગામી મેચમાં ટીમ વાપસી કરવા માટે સખત મહેનત કરવી પડશે.સિરીઝની પાંચમી અને અંતિમ મેચ બંને ટીમો માટે નિર્ણાયક સાબિત થશે. આગામી મુકાબલામાં ભારત પાસે સિરીઝ કબજે કરવાની તક રહેશે, જ્યારે ન્યૂઝીલેન્ડ જીતની લય જાળવી રાખીને સિરીઝ બરાબરી પર લાવવા મેદાનમાં ઉતરશે.



‘૨૬ ઓવરમાં આઉટ થવું એ ચિંતાની વાત છે’ : ગંભીર

વર્લ્ડ કપ પહેલાં કોચ ગૌતમ ગંભીરની પરેશાનીઓ વધી

નવી દિલ્હી તા, ૧૪

ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં ભારતીય ટીમ સો રનથી ઓછા સ્કોર પર ઓલઆઉટ થઈ જવાથી મુખ્ય કોચ ગૌતમ ગંભીરની ચિંતા વધી ગઈ છે. તેમણે કહ્યું કે મોટી ચિંતા રન બનાવવાની નથી, પરંતુ તે છે કે આપણે ૨૬-૨૭ ઓવરમાં જ આઉટ થઈ ગયા.

તેમણે મેચ પછી કહ્યું, જ્યારે તમારી ટીમ ૯૦ રનની આસપાસનાં સ્કોર પર ઓલઆઉટ થઈ જાય છે, ત્યારે ચિંતા થવી સ્વાભાવિક છે. હું ચિંતિત કેમ ન હોઉં? અહીની પરિસ્થિતિઓ વિશ્વ કપમાં મળનારી પરિસ્થિતિઓ સાથે ઘણી મળતી આવે છે.

જો તમે શરૂઆતની ૧૦ ઓવરમાં એકપણ વિકેટ ગુમાવ્યાં વગર ૩૫ કે ૪૦ રન બનાવી લો છો, તો તે પણ એક સારું પ્રદર્શન ગણાય. સામાન્ય રીતે શરૂઆતની ૧૦ ઓવર બેટિંગ માટે સૌથી મુશ્કેલ સમય હોય છે.

ગંભીરે કહ્યું કે, બેટ્સમેનોએ ન્યૂઝીલેન્ડના ઝડપી બોલરો મેટ હેનરી અને કાઈલ જેમીસનની બોલિંગની લેન્થ સામે વધુ સ્પષ્ટ અને નિર્ણાયક વલણ અપનાવવું પડશે. ખાસ કરીને એવા બોલ પર બેટ્સમેનો અસમંજસમાં પડી જાય છે, જેમાં એ નક્કી કરવું મુશ્કેલ બની જાય છે કે આગળ વધીને રમવું કે બેકફૂટ પર રહેવું.

તેમણે જણાવ્યું કે, હેનરીએ રોહિતને સ્લિપમાં કેચ કરાવ્યો અને પછી વિરાટ તથા શ્રેયસને અંદરની તરફ આવતાં બોલ પર આઉટ કર્યા. આપણે એ શીખવાની જરૂર છે કે સતત વિકેટોને કેવી રીતે નિશાન બનાવવી અને બેટ્સમેનોના પેડ પર કેવી રીતે બોલિંગ કરવી.



વિરાટ કોહલીએ સચિન તેંડુલકરના શરમજનક રેકોર્ડની બરાબરી કરી ; વન-ડેમાં ૨૦ મી વખત શૂન્ય પર આઉટ

ન્યૂઝીલેન્ડ સામેની ચોથી વન-ડેમાં ઈનિંગની પહેલી જ ઓવરમાં મેટ હેનરીએ કોહલીને શૂન્ય પર બોલ્ડ કર્યો

નવી દિલ્હી, તા. ૧૪

વિરાટ કોહલીએ સચિન તેંડુલકરના અનેક મોટા રેકોર્ડ તોડ્યાં છે, પરંતુ હવે તે સચિનના એક શરમજનક રેકોર્ડની બરાબરી પર પણ આવી ગયો છે. ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે શ્રેણીના ચોથા મુકાબલામાં વિરાટ કોહલી ખાતું ખોલાવ્યા વગર જ આઉટ થઈ ગયો હતો.

ઈનિંગ્સની પહેલી જ ઓવરમાં ન્યૂઝીલેન્ડના ઝડપી બોલર મેટ હેનરીએ વિરાટને ક્લીન બોલ્ડ કરી પેવેલિયન ભેગો કર્યો હતો. આ સાથે જ કોહલી વન-ડે ક્રિકેટમાં ૨૦ મી વખત 'ડક' (શૂન્ય) પર આઉટ થયો છે.વન-ડે ક્રિકેટમાં ભારત તરફથી સૌથી વધુ વખત શૂન્ય પર આઉટ થવાનો રેકોર્ડ અત્યાર સુધી સચિન તેંડુલકરના નામે હતો, જે પોતાની ૪૬૩ મેચની કારકિર્દીમાં ૨૦ વખત શૂન્ય પર આઉટ થયો હતો.વિરાટ કોહલીએ ૨૦૦૮ માં ડેબ્યૂ કર્યા બાદ અત્યાર સુધી ૩૨૧ મેચની ૩૦૮ ઈનિંગ્સમાં ૨૦ વખત ખાતું ખોલાવ્યા વગર વિકેટ ગુમાવી છે. એટલે કે વિરાટે સચિન કરતાં ૧૪૨ ઓછી મેચ રમીને જ તેમના આ રેકોર્ડની બરાબરી કરી લીધી છે.

આ યાદીમાં યુવરાજ સિંહ (૩૦૧ મેચ) અને રોહિત શર્મા (૨૯૫ મેચ) ૧૮-૧૮ ડક સાથે સંયુક્ત રીતે ત્રીજા સ્થાને છે, જ્યારે સૌરવ ગાંગુલી ૩૦૮ મેચમાં ૧૬ વખત શૂન્ય પર આઉટ થયા હતા.વર્ષ ૨૦૧૦ માં ઝિમ્બાબ્વે સામે રન આઉટ થઈને પ્રથમ વખત શૂન્ય પર આઉટ થનાર વિરાટ કોહલી છેલ્લી ૪ ઈનિંગ્સમાં બીજી વખત ખાતું ખોલાવવામાં નિષ્ફળ રહ્યો છે. આ અગાઉ વેસ્ટ ઈન્ડિઝ સામેની છેલ્લી વન-ડેમાં પણ તે શૂન્ય પર આઉટ થયો હતો.

રિંકુ સિંહ અને પ્રિયા સરોજના લગ્ન : પરિવારે યુપીનાં સીએમ યોગી આદિત્યનાથને આમંત્રણ આપ્યું

નવી દિલ્હી, તા. ૧૪

ભારતીય ક્રિકેટર રિંકુ સિંહ અને સમાજવાદી પાર્ટીના સાંસદ પ્રિયા સરોજના લગ્નની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. આ ખાસ અવસર માટે રિંકુ સિંહના પરિવારે ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને લગ્નનું આમંત્રણ પાઠવ્યું છે.

રિંકુની માતા બીના દેવી, ભાઈ સોનુ સિંહ અને બહેન નેહા સિંહે લખનઉ સ્થિત મુખ્યમંત્રી નિવાસસ્થાને જઈને સીએમ યોગી આદિત્યનાથને રૂબરૂ લગ્નની કંકોત્રી આપી હતી.

આ લગ્ન સમારોહ આગામી ૪ ડિસેમ્બરનાં રોજ લખનઉની રામાડા હોટેલમાં યોજાશે, જેમાં ક્રિકેટ અને રાજકીય જગતની અનેક જાણીતી હસ્તીઓ હાજરી આપે તેવી શક્યતા છે.

રિંકુ સિંહ ભારતીય લિમિટેડ-ઓવર્સ ક્રિકેટ ટીમનો મહત્વનો હિસ્સો છે, જ્યારે પ્રિયા સરોજ



ઉત્તર પ્રદેશની મછલીશહર બેઠક પરથી સમાજવાદી પાર્ટીના સાંસદ છે. અગાઉ ૮ જૂન, ૨૦૨૫ ના રોજ લખનઉની ધ સેન્ટ્રમ હોટેલમાં બંનેની સગાઈ થઈ હતી, જેના લગભગ દોઢ વર્ષ બાદ હવે બંને

આભાર - નિહારીકા રવિયા લગ્નગ્રંથિથી જોડાવા જઈ રહ્યા છે.

પોતાની લવ સ્ટોરી વિશે વાત કરતાં રિંકુ સિંહે અગાઉ જણાવ્યું હતું કે તેમની મુલાકાત કોવિડ-૧૯ મહામારી દરમિયાન સોશિયલ મીડિયા દ્વારા થઈ હતી. પ્રિયાએ રિંકુના કેટલાક ફોટા લાઈક કર્યા બાદ રિંકુએ હિંમત કરીને મેસેજ મોકલ્યો હતો અને ત્યારબાદ બંને વચ્ચે નિયમિત વાતચીત શરૂ થઈ હતી.

આ દરમિયાન, ક્રિકેટ મેદાનની વાત કરીએ તો રિંકુ સિંહ ૧૯ થી ૨૯ નવેમ્બર દરમિયાન દોહામાં યોજાનાર 'એસીસી રાઇઝિંગ સ્ટાર્સ એશિયા કપ'માં ઇન્ડિયા-એ ટીમના વાઇસ-કેપ્ટન તરીકે મેદાનમાં વાપસી કરવા જઈ રહ્યાં છે.

૪ ડિસેમ્બરે લખનઉની રામાડા હોટેલમાં યોજાશે ભવ્ય લગ્ન સમારોહ ; ક્રિકેટ અને રાજકારણના દિગ્ગજો આપશે હાજરી



ખ્વાજાનો દાવો સંપૂર્ણપણે બકવાસ છે : પેટ કમિન્સ

સિડની, તા. ૧૪

ઓસ્ટ્રેલિયાનાં કેપ્ટન પેટ કમિન્સે ઉસ્માન ખ્વાજાના એ દાવાને 'સંપૂર્ણપણે બકવાસ' ગણાવ્યો છે, જેમાં ખ્વાજાએ કહ્યું હતું કે વર્ષ ૨૦૧૮ માં ક્રિકેટ જગતને હલાવી દેનાર 'સૈંડપેપરગેટ' કાંડમાં બોલ સાથે છેડછાડ કરવામાં આખી ટીમ સામેલ હતી.

કમિન્સે શુક્રવારે પ્રેસ કૉન્ફરન્સની શરૂઆત એ કહીને કરી હતી કે જો જરૂર પડશે તો તે આખા દિવસ માટે રોકાઈને જવાબ આપવા તૈયાર છે, કારણ કે તે આ વિવાદ પર પૂર્ણવિરામ મૂકવા માંગે છે.કમિન્સે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, "તેણે (ખ્વાજાએ) કહ્યું છે કે હું અને અન્ય લોકો પણ સેન્ડપેપરથી બોલ સાથે ચેડાં કરવાની સાજીશમાં સામેલ હતા. આ વાત એકદમ બકવાસ છે."

જોકે, ઉસ્માન ખ્વાજાને ડેવિડ વોર્નરનું જાહેરમાં સમર્થન મળ્યું છે, જેમણે સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે તે સમયે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની તપાસ ઉતાવળમાં અને ખોટી રીતે કરવામાં આવી હતી.

બીસીસીઆઈની અંડર-૧૯ ટીમમાં પસંદગી પામેલી મહિલા ક્રિકેટરનો આપઘાત

બે યુવકો પર પજવણીનો આરોપ : પરિવારજનોનો રસ્તા પર ઉતરી વિરોધ ; પોલીસે મોબાઈલ ફોન જપ્ત કરી તપાસ હાથ ધરી



હૈદરાબાદ. તા. ૧૪

તેલંગાણાના વિકારાબાદમાં તાજેતરમાં જ બીસીસીઆઈની અંડર-૧૯ મહિલા ક્રિકેટ ટીમમાં પસંદગી પામેલી યુવા ક્રિકેટર નંદિનીએ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. નંદિનીના અચાનક નિધનથી તેનો પરિવાર ઊંડા આઘાતમાં સરી પડ્યો છે.

આ ઘટના બાદ પરિવારજનો અને સંબંધીઓએ રસ્તા પર ઉતરીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને અનિલ તથા કૃષ્ણા નામના બે યુવકો પર માનસિક ત્રાસ અને પજવણીનો આરોપ લગાવી તેમની તાત્કાલિક ધરપકડ કરવાની માંગ કરી છે.

મૂળ વિકારાબાદ જિલ્લાના યલાલ મંડળ સ્થિત સંગયાપલ્લી ગામની રહેવાસી નંદિની વિકારાબાદની મધુ કોલોનીમાં પોતાની નાનીના ઘરે રહીને અભ્યાસની સાથે ક્રિકેટની કોચિંગ લઈ રહી હતી.

પરિવારજનોના જણાવ્યાં અનુસાર, અનિલ છેલ્લા કેટલાક દિવસોથી પ્રેમનાં નામે નંદિનીનો પીછો કરી તેને સતત હેરાન કરી રહ્યો હતો, જ્યારે કૃષ્ણા આ કામમાં તેને મદદ કરતો હતો. આ બંને યુવકોના ત્રાસથી કંટાળીને નંદિનીએ આ અંતિમ પગલું ભર્યું હોવાનો પરિવારે આક્ષેપ કર્યો છે.

વિકારાબાદના સર્કલ ઈન્સ્પેક્ટર રઘુએ જણાવ્યું હતું કે પોલીસને સવારે અંદાજે ૯ વાગ્યે ઘટનાની જાણ થઈ હતી. પ્રાથમિક તપાસમાં નંદિનીએ છતના પંખાના હૂક સાથે દુપટ્ટો બાંધીને ગળેફાંસો ખાધો હોવાનું સામે આવ્યું છે. પિતાની ફરિયાદના આધારે પોલીસે શંકાસ્પદ મોતનો ગુનો નોંધ્યો છે અને પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો.

તપાસનાં ભાગરૂપે પોલીસે નંદિનીનો મોબાઈલ ફોન જપ્ત કરી ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યો છે. સીઆઈ રઘુએ સ્પષ્ટ કર્યું છે કે નંદિનીને સોશિયલ મીડિયા દ્વારા કોઈ હેરાન કરતું હતું કે કેમ તે જાણવા માટે તેના ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને વોટ્સએપ એકાઉન્ટ્સની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે અને તેના આધારે દોષિતો સામે કડક કાર્યવાહી કરાશે.

જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી

માંગરોળના વાંકલ ખાતે પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય ગણપતસિંહ વસાવાની પ્રેરક ઉપસ્થિતિમાં 'યુવા સંમેલન' યોજાયું

આદિવાસી સમાજના ગૌરવવંતા ઇતિહાસને જન-જન સુધી પહોંચાડવા સમગ્ર રાજ્યમાં ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છેઃ ધારાસભ્ય ગણપતસિંહ વસાવા

સુરત, ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિના ભાગરૂપે 'જનજાતીય ગૌરવ સપ્તાહ'ની ઉજવણીના અંતર્ગત પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય ગણપતસિંહ વસાવાની પ્રેરક ઉપસ્થિતિમાં માંગરોળના વાંકલ ખાતે 'યુવા સંમેલન' કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે જિલ્લા કલેકટર તેજસ પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા. ભગવાન બિરસા મુંડાજીના જીવન કવન અને જનજાતિ સમુદાય માટે 'જનજાતીય ગૌરવ સમાહ'ની ઉજવણી તેમજ આજના યુવાનોની રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી અને ફરજો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, દેશની આઝાદી માટે માત્ર ૨૫ વર્ષની નાની વયે શહીદી વહોરનાર ભગવાન બિરસા મુંડાજીનું જીવન આજના આદિવાસી યુવાનો માટે પ્રેરણારૂપ છે. યુવાનોએ પોતાના પરિવાર, સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે યોગ્ય માનસિકતા કેળવીને આગળ વધવું જોઈએ.

શ્રી ગણપતસિંહ વસાવાએ વધુમાં ઉમેર્યું હતું કે,આદિવાસીઓના આ ગૌરવવંતા ઇતિહાસને લોકસમક્ષ ઉજાગર કરવાનું મોટું અને મહત્વપૂર્ણ કાર્ય જો કોઈ એક નેતાએ કર્યું હોય, તો તે આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી છે. વડાપ્રધાનશ્રીએ જ આદિવાસી સમાજના વારસા અને ઇતિહાસને નવો આયામ આપીને દેશભરમાં તેને યોગ્ય સન્માન અપાવ્યું છે.

આ સંદર્ભમાં ધારાસભ્યશ્રીએ કહ્યું હતું કે, આદિવાસી સમાજ માટે ૯મી ઓગસ્ટ એટલે વિશ્વ આદિવાસી દિવસ અને ૧૫મી નવેમ્બરના રોજ ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિ - જનજાતિ ગૌરવ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. ૯મી ઓગસ્ટનો દિવસ વિદેશમાં બનેલી ૧૪મી સદીની ઘટનાના આધારે જાહેર થયો છે, જ્યારે આપણો આદિવાસી ઇતિહાસ અને સંઘર્ષ દેશની માટી સાથે જોડાયેલો છે, જેને વડાપ્રધાનશ્રીએ રાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવ્યું છે.

આ પ્રસંગે ઉપસ્થિત યુવાનોને જિલ્લા કલેક્ટર તેજસ પરમારે માર્ગદર્શન આપતા પોતાની જીવનસફર વર્ણવી હતી. તેમણે જણાવ્યું હતું કે પાલનપુરના સામાન્ય પરિવારમાંથી આવીને કઠિન પરિશ્રમ અને અડગ મનોબળથી ૨૬ વર્ષની વયે સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરી તેઓ છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત કેડરમાં સેવા આપી રહ્યા છે. તેમણે વિદ્યાર્થીઓને મોબાઈલ અને સોશિયલ મીડિયાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરી એકાગ્રતાથી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવાનો અનુરોધ કર્યો હતો.

કલેક્ટરશ્રીએ માંગરોળના ગ્રામીણ વિસ્તારોમાંથી યુવાનો આઈએએસ અને આઈપીએસ જેવા ઉચ્ચ પદો પર પહોંચ્યા હોવાની પ્રશંસા કરતા વહીવટી તંત્ર તરફથી દરેક પ્રકારના માર્ગદર્શન અને સહકારની ખાતરી આપી હતી.

ગુજરાત પ્રદેશ આદિજાતિ મોરચાના ઉપાધ્યક્ષ શ્રી સંગ્રામસિંહ રાઠવાએ ૧૫ નવેમ્બર ૧૮૭૫ના રોજ ઝારખંડમાં જન્મેલા ભગવાન બિરસા મુંડાજીના જલ, જંગલ અને જમીનની રક્ષા માટેના સંઘર્ષને યાદ કર્યા હતા. તેમણે ગુજરાતમાં સૌપ્રથમ છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા તેમની પ્રતિમા સ્થાપિત થઈ હોવાનો ઉલ્લેખ કરી, યુવાનોને અંધશ્રદ્ધા છોડી શિક્ષિત બનવા, સખત પરિશ્રમ કરવા અને પોતાની સંસ્કૃતિ તથા ધર્મની રક્ષા કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે વિશેષ ઉલ્લેખ કરતા સંગ્રામસિંહે કહ્યું હતું કે, યુવાનોની રાષ્ટ્ર પ્રત્યેની ફરજો, સરકારની આદિજાતિ વિકાસની વિવિધ સિદ્ધિઓ તેમજ શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને રોજગારીની યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમ દ્વારા દેશની આઝાદી અને હકો માટે બલિદાન આપનાર વીર બિરસા મુંડાજીના વિચારો હંમેશાં સમાજ અને દેશ માટે માર્ગદર્શક રહેશે એમ તેમણે ઉમેર્યું હતું.આ યુવા સભામાં પ્રદેશમાંથી પધારેલા વક્તાઓએ રમત-ગમત અને શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર તથા તાજેતરમાં જ સરકારી નોકરી મેળવનાર બે પ્રતિભાશાળી યુવાનોએ પ્રેરણાદાયી પ્રતિભાવો રજૂ કરી અન્ય યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો. આ અવસરે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા આદિજાતિ વિકાસ માટે થયેલી વિવિધ સિદ્ધિઓ, સ્થાનિક જિલ્લાના વિકાસકામો તેમજ યુવાઓ માટે શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને રોજગારીની વિવિધ યોજનાઓ અને તકો અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.



ડાંગની દીકરી કલ્પનાબેન ચોર્યાની ભારતીય બ્લાઇન્ડ મહિલા ક્રિકેટ ટીમમાં પસંદગી બદલ સન્માન

સ્નેહલબેન બાગુલનું પણ સન્માન કરી બિરદાવાયા

આહવા, તા.૧૪

ડાંગ જિલ્લાના મુખ્યમથક આહવા ખાતે રમતગમત ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર ડાંગની બે પ્રતિભાશાળી દીકરીઓનું સન્માન કરી તેમની સફળતાને બિરદાવવામાં આવી હતી. ડાંગની દીકરી કલ્પનાબેન ચોર્યાની ભારતીય બ્લાઈન્ડ મહિલા ક્રિકેટ ટીમમાં પસંદગી થતાં તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ ગુજરાત બ્લાઈન્ડ મહિલા ક્રિકેટ ટીમનાં કેપ્ટન સ્નેહલબેન બાગુલનું પણ સન્માન કરી તેમની રમતગમત ક્ષેત્રેની સિદ્ધિની પ્રશંસા કરવામાં આવી હતી. આ પ્રસંગે ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજુભાઈ ગામીત તથા ભારતીય જનતા પાર્ટીના ડાંગ જિલ્લા પ્રમુખ સુરેશભાઈ ચૌધરી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ બંને દીકરીઓનું સન્માન કરી તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આદિવાસી બહુલ ડાંગ જિલ્લાની દીકરીઓએ પોતાની પ્રતિભા, મહેનત અને આત્મવિશ્વાસના બળે ક્રિકેટ ક્ષેત્રે જે સિદ્ધિ હાંસલ કરી છે તે સમગ્ર જિલ્લા માટે ગૌરવની બાબત છે. બંને દીકરીઓની સફળતા અન્ય યુવતીઓ અને ખેલાડીઓ માટે પણ પ્રેરણારૂપ બની રહેશે. આ પ્રસંગે બંને દીકરીઓને ભવિષ્યમાં પણ આવી જ રીતે સફળતાનાં શિખરો સર કરી ડાંગ અને ગુજરાતનું નામ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કરે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.



પ્રેમસંબંધની શંકામાં પંચમહાલમાં ખૂની ખેલ

પંચમહાલમાં પ્રેમસંબંધની શંકામાં યુવકની અપહરણ બાદ હત્યા

શહેરાના દલવાડા ગામે બનેલી ઘટનામાં પોલીસે છ આરોપીઓને ઝડપી પાડ્યા, એક આરોપી ફરાર

પંચમહાલ, તા.૧૩

પંચમહાલના શહેરા તાલુકાના દલવાડા ગામે પ્રેમસંબંધની શંકામાં ગામના જ ૭ લોકોએ ૨૦ વર્ષીય યુવકનું અપહરણ કર્યા બાદ ઢોર માર માર્યો હતો. જેમાં ગંભીર ઈજાઓ પહોંચવાના કારણે ૧૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ. અપહરણ અને હત્યાના બનાવ મામલે મૃતકના ભાઈએ શહેરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ઘટનાની ગંભીરતાને પગલે પોલીસે ગુનાને અંજામ આપનાર ૬ આરોપીની આજે(૧૨ નવેમ્બર) ધરપકડ કરી લીધી છે, જ્યારે ૧ ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ગત ૧૦ નવેમ્બરની સાંજે શહેરાના દલવાડા ગામનો મહેશ રાઠોડ મંડપના કામે જવા નીકળ્યો હતો તે સમયે "તું અમારી બહેન સાથે વાતચીત કરે છે" એમ કહીને કેટલાક શખસોએ યુવકને બાઈક પર બેસાડી અપહરણ કર્યું હતું. આ પછી લાકડી વડે માર મારવાના કારણે મહેશને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટના બાદ ઈજાગ્રસ્ત મહેશને ૧૦૮ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. જેમાં તેની સ્થિતિ વધુ બગડતાં ગોધરા, વડોદરા અને પછી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તેને લઈ જવાયો હતો. જો કે, ગંભીર ઈજાના કારણે મહેશનું સારવાર દરમિયાન યુવકનુ મોત થયુ હતુ.સમગ્ર મામલે મૃતકના ભાઈ દિનેશે ૭ શખસો સામે અપહરણ અને હત્યાની ફરિયાદ નોંધાવી હતી.

જેને લઈને પંચમહાલ પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને ૭ માંથી ૬ આરોપીઓને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યા છે. જ્યારે ફરાર આરોપી અલ્પેશ પટેલને ઝડપી પાડવાના પોલીસે ચક્રો ગતિમાન કર્યા છેપંચમહાલના નાયબ પોલીસ અધિક્ષકે જણાવ્યું કે, 'દલવાડા ગામના રહેવાસી મહેશ પુનાભાઈ રાઠોડનું અપહરણ અને હત્યાના બનાવ મામલે શહેરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. મૃતક મહેશ તેના જ ગામની યુવતી સાથે વાતચીત કરતો હોવાની અદાવત રાખીને આરોપીઓએ ઘટનાને અંજામ આપ્યું હતું. સમગ્ર મામલે પોલીસે ૬ આરોપીની ધરપકડ કરી છે, જ્યારે ૧ આરોપી ફરાર છે.'

ગુજરાતી નૂતન વર્ષના દિવસે ઐતિહાસિક મેળો ભરાયો, હજારો શ્રદ્ધાળુઓ ઉમટ્યા

આહવા, તા.૧૩

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના આમસરવરણ ગામ નજીક આવેલા ઊંચા અને ઐતિહાસિક કળમ ડુંગર ખાતે ગુજરાતી નૂતન વર્ષના પાવન દિવસે પરંપરાગત ભવ્ય મેળો ભરાયો હતો. આ મેળામાં ડાંગ જિલ્લા સહિત ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને ભક્તો ઉમટી પડ્યા હતા.

કળમ ડુંગર તેની ઊંચાઈ અને ધાર્મિક મહત્ત્વને કારણે વિશેષ ઓળખ ધરાવે છે. ડુંગરની ટોચ પર બિરાજમાન માવલી માતાનું મંદિર ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે. સાથે જ અહીં હનુમાનજીનું મંદિર પણ આવેલું છે. ગુજરાતી નવા વર્ષની શરૂઆતના શુભ દિવસે ભક્તો ડુંગર ચઢીને માતાજી અને હનુમાનજીનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે. વર્ષોથી ચાલી આવતી આ ધાર્મિક પરંપરા અંતર્ગત યોજાતા મેળામાં ભક્તિ, શ્રદ્ધા અને લોકસંસ્કૃતિનો અનોખો માહોલ જોવા મળે છે. દૂરદૂરથી આવતા શ્રદ્ધાળુઓ પરિવાર સાથે ડુંગરની ટોચે પહોંચી દર્શન કરી નવા વર્ષની મંગલમય શરૂઆત કરે છે. ડાંગની પ્રાકૃતિક સુંદરતા વચ્ચે આવેલા કળમ ડુંગરનો આ મેળો માત્ર ધાર્મિક ઉત્સવ જ નહીં, પરંતુ આદિવાસી સંસ્કૃતિ, પરંપરા અને સામાજિક એકતાનું પણ પ્રતીક બની રહ્યો છે. ગુજરાતી નૂતન વર્ષના દિવસે કળમ ડુંગર ખાતે ભક્તિ અને આસ્થાનો અનોખો માહોલ છવાયો હતો.

પાંડેસરાના ઈન્દિરાનગરમાં બંધ ઘરમાં થયેલી ચોરી

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪

સુરતના પાંડેસરા વિસ્તારમાં તસ્કરોએ બંધ રૂમને નિશાન બનાવી સોના-ચાંદીના ઘરેણાં, બે મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત કુલ રૂ.૬૫ હજારની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. વડોદ ગામના કમલા ચોક નજીક આવેલા ઈન્દિરાનગરમાં ચોરીની આ ઘટના બનતા સ્થાનિક રહીશોમાં ચકચાર મચી ગઈ છે. અજાણ્યો તસ્કર રૂમનો મુખ્ય દરવાજો ખોલીને અંદર પ્રવેશ્યો હતો અને લેડીઝ પર્સમાં રાખેલા કિંમતી દાગીના સહિતની મત્તા ચોરી કરી ગયો હતો.મળતી માહિતી મુજબ પાંડેસરાના વડોદ ગામમાં કમલા ચોક નજીક ઈન્દિરાનગરના પ્લોટ નં.૨૮૭ના રૂમ નં.૬માં રહેતા રાહુલ હરીહર પ્રસાદ તિવારી (ઉં.વ.૩૯) મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૧૧ નવેમ્બરના રાત્રે ૧૦:૩૦ વાગ્યાથી તા.૧૨ નવેમ્બરના વહેલી સવારે ૫:૪૫ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યો તસ્કર તેમના રૂમનો મુખ્ય દરવાજો ખોલીને ગેરકાયદેસર રીતે ઘરમાં પ્રવેશ્યો હતો. ત્યારબાદ રૂમમાં રાખેલા લેડીઝ પર્સમાં સંગ્રહિત સોના અને ચાંદીના કિંમતી ઘરેણાં, બે મોબાઈલ ફોન તેમજ રોકડા રૂ.૫ હજારની ચોરી કરી હતી. ચોરી કરેલી તમામ મત્તાની કુલ કિંમત આશરે રૂ.૬૫ હજાર થાય છે.

રાજ્યમાં 3,૭૮૫ અકસ્માત

દિવાળીના ત્રણ દિવસમાં ૧૦૮ એમ્બ્યુલન્સને ૧૮,૫૧૩ કોલ્સ મળ્યાં

અમદાવાદ, ગુજરાતમાં દિવાળી, બેસતા વર્ષ અને ભાઈબીજના તહેવારો દરમિયાન ૧૦૮ ઈમરજન્સી સેવાઓને સામાન્ય દિવસોની સરખામણીએ ૧૩.૦૭ ટકાથી ૨૫.૬૭ ટકા સુધી વધુ ઈમરજન્સી કોલ્સ મળ્યા છે. ૮ નવેમ્બર દિવાળી, ૧૦ નવેમ્બર બેસતું વર્ષ અને ૧૧ નવેમ્બર ભાઈબીજ એમ ત્રણ દિવસમાં અમદાવાદ સહિત રાજ્યભરમાં કુલ ૧૮,૫૧૩ ઈમરજન્સી કેસો નોંધાયા છે, જે સામાન્ય દિવસોના દૈનિક સરેરાશ ૫,૨૪૮ કેસ કરતા ઘણા વધારે છે. તહેવારોમાં મુસાફરી વધવાને કારણે માર્ગ અકસ્માત અને મારામારીના બનાવોમાં સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો છે.સામાન્ય દિવસોમાં રાજ્યમાં સરેરાશ ૬૪૬ માર્ગઅકસ્માત નોંધાય છે. તેની સામે દિવાળીના દિવસે ૧,૨૧૨ (૮૭.૬૨% વધારો), બેસતા વર્ષે ૧,૫૪૧ (૧૩૮.૫૪% વધારો) અને ભાઈબીજે ૧,૦૩૨ (૫૯.૭૫% વધારો) અકસ્માતના કેસ સામે આવ્યા છે.બિન-વાહન સંબંધિત ઈજાઓમાં પણ દિવાળીએ ૭૫.૨૯% (૧,૦૪૩ કેસ) અને બેસતા વર્ષે ૫૭.૬૫% (૯૩૮ કેસ)નો વધારો થયો છે.તહેવારોમાં લોકોની અવરજવર વધતા મહાનગરોમાં ઈમરજન્સી કોલ્સ વધ્યા હતા. દિવાળીના દિવસે સુરતમાં ૧૦.૯૧% અને રાજકોટમાં ૬.૭૬% કોલ્સ વધ્યા હતા. બેસતા વર્ષે વડોદરામાં ૨૫.૬૭%, રાજકોટમાં ૨૧.૭૧% અને અમદાવાદમાં ૧૩.૫૨%નો ઉછાળો નોંધાયો હતો.

અમેરિકામાં ચાર પહેલા પાનાનું ચાલુ

છે.ડફીએ કહ્યું કે સિસ્ટમની નાની-મોટી મરામત કરવાને બદલે તેને સંપૂર્ણપણે આધુનિક બનાવવાની જરૂર છે. ગયા વર્ષે કોંગ્રેસે આ માટે ૧૨.૫ અબજ ડૉલર મંજૂર કર્યા હતા.

કોવિડનો નવો વેરીએન્ટ પહેલા પાનાનું ચાલુ

રસીના એન્ટિબોડીઝ ૧૪.૨.૧ સામે વધુ અસરકારક સાબિત થયા છે.

આ અભ્યાસ દરમિયાન વૈજ્ઞાનિકોએ ૫૭.૩.૨.૨, ૯.૮.૧, ૨૫.૧.૮.૧ અને ઠ૬૨ જેવા અન્ય કોવિડ પ્રકારોની પણ તપાસ કરી હતી. એવું જાણવા મળ્યું છે કે આ બધા વેરિઅન્ટ્સ વિશ્વના અલગ-અલગ ભાગોમાં પ્રાદેશિક સ્તરે સતત બદલાતા રહે છે.

મિસિસિપી નદીમાં પહેલા પાનાનું ચાલુ

હાદસા સમયે ફ્રૂઝ ક્રેસન્ટ સિટી કનેક્શન બ્રિજની નીચે, પોર્ટ હેડક્વાર્ટરની બરાબર સામે ઊભું હતું. સવારે ૧૦:૩૦ વાગ્યે અમેરિકન હેરિટેજ ફ્રૂઝ નેટચેઝથી નીકળીને ન્યૂ ઓર્લિન્સ પહોંચ્યું હતું. બપોરે ૧૨:૩૦ વાગ્યે તે કિનારે હતું અને મુસાફરો નીચે ઉતરી રહ્યા હતા, ત્યારે ૧૬૦ મીટર લાંબું ટેન્કર એટલાન્ટિક એસ્ફાલ્ટ આવ્યું અને ડાબી બાજુથી અથડાયું.

ફ્રૂઝ સંપૂર્ણપણે પલટી ગયા બાદ તેમાં સવાર લોકો નદીમાં ડૂબવા લાગ્યા. રેસ્ક્યુ ટીમોએ તમામ લોકોને બહાર કાઢી લીધા છે. ૩૨થી વધુ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શિમલામાં સાંસદ પહેલા પાનાનું ચાલુ

હતાં, ત્યારે તેમના સંબંધીઓની એક પછી એક હત્યા કરી દેવામાં આવી હતી. ત્યારબાદ તેઓ સરકારનાં વડાં બન્યાં હતાં અને તેમણે એક ચોંકાવનારી ટિપ્પણી કરી હતી.

આમાં એવો પણ આરોપ લગાવવામાં આવ્યો હતો કે સંજય ગાંધીનાં મૃત્યુ બાદ મેનકા ગાંધીને અચાનક પારિવારિક નિવાસસ્થાનમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યાં હતાં. શર્માએ કહ્યું કે આ પ્રકારની ખોટી ધારણા ઊભી કરવાથી લોકોમાં વૈમનસ્ય ફેલાવાનો અને જાહેર શાંતિ ભંગ થવાનો ખતરો છે. ફરિયાદીએ આરોપ લગાવ્યો કે આ પોસ્ટ દ્વારા ભય કે દહેશત ફેલાવવાના ઇરાદે ખોટી માહિતી પ્રસારિત કરવામાં આવી હતી.

તેમણે આરોપ લગાવ્યો કે, આ પોસ્ટથી વિવિધ જૂથો વચ્ચે વૈમનસ્ય ફેલાઈ શકે છે, સદભાવ જાળવવા પર પ્રતિકૂળ અસર પડી શકે છે અને તેમાં રાષ્ટ્રીય એકતાની વિરુદ્ધના આરોપો તથા દાવાઓ કરવામાં આવ્યા છે.

જમ્મુ-કાશ્મીરમાં પહેલા પાનાનું ચાલુ

અઠવાડિયામાં બંનેને તેમના જૂના ઠેકાણાઓ પરથી બીજી જગ્યાએ ખસેડવામાં આવ્યા છે.

હાફિઝ સઈદને લાહોરના જોહર વિસ્તારથી રાવલપિંડીના ગેરિસન ગ્રાઉન્ડમાં મોકલવામાં આવ્યો છે. ત્યાં જ, મસૂદ અઝહરને સિંધ પ્રાંતના નવાબશાહ સ્થિત સેફ હાઉસમાં રાખવામાં આવ્યો છે.

નેતન્યાહુએ ટ્રમ્પને પહેલા પાનાનું ચાલુ

આર્થિક દબાણ વધારવા અને દરિયાઈ નાકાબંધી ચાલુ રાખવાની વ્યૂહરચના અપનાવી રહ્યું છે.આ મામલે અમેરિકાને સાઉદી અરેબિયા, કતાર અને UAE જેવા ખાડી દેશોનું પણ સમર્થન મળી રહ્યું છે.ટ્રમ્પે ગુરુવારે કહ્યું કે, અમેરિકા ઈરાન વિરુદ્ધ કાર્યવાહી હાલ રોકી શકે છે. પરંતુ જે દેશોની સુરક્ષા માટે અમેરિકા કામ કરી રહ્યું છે, તેમના કહેવા પર હાલમાં કાર્યવાહી ચાલુ રાખવામાં આવી રહી છે.

ટ્રમ્પના જણાવ્યા મુજબ, સાઉદી અરેબિયાએ તેમને થોડો સમય સુધી આ જ સ્થિતિ જાળવી રાખવા કહ્યું છે. તેનું માનવું છે કે, ઈરાન હવે નબળું પડી રહ્યું છે. કતાર, કુવૈત, UAE અને બહેરીન પણ ઈચ્છે છે કે, અમેરિકા અત્યારે ઉતાવળમાં કોઈ નિર્ણય ન લે.

ઈઝરાયલમાં ૨૭ ઓક્ટોબરે યોજાયેલી ચૂંટણી બાદ નેતન્યાહૂ સંસદમાં પોતાની બહુમતી ગુમાવી ચૂક્યા છે. વિપક્ષના નેતા ગાદી આઇઝનકોટને નવી સરકાર બનાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. જોકે, તેઓ સરકાર બનાવી શકશે કે નહીં, તે હજુ સ્પષ્ટ નથી.

આ દરમિયાન ઈઝરાયલી વિપક્ષને આશંકા છે કે, નેતન્યાહૂ ઈરાન પર હુમલો કરી શકે છે અથવા ઈરાનને ઈઝરાયલ પર હુમલો કરવા માટે ઉશ્કેરી શકે છે.

વિપક્ષી નેતાઓને ડર છે કે, આવું કરીને નેતન્યાહૂ નવી સરકાર બનાવવાના પ્રયાસોને નબળા કરવા માંગે છે. જો આઇઝનકોટ સરકાર બનાવવામાં સફળ રહેશે, તો નેતન્યાહૂનું સત્તા પરનું શાસન સમાપ્ત થઈ જશે.

ગુરુવારે નેતન્યાહૂએ આઇઝનકોટ સાથે લગભગ બે કલાક સુધી બેઠક કરી હતી. આ દરમિયાન તેમને ઈરાનની સ્થિતિ વિશે માહિતી આપવામાં આવી હતી. આઇઝનકોટનું માનવું છે કે, હાલ ઈરાન પર તાત્કાલિક સૈન્ય કાર્યવાહી કરવાની જરૂર નથી.

પાના નં. ૮નું શરૂ

ઉધના રેલવે

રેપિડો મારફતે ઓટોરિક્ષા બુક કરી રહ્યા હતા. તે દરમિયાન બે મોટરસાઇકલ પર ચાર અજાણ્યા ઇસમો ત્યાં આવી પહોંચ્યા હતા. જેમાંથી એક શખ્સે ચપ્પુ બતાવી તેમને જબરદસ્તી મોટરસાઇકલ પર બેસાડી ઉધના સાઉથ ઝોનના રોડ પાસે લઈ ગયો હતો. ત્યાં યુવકને તમાચો મારી ચપ્પુ બતાવી તેની પાસેથી વીવો કંપનીનો Y400 Pro (8/128) મોડલનો નેબ્યુલા પર્પલ કલરનો આશરે રૂ.૨૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન લૂંટી લીધો હતો. ત્યારબાદ ચારેય શખ્સો બંને મોટરસાઇકલ પર બેસી ફરાર થઈ ગયા હતા.

રામપુરા લાલ

તુરંત જ ફાયર વિભાગને જાણ કરવામાં આવતા તાપીપુરા ફાયર સ્ટેશન, નવસારી બજાર અને ઘાંચી શેરીની ફાયર ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર લાશ્કરોએ ભારે જહેમત અને સતર્કતા દાખવીને સમયસર આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો, જેના કારણે આગ આસપાસના અન્ય મકાનોમાં ફેલાતી અટકી હતી અને મોટી દુર્ઘટના ટળી હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ ન હતી, જેના કારણે તંત્ર અને સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

પાંડેસરામાં બાઈક પાર્ક કરવા સંદર્ભે વેપારી પર હુમલો કરાયો

પાર્કિંગની જગા અંગે પડોશીઓ વચ્ચે મારામારી

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪

સુરતના પાંડેસરા વિસ્તારમાં પાર્કિંગ મુદ્દે થયેલા સામાન્ય બોલાચાલીના બનાવમાં ઉગ્ર ઝઘડો થતાં એક પરિવાર પર હુમલો કરવામાં આવ્યો હતો. બમરોલી રોડ પર પુનીત નગરમાં રહેતા બિઝનેસમેન પોતાની મોટરસાઇકલ ઘર સામે પાર્ક કરવા ગયા ત્યારે ત્યાં ઝાડ નીચે બેઠેલા જીતુ બગેલ અને તેના મિત્રો સાથે પાર્કિંગ બાબતે બોલાચાલી થઈ હતી. જોતજોતામાં મામલો ઉગ્ર બનતાં જીતુ બગેલે ગાળાગાળી કરી ધક્કામુક્કી શરૂ કરી હતી. ત્યારબાદ પ્લાસ્ટિકની બેટથી માર મારવાની સાથે ધારદાર વસ્તુ વડે કપાળના ભાગે ઈજા પહોંચાડી હતી. દરમિયાન તેના મિત્રોએ પણ ફરિયાદી, તેમના ભાઈ અને ભાભી પર હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. મળતી માહિતી મુજબ પાંડેસરાના બમરોલી રોડ પર અપેક્ષા નગરની બાજુમાં આવેલી પુનીત નગર સોસાયટીના પ્લોટ નં.૫૦૭માં રહેતા શિવેન્દ્ર રાજેન્દ્ર સિંહ (ઉં.વ.૪૧) ગત તા.૧૨ નવેમ્બરના રોજ રાત્રે આશરે ૯:૩૦ વાગ્યે પોતાના ઘરની સામે ઝાડ નીચે મોટરસાઇકલ પાર્ક કરવા ગયા હતા. તે સમયે પ્લોટ નં.૩૭૬માં રહેતો જીતુ બગેલ અને તેના મિત્રો ત્યાં બેઠા હતા. શિવેન્દ્ર સિંહે જીતુને તેની ગાડી થોડી સાઇડ કરવા કહેતાં જીતુએ ઉશ્કેરાઈને ઝઘડો શરૂ કર્યો હતો. શિવેન્દ્ર સિંહે પોતાનું ઘર હોવાથી ઘરની આગળ મોટરસાઇકલ પાર્ક કરવાની વાત કરતાં જીતુએ ગાળો આપી ધક્કામુક્કી કરી હતી અને ઘરના ઓટલા પર પડેલી પ્લાસ્ટિકની બેટ ઉપાડી માર માર્યો હતો. આ ઉપરાંત ધારદાર વસ્તુ વડે કપાળના ભાગે હુમલો કર્યો હતો.

આ દરમિયાન રાહુલ, સંદીપ અને જીતુનો એક લાંબા બાંધાનો મિત્ર પણ જીતુના પક્ષમાં આવી ગયા હતા. ચારેય ભેગા મળી ફરિયાદી, તેમના ભાઈ અને ભાભીને ગડદાપાટુ તથા પ્લાસ્ટિકની બેટથી માર માર્યો હતો. જતા જતા જીતુએ પરિવારને સોસાયટીમાં રહેવા નહીં દેવાની અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ અંગે શિવેન્દ્ર સિંહે તા.૧૩ નવેમ્બરના રોજ પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે જીતુ બગેલ સહિત ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

લાભપાંચમના શુભ મુહૂર્તે સુરતના બજારોમાં વેપાર-ધંધાનો પ્રારંભ

દિવાળીના વેકેશન બાદ કાપડ સહિતના બજારોમાં ફરી ધમધમાટ : વેપારીઓએ દુકાનો અને શો-રૂમ ખોલી નવા વર્ષના વેપારની શરૂઆત કરી

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪

સુરત શહેરમાં દિવાળીના તહેવારની રજાઓ બાદ આજથી લાભપાંચમના શુભ મુહૂર્તે વેપાર-ધંધાની નવી શરૂઆત થઈ છે. શહેરના હીરા બજાર, કાપડ માર્કેટ સહિતના વિવિધ વેપારી કેન્દ્રોમાં વેપારીઓએ શુભ મુહૂર્તમાં દુકાનો ખોલીને વેપાર-રોજગારનો પ્રારંભ કર્યો હતો. નાના-મોટા વેપારીઓથી લઈને ધંધા-રોજગાર સાથે સંકળાયેલા લોકોએ આજથી ફરી પોતાના વ્યવસાયની કામગીરી શરૂ કરી છે. જ્વેલર્સે પણ આજથી પોતાના શો-રૂમ અને દુકાનો ખોલી ગ્રાહકોને આવકાર્યા હતા.

દિવાળી દરમિયાન વેપારીઓ અને કારીગરોએ વેકેશન રાખ્યું હતું. જેના કારણે સુરતના મુખ્ય વેપારી વિસ્તારોમાં રજાનો માહોલ જોવા મળતો હતો. જોકે, લાભપાંચમના પવિત્ર દિવસે બજારો ફરી ધમધમતાં થતાં વેપારીઓમાં નવા ઉત્સાહનો સંચાર થયો છે. ખાસ કરીને હીરા ઉદ્યોગ અને કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓએ નવા વર્ષમાં સારા વેપારની આશા સાથે કામકાજ શરૂ કર્યું છે. હિન્દુ ધર્મમાં લાભપાંચમને વેપાર-ધંધાની શરૂઆત માટે અત્યંત શુભ દિવસ માનવામાં આવે છે. માન્યતા મુજબ આ દિવસે શરૂ કરવામાં આવેલા કાર્યમાં લાભ અને પ્રગતિ થાય છે. વેપારીઓ આ દિવસે ચોપડા પૂજન, લક્ષ્મીજીની પૂજા અને ગણેશજીની આરાધના કરીને નવા વર્ષના વેપારની શરૂઆત કરે છે. અનેક વેપારીઓએ દુકાનોમાં પૂજા-અર્ચના કરી સુખ, સમૃદ્ધિ અને ધંધામાં બરકત રહે તેવી પ્રાર્થના કરી હતી.

લાભપાંચમના મુહૂર્ત સાથે સુરતના બજારોમાં ફરી વેપારી ગતિવિધિઓ શરૂ થતાં આગામી દિવસોમાં વેપાર-ધંધામાં તેજી આવે અને નવા ઓર્ડરો મળે તેવી આશા વેપારીઓ રાખી રહ્યા છે.



ઉધના રેલવે સ્ટેશન બહાર ચપ્પુ દેખાડી મોબાઈલની લૂંટ

રિક્ષાની રાહ જોતા યુવકને ચાર જણાએ લૂંટી લીધો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪

સુરતના ઉધના વિસ્તારમાં વહેલી સવારે લૂંટની ઘટના સામે આવી છે. ઉધના રેલવે સ્ટેશનની બહાર રસ્તા પર ઊભા રહી રેપિડો મારફતે ઓટોરિક્ષા બુક કરી રહેલા યુવકને બે મોટરસાઇકલ પર આવેલા ચાર અજાણ્યા શખ્સોએ નિશાન બનાવ્યો હતો. એક શખ્સે ચપ્પુ બતાવી યુવકને જબરદસ્તી મોટરસાઇકલ પર બેસાડ્યો હતો અને ઉધના સાઉથ ઝોન પાસે લઈ જઈ તમાચો મારી ચપ્પુની અણીએ તેનો આશરે રૂ.૨૦ હજારની કિંમતનો મોબાઇલ ફોન લૂંટી લીધો હતો.

મળતી માહિતી મુજબ ઉધના સ્થિત રૂપલ ઇન્ડસ્ટ્રીઝ, સાઉથ ઝોન પાસે રહેતા અને મજૂરી કામ કરતા શામીમ નુબીરઅલી શેખ (ઉં.વ.૨૭) ગત તા.૧૨ નવેમ્બરના રોજ વહેલી સવારે આશરે ૪:૩૦થી ૫ વાગ્યાના અરસામાં ઉધના રેલવે સ્ટેશનની બહાર રસ્તા પરથી પોતાના મોબાઇલમાં

અનુસંધાન પાના ૭ પર

રામપુરા લાલ મિયા મસ્જીદ પાસે લાકડાના કાચા મકાનમાં આગ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪

સુરતના રામપુરા વિસ્તારમાં લાલ મિયા મસ્જિદ નજીક આવેલ એક લાકડાના કાચા મકાનમાં ગઈકાલે રાત્રે અચાનક આગ ભભૂકી ઉઠતા ભારે દોડધામ મચી ગઈ હતી. ફાયર વિભાગે આગ ઉપર કાબૂ મેળવી લેતા હાશકારો અનુભવાયો હતો.

રામપુરા લાલ મિયા મસ્જિદ નજીક બકરા શેરીમાં રહેતા મુનાફ ઈકબાલ શેખનું ગ્રાઉન્ડ પ્લસ વન માળનું લાકડાનું કાચું મકાન આવેલું છે. ગઈકાલે રાત્રે અજાણ્યા કારણોસર મુનાફ શેખના આ મકાનના પહેલા માળે અચાનક આગ લાગી હતી. કાચું અને લાકડાનું મકાન હોવાથી આગે ટૂંક સમયમાં જ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ અંગે

અનુસંધાન પાના ૭ પર

ગીરોમુક્ત કરેલી ૫૧.૫૦ લાખની મિલકત બેંક અધિકારીએ વેચી મારી

બેંક મેનેજર સહિત બે સામે અલથાણ પોલીસમાં ફરિયાદ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪

સુરતના ભટાર રોડ સ્થિત બેંક ઓફ બરોડાની શાખામાં લોનના વન ટાઇમ સેટલમેન્ટ બાદ પણ મિલકત અન્ય વ્યક્તિને ગેરકાયદેસર રીતે વેચી દેવામાં આવી હોવાના આક્ષેપ સાથે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. બેંકના ચીફ મેનેજર સહિત બે વ્યક્તિઓ સામે રૂ.૫૧.૫૦ લાખની રકમ મેળવી મિલકત ગીરોમુક્ત કરી આપ્યા બાદ પણ બારોબાર સેલ સર્ટિફિકેટ બનાવી મિલકત અન્યના નામે કરી દેવાના આક્ષેપ થયા છે. આ મામલે અલથાણમાં રહેતી મહિલાએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ અલથાણના સમર્થ માર્ટેન હિલ્સમાં રહેતાં વિશાખાબેન અશોકભાઈ ખાખો લિયાના પતિએ વર્ષ ૨૦૧૨માં મેસર્સ વોઈસ ઓફ ટ્રેડના પ્રોપ્રાઇટર તરીકે બેંક ઓફ બરોડાની ભટાર રોડ શાખામાંથી રૂ.૧.૧૫ કરોડની સીસી લોન અને ટર્મ લોન લીધી હતી. આ લોનમાં વિશાખાબેન અને તેમના પતિના મિત્ર પ્રદીપ અગ્રવાલ ગેરંટર તરીકે રહ્યા હતા. લોન પેટે વિશાખાબેનની માલિકીનો પરવત પાટિયા સ્થિત ગુરુકૃપા કોમ્પ્લેક્સનો ફ્લેટ નં.૩૦૩ બેંકમાં મોર્ગેજ મૂકવામાં આવ્યો હતો. લોનના હપ્તા નહીં ભરાતા બેંકે લોનને એનપીએ જાહેર કરી હતી અને તા.૫ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ મિલકતનો ભૌતિક કબજો લીધો હતો.

ત્યારબાદ લોનના ગેરંટર પ્રદીપ અગ્રવાલે બાકી નીકળતી આશરે રૂ.૭૪ લાખની રકમના વન ટાઇમ સેટલમેન્ટ માટે તા.૨૩ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ અરજી કરી હતી. તે સમયે રિકવરી મેનેજર તરીકે ફરજ બજાવતા સંજયકુમાર સિન્હાના જણાવ્યા મુજબ રૂ.૫૧.૫૦ લાખની રકમ ફુલ એન્ડ ફાઇનલ સેટલમેન્ટ પેટે ભરવામાં આવી હતી. ત્યારબાદ બેંકના અધિકારીઓએ મૂળ દસ્તાવેજો પરત આપ્યા હતા અને તા.૬ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ મિલકતનો રિલીઝ દસ્તાવેજ પણ કરી આપ્યો હતો.

કારમા સવાર ચાર મુસાફરો દ્વારા ટેક્સી ડ્રાઇવર પર હુમલો કરી લૂંટ

પાંડેસરામાં છરીના ઘા મારી બે મોબાઈલ લૂંટી લેવાયા

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪

સુરતના પાંડેસરા વિસ્તારમાં મોડી રાત્રે લૂંટ અને હુમલાની ઘટના સામે આવી છે. તિરુપતિ સર્કલથી અલથાણ તરફ જતા જાહેર રસ્તા પર કારમાં પેસેન્જર તરીકે બેઠેલા ત્રણ અને પાછળથી આવેલા એક મળી કુલ ચાર અજાણ્યા શખ્સોએ કારચાલકને નિશાન બનાવ્યો હતો. શખ્સોએ કારચાલકના ખિસ્સામાંથી મોબાઈલ કાઢી લીધા બાદ અન્ય કોઈ વસ્તુ ન મળતાં મારામારી કરી હતી. આ દરમિયાન એક શખ્સે છરીથી હુમલો કરતાં કારચાલકને જમણી બાજુ પડખાના ભાગે સામાન્ય ઈજા થઈ હતી. ત્યારબાદ ચારેય શખ્સો બે મોબાઈલ ફોન લૂંટી ફરાર થઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ પાંડેસરાની સાંઈ મોહન સોસાયટી-૫માં રહેતા અને ડ્રાઇવિંગનો વ્યવસાય કરતા અનિલ બદરીપ્રસાદ મીણા (ઉં.વ.૨૨) ગત તા.૧૧ નવેમ્બરના રોજ રાત્રે આશરે ૧થી ૧:૩૦ વાગ્યાના અરસામાં પાંડેસરા તિરુપતિ સર્કલથી અલથાણ તરફના જાહેર રોડ પર હતા. તેમની કારમાં પેસેન્જર તરીકે બેઠેલા ત્રણ અજાણ્યા ઈસમો પૈકી સૌથી બટકા કદના શખ્સે તેમના ખિસ્સામાંથી મોબાઈલ કાઢી લીધો હતો. ત્યારબાદ ફરી ખિસ્સામાં હાથ નાખતાં અન્ય કોઈ વસ્તુ મળી નહોતી. આથી ફ્રેન્ચ કટ દાઢી ધરાવતા શખ્સ અને પાછળથી આવેલા ડાબા હાથ પર સ્ટારનું ટેટૂ ધરાવતા શખ્સે અનિલ મીણાના બંને હાથ પકડી લીધા હતા અને તેમને ઢીકાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન લાંબા વાળ ધરાવતા શખ્સે છરીથી હુમલો કરવાનો પ્રયાસ કરતાં અનિલ મીણા ખસી ગયા હતા, પરંતુ છરી વાગતાં જમણી બાજુ પડખાના ભાગે સામાન્ય ઈજા થઈ હતી. ચારેય શખ્સો તેમના કુલ રૂ.૨૦ હજારની કિંમતના બે મોબાઈલ ફોન લૂંટી ફરાર થઈ ગયા હતા. આ અંગે અનિલ મીણાએ તા.૧૩ નવેમ્બરના રોજ પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી ચારેય અજાણ્યા આરોપીઓને ઓળખી ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

પશ્ચિમ રેલવે

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે ડિવિઝન રેલવે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, પાર્કિંગ સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦ ૦૦૮

કામ : મુંબઈ 'ડિવિઝનમાં તમામ વાહનો પે એન્ડ પાર્ક'નું સંચાલન

હરાજી કેટલોગ નંબર : BBT-PKG-2627-29		ઈએમડી : બિડ મૂલ્યના 10%
ઈ-હરાજીની તારીખ ૧૯-૧૧-૨૦૨૬		ઈ-હરાજીનો સમય - ૧૫:૦૦ કલાક

અ.નં.	સ્ટેશન	સ્થળ	ક્ષેત્રફળ (ચો.મી.)	ઈ-હરાજીની તારીખ
૧	નંદુરબાર	દક્ષિણ	૩૭૦	૧૯-૧૧-૨૦૨૬
૨	અમલનેર	દક્ષિણ સર્કયુલેટિંગ એરિયા	૪૦૯	૧૯-૧૧-૨૦૨૬
૩	સિંદખેડા	ઉત્તર સર્કયુલેટિંગ એરિયા	૭૬૭	૧૯-૧૧-૨૦૨૬

નોંધ : વધુ વિગતો માટે, સંભવિત બોલી લગાવનારાઓએ IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લીડિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. સાઇટ્સ સંબંધિત માહિતી ઉપરોક્ત કેટલોગમાં લોટ વિગતોમાં ઉપલબ્ધ છે. 0812

અમને લાઇક કરો facebook.com/WesternRly | અમને ફોલો કરો: X.com/WesternRly



JANJATIYA GAURAV DIWAS | सत्यमेव जयते ગુજરાત સરકાર | જનજાતીય કલ્યાણ યોજના

ધરતી આબા ભગવાન બિરસા મુંડાની
૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે
તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ
જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી



જનજાતીય ગૌરવ સપ્તાહ

તારીખ : ૧૨ થી ૧૮ નવેમ્બર, ૨૦૨૬



- ૧૩/૧૧/૨૦૨૬ યુવા સભા
- ૧૪/૧૧/૨૦૨૬ ભગવાન બિરસા મુંડાજી તેમજ આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીની પ્રતિમાઓની પૂજાવિધિ તથા સાધુસંતોનું સન્માન, આદિજાતિ લોકગીત-ભજન અને દીપોત્સવ કાર્યક્રમ
- ૧૫/૧૧/૨૦૨૬ જનજાતીય ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી
- ૧૬/૧૧/૨૦૨૬ પ્રબુદ્ધ નાગરિક સંવાદ
- ૧૭/૧૧/૨૦૨૬ પરંપરાગત રમત મહોત્સવ
- ૧૮/૧૧/૨૦૨૬ મહિલા સભા

ગરિમામયી ઉપસ્થિતિ

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
તારીખ : ૧૫ નવેમ્બર, ૨૦૨૬ | સ્થળ : છોટાઉદેપુર

શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
તારીખ : ૧૫ નવેમ્બર, ૨૦૨૬ | સ્થળ : વલસાડ



"ભગવાન બિરસા મુંડાનું બલિદાન આપણી પ્રેરણા છે, આદિવાસી સમાજનું સશક્તિકરણ આપણું લક્ષ્ય છે અને વિકસિત ગુજરાતનું નિર્માણ આપણો સંકલ્પ છે."
- હર્ષ સંઘવી (નાયબ મુખ્યમંત્રી, ગુજરાત)